


લીયો મઝહબમાં જન્નત

THE CONFERENCE OF RELIGIONS AND EXTRACTION OF WORLD

કાંનફરાંસે મઝાહેબ.

જંવહરે દુનયા

અથવા

ફીલસુફી યે યુસુફી

૭૧૨૫

મુસંનેફ

હાજી યુસુફ સાલેહ પુ રાંદેરી

શને ૧૩૧૬ હીજરી અને શને ૧૮૯૯ ઈસવી.

કીંમત મુસંનેફને દુઆ આપવી

સુરત ''ખોદાબક્ષ પ્રેસ,

TAKE PARADISE IN GRATIS

શરૂ અલ્લાહના નામથી જે મોહટો મેહરબાન ઘણો રેહમવાળો.

સરવે તારીફ લાએક અલ્લાહ તઆલાની જાત છે અને તે અલ્લાહ કે જે અખલો સરવેનો પેદા કરનાર જીવતો સરવે શકતીવાન દાનો સરવેને જોનારો, સાંભળનારો, ન તેનો ભાગયો, ન કોઈ તેને જેહવો, ન તેના માબાપ, ન બઈરી, ન છોકરાં, ન તે અરજ ન જંવહર. ન તેના હુકમથી કઈ બહાર, ન તેનો જમાનો, ન તેનું ઘરબાર બલકે તે દરક અમારા વહેમ અને ગુમાનથી પાક છે અને સલામ થાઈ તના સરવે આગલા પેગમબરો અને તેવણના મદદગારો અને તાબેદારોપર અને ખાસ કરી દરૂદ અને સલામ થાઈ તેના છેલા પેગમબર સયદના મોહમમદ અને તેવણની અવલાદ અને અસહાબો અને ઉંમતયો સરવેપર કયામત સુધી આમીન.

એ પછી અલ્લાહ તઆલા પોતાનો પેગમબર હજરત મોહમમદ સલલલાહો અલેહે વસલ્લમની મારેફત પોતાના પાક કુરઆન શરીફની સુરા બકરના રકુ ૩ મો પોતાના બંદાઓને સીખામણ અને ચેતવણી આપે છે કે ઓ લોકો બંદગી કરો, પોતાના પાલનારની જેણે પેદા કરયા તમોને અને તમારેથી આગલાઓને સાયદ તમો પરેજગારી પકડો જેણે બનાવી આપયુ, તમોને જમીનને બીછાણું અને આસમાન ઈમારત, અને ઉતારયું આસમાનથી પાણી, ફરી કહાડયા તેથી મેવા ખાવું તમારૂં તો ન ઠેરવો. અલ્લાહના બરાબર કોઈ અને તમો જાણો છો અને જો તમો છવ શકમો આ કલામથી જે ઉતારયું અમે મારા બંદાપર તો લઈ આવો એક સુરત એને જેહવી અને બોલાવો જેને હાજર કરો છો. અલ્લાહને સેવાએ જો તમો સાચા છો ફરી જો નહીં કરો અને બેશક નહીં કરી શકસો તો બાચો તે આગથી જેનું બળતણ છે આદમી અને પતથર તઈયાર છે. ઈનકાર કરનારાઓને માટે અને ખુશી સંભલાવ તેઓને જે યકીન લાવીયા અને કામ સારા કરયા કે તેઓને છે બાગ વહે છે નીચે તેને નેહરો જે વખત મલે તેઓને તેમાનો કોઇ મેવો ખાવાને કહે એ તેજ છે જે મળયો હતો અમોને પેહલા અને તેઓને પાસે તે આવશે એક તરેહનો અને તેઓને છે તેયા ઓરતો સુથરી અને તેઓને તેયાં હમેસા રેહવું છે. ફરી સુરા મોમેનુન ના રકુ ૧ મો પોતાની કારીગરી જતલાવે છે કે તાહકીક પેદા કીધુ અમે આદમીને ચુટેલા મટોડાથી ફરીપેદા કીધું અમે તેને એક ટીપુ મનીનું મજબુત જગયાના અંદર ફરી પેદા કીધું અમે મનીને લોહી જમેલુ ફરી પેદા કીધુ અમે લોહી જમેલાને બોટી ગોસની ફરી પેદા કીધું બોટીને હાડકાં ફરી પેહરાવી આપા. અમે હાડકાઓને ગોસ ફરી પેદા કીધું. અમે તેને એક નવી સુરતમો તો મોહટી બરકત અલ્લાહની જે સરવેથી સારૂ બનાવનારો છે ફરી તમો તેના પછી મરશો. ફરી તમો કયામતના દેવશે ઉભા કરવામાં આવસો.

ફરી સુરા બકરના રકુ ૨૦મા ફરમાવે છે કે તાહકીક આસમાન અને જમીનને બનાવવું અને રાત દહાડાને બદલતા આવવું અને વહાણ જે ચાલે છે દરયામાં સાથે તે ચીજોને કે કામ આવે લોકોને અને તે જે અલ્લાહ ઉતાર્યું આસમાનથી પાણી. ફરી જીવતી કરયા તેથી જમીનને મરી ગયા પછી અને ફેલાવ્યા તેમા સરવે તરેહના જાનવર અને ફેરવવું હવાઓનું અને વાદલા જે હુકમને તાબે છે. બેશક આસમાન અને જમીનના તરફોમાં નમુના છે અકલવાળાઓને.

ઉપર વાચનાર સાહેબોને માલુમ થાઇ કે આ ઉપલા કુરઆન શરીફની બાબત મારે લખવાની અને આ કીતાબ બનાવવાની મતલબ એ છે કે ખુદા તઆલાએ પોતાની બંદગી કરાવવાની અને તે મારફતે આકબતની નેકનામી, તેનુ હક ઓળખી ચીજોને અને તેના લોકોને જોઇને કરવાની છે પણ ઘણી અફસોસની વાત એ છે કે આ જમાનામાં [illegible] દુનયાનો એક તરફનો ભાગ તો દુનયાને [illegible] માહી અને ખુદાને [illegible] [illegible] નથી અને દુનયાનો [illegible] ભાગ તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેનુ અવતારો તેવુ માને છે અને [illegible] [illegible] ભાગ કેટલુ ખુદા [illegible] પેદા કરનાર માને છે [illegible] [illegible] [illegible] [illegible] પણ છે કે [illegible] તેમમાં મોહટા મોહટા [illegible] [illegible] [illegible] [illegible] તેઓ નહીં સમજી આવા [illegible] [illegible] પડી ગયા છે તો મને [illegible] રૂપમાથી આ વાતની [illegible] [illegible] કે આજ કાલના ઇલમ [illegible] સુધરેલા જમાનામા [illegible] દુનયાની દરેક બાબતોના [illegible] કરી તેનું ખરૂં ખોટું તપાસ કરી ચાલે છે તો એ માફક આ ખરાં ધરમની તપાસ કેમ નહીં કરી [illegible] અને ખુદાને તરફ [illegible] પામવાની કેમ દરકાર નથી કેમકે દુનયામા કેટલાક [illegible] ચાલે છે અને તે સરવે એક [illegible] જુદા અને ફેરફાર છે. અને તેમ છતા તે સરવે સાચા મનાય છે તો તે [illegible] કંઇ તપાસ નહીં કરી પોતાની આ કિસ્મત કેમ ખરાબ કરતા જાય છે તો એ બાબતમાં લોકોને કંઇ સમજુતી મારી સમજ મુજબ આપું અને હાલ એવી કેટલીક કાનફરશો એ બાબતની અમે [illegible] ચીકાગોમાં અને અજમેરમાં અને લાહોરમાં થઇ હતી પણ તે સરવે નકામી જેહવી હતી. જેની સમજુતી પાછલા ભાગમાં હું આપેસ. કેમકે એ સરવે મજહબો તો સાચા થઇ શકતાજ નથી તેમ [illegible] પણ એકુ બીજાનું ધરમ ખોટુજ માનએ છઇએ અને [illegible] માનવું પણ વાજબીજ છે અને કેટલાક તો સરવે ધરમ સાચા માની પોતાનાજ ધરમપર ચાલે છે તો એ પણ ખોટુંજ છે. કેમકે એક ખુદાની તાબેદારી અને તેના કાયદા સરવેને માટે એકજ હોવા જોઇએ પણ અમો જોઇ રહેલા છઇએ કે દુનયામા કેટલાક તો ખુદાને માનતાજ નથી અને દુનયાને આપોઆપ હમેશાથી [illegible] હોવાનુ અને હમેશા એમજ રહેવાનું માને છે અને કેટલાક તો ખુદાને કંઇ નહીં કરનારો અને તાસીરોથી સરવે પેદા થવાનું અને

કરણી પરમાણે દુનયામો અવતારો લેવાનું. અને આદમી ખુદા જેહુવા થવાનું અને દુનયા હમેશાંથી હોવાનું માને છે અને કેટલાક તો ખુદા અને રૂહ અને જરરાહો હમેશાંથી હોવાનું અને રૂહ અને જરરા હથી દુનયામો સરવે પેદા થવાનું અને આદમીને મરીને કરણી પરમાણે દુનયામાં પાછા અવતાર લેવાનુ માને છે અને કેટલાક તો એક નીરગુણના ત્રણ ગુણ થઇ જીસમો લેવાનું અને એ ત્રણ મળીને એક ખુદા હોવાનું અને વખતો વખત તેઓનું જુદી જુદી તરેહના જીસમો લઇ દુનયામાં પેદા થવાનું અને આદમીને મરીને કરણી પરમાણે દુનયામો અવતારો લેવાનું માને છે અને કેટલાક તો એક ખુદા માની પછી એક બીજાના મુકાબલામો એક સારા કામો અને બીજો બુરા કામો પેદા કરનારા માને છે. અને કેટલાક તો ખુદાને કંઇ નહી કરનારો અને કરણી પરમાણે અવતારો લેવાનું અને સરવે ધરમ કઇ ભુલો સાથે ખરા હોવાનુ અને પોતાની પસંદ પડતી વાતો પરમાણે ચાલવાનું માને છે અને કેટલાક તો ખુદા માની પોતાની અકલ પરમાણે મન માફક હરવી ચાલવુ માને છે. અને કેટલાક તો એક ખુદા હોવાનુ અને તેના છોકરા હોવાનુ અને તે ખાતો પીતો બગીચામો ફરતો થાકતો પસતાતો ડોસો થતો માને છે. અને કેટલાક તો બાપ દીકરો અને રૂહુલકોદોસ, એ તરણે મળીને એક ખુદા હોવાનુ અને એવોનુ જીસમો લઇ પેદા થવાનું અને સરવેના પાપનો ભારો એકલો તેરાનું માને છે અને કેટલાક તો એક ખુદા એકલોજ હોવાનું અને તેનો ભાગયો કે તેને જોડો કે તેના મા બાપ કે તેની બઇરી છોકરા નહી હોવાનું અને તેનાજ હુકમથી સરવે પેદા થવાનું અને તે હમેસાંથી છે અને હમેસાં રેહવાનું અને આદમીને મરીને દુનયામો પાછો અવતાર નહી લેવાનું અને સરવે આગલ પેગમબરોને બદલાવી છેલા પેગમબર અને છેલી કીતાબ પરમાણે ચાલવું માને છે તો એ સરવે ધરમ તો ખરા થઇ શકતાજ નથી અને એ સરવેનો હાલ આગલ હું બતાવી આપિસ તો આ ઉપરથી જરૂર થયું કે દુનયામો અમો જેમ બીજી સરવે ચીજોની તપાસ કરી ખોટું મુકી ખરાને અખતીયાર કરએ છઇએ. તેમ મજહબોની પણ તપાસ કરી ખરૂ માની લઇ બીજાઓને પણ તે પરમાણે ચાલવાની ભલામણ કરવીજ જોઇએ અને એ બાબત તપાસવું કંઇ મોટી વાત નથી. કેમકે ખુદા તઆલાએ અમોને તે અકલ આપેલી છે કે જેથી દુનયાની સરવે ચીજોની તપાસ કરી સકએ છઇએ. તો મજહબતો અમારા સમજવાને માટેજ ખુદા તઆલાએ બનાવેલી છે તો એને તો જરૂરજ અમો સમજી શકવા જોઇએ બલકે આ મારી એક નાની કીતાબથીજ ખુદા ચાહસે તો સરવે સમજી શકસો કેમકે, એમો હું એક આઓના મજહબની માફક બતાવી આપિસ. કે જેથી સરવે કોઇ વાકેફ થાઇ અને દુનયામો જેટલા કામો છે તે સરવેમો એજ પેહલું અગતનું માણસનું કામ છે કેમકે દુનયામો કેહેવાતી પઇસાવાળા ઊમેદવાર કે ગવરનર કે બાદશાહ થાઇ પણ એ સરવેને મુકી

કઈ થોડા વખતમાં એક સમણાના માફક જીવીને મરી જવું છે અને તેયાં હમેસાં રેહવું છે તો જો તે ખોટાજ મજહબપર ચાલી મરયા હોઈ તો પછી તેના તેયા શું હાલ અને તે તેયા શું આપીને છુટકારો પામશી કેમકે તેની સરવે ચીજો તો અહીયાજ રહી જશે ના તે તેયાં હમેસાની સજામોજ રેહનારો થશે અને જો જેને અહીયા સુખ મળયું હોઈ તેને તેયાં પણ સુખ મળવું હોઈ તો ફરી સરવે ધરમમા તેવા લોકો છે તો ફરી ખુદા તઆલાનો ઇનસાફ શું રહે કે તેને માનનારા અને નહી માનનારાઓને પણ ખરા ઠેરવે પણ ખુદા તઆલા મોહટો આદેલ છે. અને દુનયાનું સુખ દુખ કંઈજ નહીં પણ એક થોડા વખતનું ખીયાલી છે. અને તે અહીંયા ભલા અને ભુંડા સરવેપર પોતાનો આફતાબ એક સરખો ઉગાડે અને આથમાવે છે અને સરવેપર પોતાનો વરસાદ વરસાવી એજ અનાજ પાણી અને કપડાથી સરવેનુ પોસણ કરેછે. અને એમો અમારી એક અજમાયસ છે કે સુખ અને દુખમો તે માલેકની કેહવી તાબેદારી કર છે અને કેહવા મારગે ચાલે છે અને અમો અહીંયા એક ગુલામ તરીકે આવીયા છએચ અને અમારી મરજી મમાણે ચાલી એસ આરામ કરવા બેસા નથી પણ માલેકના હુકમની તાબેદારી કરવા આવીયા છએચ કારણ કે ગુલામનું તેજ કામ છે કે માલેકની તાબેદારી કરવી અને તેની મુદત પુરી કરયા પછી તેનો બદલો અને બખસીસ અને નાફરમાનીની સજા તે માલેકને પાસે ગયા પછી મલવાની છે અને તે માલેક સરવેના કામોનો બદલો તેયાં આપનારો છે અને અહીયા જે સરવેનું તે માલેક પોસણ કરે છે તો ગુલામનું પોસણ કરવું તો માલેકનાજ ઉપર રહે છે. અને એની મીસાલ એમ સમજવું જોઈએ કે બાદશાહની રઇયતમાંથી ગુનેગારનુ પણ બાદશાહજ રક્ષણ કરે છે. તો પછી જેણે સરવેને પેદા કરયા છે તેને તો સરવેનું રખ-સણ કરવુંજ જોઈએ તો માણસને જરૂર છે કે માલેકનો તેના ઉપર શું હુકમ છે તેની તપાસ કરી તે પરમાણે બજાવી લાવે અને એ વગર પોતાની મરજી પરમાણે અથવા કોઈ બીજાની તાબેદારી કહેવીભી કરે તો તેથી તે માલેકની ફરમા બરદારી કરવી કદી થઈ શકેજ નહી. અને માલેકના હુકમમો અમોને કોઈ હુકમ જો માઠો લાગે તોપણ તેમા અમારી અકલનો દખલ નહીં આપના તે કબુલવોજ જોઈએ કેમકે માલેક કોઈ દહાડે માઠો હુકમ આપેજ નહી પણ અમારી કમ અકલ તેની સરવે ખુબી સમજી શકે નહી. જેમકે હકીમની દવા કોઇ ઘણી કડવી હોય છે પણ તેનો ગુણ હકીમ સમજીનેજ આપેછે. અને તેથી મોહોટા ફાયદા થાય છે. અને તે દવા પીધાથી કે નહીં પીધાથી હકી મને કંઇ નફો નુકશાન થતુ નથી પણ દરદીનેજ તેનો નફો નુકશાન થાય છે. તો તેમજ ખુદાની તાબેદારી કરવાથી અને નહી કરવાથી ખુદાને કંઇ નફો નુકસાન થતું નથી પણ તેનો બદલો અમોનેજ મલવો છે અને માલેક ફક્ત પોતાની ખુદાઈ અમો ઉપર જાહેર કરવા માટે અમોને પેદા કરયા છે તો આજે દુનીયામાં આપરે ડાહોડ અબજ માણસ ગણાઈ

છે. અને એ સરવેને જો એકસો વરસમા મરી જનારા ગણીએ તો દર મીનીટે આસરે ૩૦ માણસનો અવરેજ મરણ પામે છે. અને તેમાથી એક જ મજહબવાળા ખરા મારગપર ચાલનારા થઈ છુટકારો પામનારા થાય છે અને બાકીના બીજા સરવે મજહબવાળા ખોટા મારગપર ચાલનારા થઈ વગર ફાયદે જહંનમમા દાખલ થતા જાય છે તો જરૂર અમારી ફરજ છે કે અમો અસલ એક માબાપથી પેદા થએલા ભાઈ બેન છઈએચ. મીસાલ એક ઝાડનાં ફલોને પણ તેની ડગાળીઓ એક બીજાથી આઘે અને જુદી પડવાથી પોતાની અસલ સગા પાને ભાઈ બેનપણું ભુલી ગયા અને તેમાથી શેતાનના ભોળવ્યાથી એક બીજાથી છુટા પડી ભુલા પડી ગયા.છે તો તેઓને એક ખરો મારગ દેખાડી તે દુખમાથી સમજુતી આપી કહાડવાજ જોઇએ. અને તેમા બને તેટલી જાતની મેહેનત અને પઈસા ખરચવાજ જોઇએ. એજ અમોને આખર કામ આવશે અને એ સેવાએ દુનીઆની કોઇ ચીજ કામ નહી આવશે તેની મીસાલ જેમકે મટોડુ પડેલા પતથરપર બી રોપે તો તે ઝાડ તો થશે પણ થોડા દીવસમા તેના ફળ મલયા વગર તે મરી જસે પણ જે બી કે મટોડામાજ રોપે તેનાજ ફળ હાસલ થાય છે. તો એવાજ હાલ દુનીઆની એસમા પઈસા ખરચવાનો છે કે એમાનું કઈજ તેયાં કામ નહી આવશે તો ધરમને સુધારવા કરતા દુનીઆમા બીજુ કોઇ કામ મોહટું નહી છે જેથી મારા દીલમા જે એક વલવલો હતો તે માટે સરવેનું ભલું ઇચછી મારી એક ફરજ અદા કરવા હાલના ચલાણ પરમાણે કેટલાક સવાલો લખી તેના જવાબો મારી સમજ પરમાણે આપી જાહેર કરૂં છું. અને એ સવાલોના જવાબો હું ત્રણ ત્રણ તરેહથી એટલે ઇલમની અને મીસાલી અને ફલસફી દાખલાઓથી આપેસ એ એટલા માટે કે સરવે કોઈ સમજી સકે કેમકે જે ફલસફી સમજી સકે છે તે કમ ભણેલા સમજી શકતા નથી અને જે કમ ભણેલા શમજી શકે છે તે અભણ સમજી સકતા નથી તો એથી જેવાજબી અને ખરૂં હોય તે માનવુ જેથી મરતબાંજ જંનત લેવુ છે અને જો ખોટુંજ હોય તો મેહરબાની કરી એનો જવાબ આપી એહસાન કરવુ જેથી બીજાનુ પણ ભલુ થાય અને હું કંઇ તેવો વીદવાન કે ફીલસુફી નહી, છું. પણ દુનયાના મોહોટા મોહટા વીદવાન અને ફીલસુફો તે એટલી સુધી કે ગીરીકના મોહટા મોહટા ફીલસુફો અને દેહેરપા અને બુધાસો અને બીજા સરવેએ પોતાની કીતાબોમાં કઇ પણ લખયું હોય પણ તેઓ સરવેએ દુનયામાં જે જે વાતોને હક ઠેરવી તેમ ચાલવું, અખતીઆર કરેલું છે. તેવા દાખલાઓ હું એમા લખી જાણાવેસ કેમકે જે એને નહી માને તો ફરી તેઓનુ એ પરમાણે હક ઠેરવી ચાલવું પણ ખોટુ છે. પણ દુનયામા તેને કોઇ ખોટું કહેતું નથી. અને એથી વધારે વાકેફ થવું હોય તો મારા શફીક રફીક મવલાના મોલવી હાફેજ ગુલામ મોહમદ બી૦ હાજી હાફેજ આદેક સાહેબની બનાવેલી કીતાબ ફીલસુફીની કસોટીમાં જુવો, જેની બારીક ફલ

એવી દલીલોથી હીનદુ પારસી નસારા બુદ્ધીસ વગેરે લાજવાબ થઈ ગયા છે અને કોઈએ તે ઉપર કલમ ઉંચકયુ નથી. અને તેથી પણ વધારે વાકેફ થવું હોય તો કીતાબ સરેઓવાકેફ અને સરે અકાસેદમાં જુવો જે અરબી ભાષામા છે પણ તેટલી બારીકી સરવે નહી સમજી શકવાથી હું આ કીતાબમા દરેક સાહેબ સમજી શકે તેવી મોહટી ચાલુ દલીલો લખી જણાવેસ કેમકે જેની દલીલોથી આમારી અકલ સમજી સકે. તમ તેમ સરવેને સમજાવું જોઈએ અને હું એમા જે ઈલજામી અને મીસાલી જવાબો આપુ તેને તેમજ સમજવુ નહીં. જેમકે માણસને વાઘ જેહવો કે સોના જેહવો કે હીરા જેહવો કહે છે. પણ તેમ તે હોતો નથી પણ એક સમજુતી તરીકે કેહવાઈ છે. તો તેમજ ખુદા તઆલાએ પણ પોતાની ખુદાઈ ઓળખાવવાના અને તેની તાબેદારી કરાવવાના નમુના દુનયામાંજ સરવે ચીજોમાં અમોને બતાવી આપયા છે તેમ હું મારી અકલથી લખી જણાવું છું અને ઘણુ કરીને હું એમો મીસાલો અને ઈલજામો દુનયાના કારીગરો અને બાદશાહોથી આપેસ કેમકે ખુદા તઆલા સરવેનો પેદા કરનાર કારીગર છે અને સરવેનો બંદોબસ્ત રાખી ચલાવનાર બાદસાહ છે. જેથી દરેક માણસે પોતાની હઠ ધરમી મુકી દીલગીર ઈનસાફ રાખી ધીયાન આપી વાંચવું જેથી એક ખરો મારગ દેખાઈ આવશે પછી તો સમજે તેની શઆદત અને નહીં સમજે તેની ખરાબી છે અને એમાં કોએ મારી ભાષાપર ટીકા કરવી નહીં કારણ કે હું કોઈ ગુજરાતી ઇસકોલમાં ભણેલો નથી પણ દેખા દેખી જે કાંઈ સીખ્યો છું અને જેહવી મારી ભાષા છે તેવી હું લખું છું જેથી ફક્ત મારા લખેલા દાખલાજ તપાસી જોવા કેમકે મને ફક્ત લોકોને જણાવવુંજ મનજુર છે જે નીચે પરમાણે છે.

૧ ખોદા છે તેની સાબેતી.

સવાલ શું ખુદા છે કેમકે હમો તેને જોતા નથી.

૧ ઈલજામી જવાબ દુનયામાં કોઈની મુલક બાદશાહ કે સરદાર વગરનું ચાલે છે? હોય તો બતાવી આપો અને નહીં તો આટલી મોહટી દુનયા કે જે બે હીસાબ બદેમરતને સાથે ચાલી રહી છે તે વગર ખુદાએ કેમ ચાલી શકે.

૨ મીસાલી જવાબ દુનયામો કોઈ ઘર અથવા કલને અમો જોઈ તેના બનાવનારને જોયા વગર હોવો માનએ છઈએય અને કોઈ તેને આપોઆપ થયેલું માનતું નથી અને તે એટલા સુધી કે એક પઈમો વેચાતી કારીગરીની ચીજને તેના બનાવનારનું મોહડું તો શુ પણ તેનું નામ અને ગામ પણ જાણયા વગર તેનો બનાવનાર હોવો માનએ છઈએય તો ફરી ખુદાતઆલાની કારીગરી કે જે એક બીયામો કરોડો એક પછી એક ઝાડો અને બે હીસાબ ફળો અને તરેહ તરેહના રંગના ફુલો અને પાંતરાંઓને સમાવેલી હીકમત અમો એકજ જમીનમાંથી જુદી જુદી મઝા અને સીફતોને સાથે તેની નેઅમ પરમાણે

નીકળતા જોઇ તેના બનાવનારને જોયા વગર માનવોજ જોઇએ.

૩ કુલસફી જવાબ દુનયાના દરેક વિદ્દવાન અને છાપા અને જોગરાફીયા જોનારાઓ સરવે આ વાત જાહેર રીતે જાણે છે કે દુનયામાં હમેશાં વસ્તી પતરકના હીસાબથી માણસનો વધારોજ થતો જાઇ છે અને તે એટલા સુધી કે તા૦ ૨ ફેબરવારી સને ૧૮૮૮ના દેશીમીતર છાપામાં સને ૧૮૧૦ની દુનીયાની કુલ વસ્તી પતરકના માણસો અડસેટ કરોડ વીસલાખ ૬૮૨૦૦૦૦૦૦ હોવાનું અને તઆર પછી સને ૧૮૭૦ની વસતી પતરકમાં તે વધીને એક અબજ ઓગણચાલીસ કરોડ દશ લાખ ૧૩૯૧૦૦૦૦૦૦ માણસો થવાનું છે અને હાલ તે વધીને સને ૧૮૮૬ની વસતી પતરકમાં લગભગ ડોહોડ અબજ ૧૫૦૦૦૦૦૦૦૦ માણસો ગણાય છે તેમજ જુદા જુદા ખંડોમાં સને ૧૮૭૦માં યુરોપની વસતી પતરક સતાવીસ કરોડ ૨૭૦૦૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૯૨માં પાંત્રીશ કરોડ તોતેર લાખ ઓગણએંસી હજાર ૩૫૭૩૭૯૦૦૦ માણસોની થઇ છે તેમજ એશીઆના વસતી પતરક સને ૧૮૭૩માં પાસેટ કરોડ ૬૫૦૦૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૯૨માં બ્યાહાસી કરોડ ઓગણસાઠ લાખ ચોપન હજાર ૮૨૫૯૫૪૦૦૦ માણસની થઇ છે તેમજ આફ્રીકાની વસતી પતરક સને ૧૮૭૦માં દશ કરોડ ૧૦૦૦૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૯૨માં સોલકરોડ ઓગણચાલીસ લાખ તેપન હજાર ૧૬૩૯૫૩૦૦૦ માણસની થઇ છે તેમજ અમેરીકાની વસતીપતરક સને ૧૮૭૦માં છ કરોડ ૬૦૦૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૯૨માં બાર કરોડ સતર લાખ તેર હજાર ૧૨૧૭૧૩૦૦૦ માણસની થઇ છે તેમજ જુદા જુદા દેશોની વસતી પતરક સને ૧૮૦૦માં ઇંગલાંડની કુલ વસતી સાઠ લાખ ૬૦૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૯૨માં તરણ કરોડ સાત લાખ ચાલીશ હજાર ૩૦૭૪૦૦૦૦ માણસની થઇ છે અને સને ૧૭૯૨માં ઉતર અમેરીકાની કુળ વસતી પંદર લાખ ૧૫૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૯૨માં ૭ કરોડ એંસી લાખ ૬૮૦૦૦૦૦૦ માણસની થઇ છે અને તા૦ ૧૯ જુલાઇ સને ૧૮૯૭ના મુંબઇસમાચાર ઉપરથી સને ૧૮૧૨માં રૂસની કુળ વસતી ચાર કરોડ દશ લાખ ૪૧૦૦૦૦૦૦ માણસની હતી અને તે વધીને સને ૧૮૫૧માં છકરોડ ૬૦૦૦૦૦૦૦ માણસની થઇ અને તે વધીને સને ૧૮૯૭માં તેરકરોડ ૧૩૦૦૦૦૦૦૦ માણસની થઇ છે અને માણસના વધવામાં તો કંઇજ સક નથી કેમકે એકજ હજરત ઇબરાહીમ પેગમબર અ૦ની અવલાદથી આજે લાખો અરબ અને ઇસરાઇલ થએલા છે અને જુદી જુદી જોગરાફીઆમાં ગણતરી નાક એક ફેરફાર હોય છે પણ તે સરવેમાં માણસનો વધારો તો થવોજ છે અને એવીજ રીતે દુનયાપી જનાવરો અને ઝાડો અને કુવાનો પણ વધારોજ થતો જાય છે અને તેની ગણતરી તો અમોએ કરેલી નથી પણ જો અમો એક જોડુ કાંઇ જનાવરનુ પાલીએ તો એક મુદતમાં તેના કંઇ જનાવરો થાય છે. તેમજ

એક બી ટેપીએ' તો એક મુદતમાં તેના કંઈ ઝાડો અને બીયા થાય છે જેની હકીકત ગોવાળીયા અને ભરવાડ અને ખેડુતોથી જોઈ લીધા કે એક મણ ગહું કે જુવાર ઓરેથી દર વરસે ૭૦–૮૦ મણ અનાજ પાકી અને થોડા જનાવરોથી દરવરસે સાઓ જનાવરો વધીને ખવાતા જાય છે તો સાબેત થયું કે એ સરવે ચીજો હમેસા વધતીજ જાય છે તો કુલસરાનો કાયદો છે કે કોઈ ચીજ આપોઆપ વધી નહી સકતી જે થા સુધી કે કોઈ તેને વધારનાર નહી હોઈ અને જે વધતુ જતુ હોઈ તે સરૂમાં એકજ હોય જેમકે એક ઝાડની હજારો ડહાલીયો એક એકમાંથી નીકલે છે પણ તેનું થડ એકજ હોય છે તેમજ ટીપે ટીપે સરોવર અને કાંકરી કાંકરીએ ડુંગર થાય છે'તો એ વધારનાર સેવાએ ખુદાતઆલાને કોઈજ નહી થઈ સકતુ દાખલા તરીકે દુનયામાં સરવે પણીઆ મરદ ઓરત એક મુદતસુધી બરાબર પોતમા મલે છે અને તેમાં કેટલાકોને તો વરસો વરસ અવલાદ થાય છે અને કેટલાકોને બે ચાર વરસે થાય છે અને કેટલાકોને એકજ અવલાદ થાય છે અને કેટલાકોને પાંચ દસ થાય છે અને કેટલાકોને તો થતાજ નથી તો એ મલવા છતા મુદતમાં અને અવલાદમાં વધઘટ કરનાર હોવોજ જોઈએ અને જે કરે છે તેજ સરવેનો ખુદા છે અને નહી તો અટકાવ કેમ થઈ સકે તેમજ એની કે જયાં સુધી તેને કોઈ પાણી પીવાડે નહી ત્યાં સુધી કદી ઉગે નહી અને જો કહો કે વરસાદ આપોઆપ વરસી ઉગાવે છે તો પછી વરસાદ વધઘટ પડી દુકાળ સુકાળ નહી થવો જોઈએ પણ જયારે દુકળા સુકાળ થાય છે તો સીદ થયું કે સરવેનો વધારનાર ઘટારનાર ખુદાતઆલાજ છે તો એ સરવે વધતા જતા માંથી કેટલો પણ વધારો એક પછી એક બાદ કરીયે તો આખર જોડાથી પેદા થતુ દરેક કીસમનું એક એક જોડુ યાને માણસ અને જનાવરોનુ અને એક એકથી પેદા થતુ સરવે તરેનુ એક એક ઝાડ આખર રહી જાયછે અને તે અતયાર સુધી જીવતા નહી રેહા સરવે મરી ગયા છે અને તેઓનીજ અવલાદથી જનમ અને મરણ પામતા. આજે દુનયામાં આસરે ડોઢ અબજ માણસ થયા છે અને એમજ જનાવરો અને ઝાડો પણ હાલ છે તો કુલસરાનો કાયદો છે કે જે ચીજો મરે તેને તેથી આગલ પેદા થવુ જરૂર છે. અને તેની સાબેતી તેઓની અવલાદથીજ થાય છે કે તેઓ પેદા થતા જાય છે અને મરણ પામતા જાય છે તો તે છેલા સરૂના મરેલાઓનો કોઈ પેદા કરનારો હોવોજ જોઈએ તો જેણે તેઓ સરવેને પેદા કરયા છે તેજ સરવેનો ખુદા હમેસાથી હોવાનો અને હમેસા રેહનારો છે જે પોતાને જેહવો બીજો પેદા નહી કરી સકનો કેમકે પેદા કીધેલો પેદા કરનારને જેહવો કદી થઈ સકતોજ નથી.

૨ ખુદા કેહવો છે તેનો જવાબ.

સવાલ સું ખુદા કેહવો છે કેમકે અમો તેને જાણતા નથી.

૧ હલામી જવાબ જો પેદા કીધેલી ચીજ પેદા કરનારને જેહવી થઈ સકતી હોઈ તો બતાવી આપો અને તે છતા જેનેતઓએ

જાણ્યા નથી પણ તમોએ જાણ્યું જેમકે ખાટું ખારૂં મીઠું ફીકુ કડવું તુરૂં ખુશબો બદબો ખુસી ગમી દરદ અવાજ વગેરેની હકીકત કહવી છે તે બતાવી આપો અને નહી તો એનો પેદા કરનાર કેમ જાણી સકાઈ.

૨ બીસાલી જવાબ દુનયામાં જેટલી ચીજો કારીગરોએ બનાવેલી છે તેમાંની કોઈ ચીજ તેના બનાવનારને જેવી થઈ સકતી નથી તો ફરી ખુદાતઆલાએ બનાવેલી ચીજો પણ તેને જેહવી કેમ થઈ સકે.

• ૩ ફલસફી જવાબ ફલસફાંનો કાયદો છે કે જે ચીજ એક વખત માં નહી હોય અને ફરી તે થાય અથવા જેની હાલત ફેરફાર થાય અથવા નાબુદ થાય તો તે કરનાર વગર નહી થઈ શકતું અને તે કરનારને જોયા વગર માનવોજ જોઈએ તો દુનયામાં અમો સરવે એક વખતમાં નહી હતા અને ફરી એક બીજાથી જુદી જુદી સુરતોમાં થયા તેમજ છોકરા જુવાન ડોસા થઈને નાબુદ પણ થતા જાય છે તો એનો કરનાર કોઈ હવોજ જોઈએ અને તે કેહવો છે તે જાણ્યા વગર તેને માનવોજ જોઈએ.

૩. દુનયા પેદા થયલી છે તેની સાબેતી.

સવાલ સું દુનયા હમેસાથી એમજ નહી છે કેમકે અમો એને એમજ જોઈ રહેલા છઈએ

૧ ઇલજામી જવાબ દુનયામાં જેટલી કલો કે કારખાના ચાલે છે તેમાંની કોઈ કલ કે કારખાનું એવું ચાલે છે કે જે બનાવેલું નહી હોય અને તેમાં તરેતરેનો માલ બનતો હોય તો બતાવી આપો અને નહી તો દુનયા કે જે એક કારખાનું છે અને એમાં તરેહતરેહની ચીજો પેદા થાય છે તો તે બનાવીયા વગરની કેમ થઈ શકે.

૨ બીસાલી જવાબ દુનયામાં જેટલી ચીજો કારીગીરીની બનેલી છે તેમાની કોઈ ચીજ કારીગરના બનાવયા વગરની બનેલી નથી તો ફરી દુનયા કે જે એક પાણીનો ગોલો બની જેનો ઘેરાવો જોગરાફી પાના હીસાબથી ૨૪૮૯૯ મેહેલનો અને એનો વચલો દલ ૭૯૨૫ મેહેલનો અને એનો કુલ ચોરસમેહેલ ૧૯૬૫૦૦૦૦૦ છે અને તેપર જમીન ૫૧૫૦૦૦૦૦ ચોરસ મેહેલ છે અને બાકી દરયા ૧૪૫૦૦૦૦૦૦ ચોરસ મેહેલ છે અને તેનુ મોઅલ્લક રહેવું અને તેના ઉપર ચોતરફ અમો અને અમારા ઘરબાર સરવેનું વલગી રહેવું છે. અને ઉપર પેહલું આસમાન યાને ચાંદ દુનયાના વચથી ૨૪૦૦૦૦ મેહેલ આઘે છે અને ચાંદ દુનયાના ગોલા કરતા ૫૦ ગણોનાનો છે જેનો ઘેરાવો ૬૪૮૦ મેહેલનો છે અને સુરજ જમીનના વચથી ૯૫૦૦૦૦૦૦ મેહેલ આઘે છે, અને સુરજ દુનયાના ગોલા કરતા ૧૩૦૦૦૦૦ હીસા મોહટો છે જેનો ઘેરાવો ૭૭૦૮૦૦ મેહેલનો છે તેમજતારાઓ સરવેનુ જુદી જુદી ચાલોમાં ચાલવું અને રાત દેવસનુ થવું તેમજ વાદળાં વરસાદ ઉનાળો તહાડ હવા બરતી બાદ વગેરેનું જુદી જુદી વખતોમાં જુદી જુદી તરેહ થવું છે તો એ સરવે બનાવનાર વગર કેમ થઈ સકે.

૩. ફુલસફી જવાબ ફેલસફાને: ફાયદો છે કે જે ચીજ વધતી જતી હોઇ અથવા તેની ગણતરીમાં વધારો થતો હોય તો તે આગલ અરનાં થોડી અથવા એક હોવી જોઇએ જેમકે એક વગર સો કે હજાર કે લાખ થઇ સકતા નથી તો પહેલી સાબેતીમાં હું લખી ચુકયો છું કે દુનયામાં વસતી પત્રકના હીસાબથી હમેસા માણસનો વધારોજ થતો જાય છે અને એ વધવામાં તો કઇજ સક નથી જેના દાખલા હું આગળ લખી ચુકયો છુ પણ આ જગયા ફકત આઇજ દેસ હીનદુસતાનનાજ કેટલાક દાખલા લખી જણાવું છું, કે જેથી અહીયાના લોકોને વધારે ખાતરી થાય જુવો સને ૧૮૮૦ની જોગરાફીમો હીનદુસતાની આગલી વસતી ૧૮૦૦૦૦૦૦૦ની છે અને તે પછી તે વધીને સને ૧૮૮૧ની વસતી પત્રકમાં ૨૫૮૨૯૨૦૦૦ની થઇ છે. અને તે વધીને સંને ૧૮૯૨ની વસતી પત્રકમાં ૨૯૭૨૦૭૦૪૦ માણસ થવાનું છે જેમાં લગભગ દર દસ વરસે જનમ અને મરણ પામતા ત્રણ કરોડ માણસ વધયાછે તો એ વધારો ગયા દસ વરસમા સેંકડે આસરે ૧૦ ટકા જેટલો થયો અને આખી દુનીયામો આજે આસરે દોહોડ અબજ માણસ ગણાઇ છે જેને ખાતરી કરવી હોઇ તેણે જુદા જુદા વખતોની જોગરાફીયો તપાસી જુવો અને એ ૧૦ ટકાના વધારાની જગયા આખી દુનીયામો દર દસ દસ વરસે સરાસરી સેંકડે અઢી ટકા નોજ વધારો થવાનો રાખીને આજ-ના ડોહોડ અબજ માણસો માથી દર દસ દસ વરસે સેંકડે અઢી અડી ટકાનો વધારો થતો એક પછી એક બાદ કરતા જાએ તો આખરમો એક જોડુ માણસનુ રેહતા આજથી આસરે છ સાત હજાર વરસ આગલ દુનીયામો માણસ પેદા થએલા નહી થઇ સકતાં અને જો એથી બમણા માણસ દુનયામો હોવાનુ કોઇ અટકલથી કહે તો મે જાહેરમાં દસ ટકાના વધારાની જગ્યા અઢીજ ટકા બાદ કરવાનું લખ્યું છે તો તેની જગ્યા પાંચ ટકા બાદ કરતા જસો તો પણ એજ સાત હજાર વરસ થવાના અને એનેજ મલતું તા૦ ૨૮ જુલાઇ સને ૧૮૯૮ ના મુંબાઇ સમાચારમા કોઇ વીદવાનનુ કહેવું પણ લખ્યું છે કે સરાસરી દર ૨૬૦ વરસે દુનયામા માણસોનો બમણો વધારો થાઇ છે અને એનેજ મલતુ યહુદીયો અને ક્રીસતીયોની બાઇબલ અને મુસલમાનોની તવારીખોમાં પણ હજરત આદમ અને હવા આ૦ નુ જેવાણુથી અમો સરવે પેદા થએલા છઇએચ તેવાણુ પેદા થવું છે તો ફરી દુનયા હમેસાથી એમજ હોવાનુ ઉપલા હીસાબથી ખુલી રીતે બાતેલ છે અને એવોજ હાલ જનાવરો અને ઝાડોનો પણ છે કે એ સરવે વધતાજ જાઇછે તો એમાથી પણ કેટલો વધારો એક પછી એક બાદ કરતા જાએ તો આખર એક વખતએ એ સરવે થોડુ યાને દરેક કીસમના જનાવરોનુ એક એક જોડુ અને દરેક તરેના ઝાડોનુ એક એક ઝાડ રેહતા તેથી આગળ દુનયામે જનાવરો કે ઝાડો પેદા નહીં થઇ સકતા અને એને ગણવાની મીસાલ એમ સમજવી જોઇએ કે દુનીઆમા જેટલી વરેહના જનાવરો અને ઝાડો છે તે સરવેમાથી એક એક જનાવર અને ઝાડને અમો માટી

નાખચે. તો જરૂર તેમાથી તે એક એક કમતીજ થવું જોઈએ અને જે કમતી થાય તેનો છેડો આવવોજ જોઈએ અને હાલ જે કમતી નહી થતા તેનો સબબ એ કે તેને વધવાનો વખત મલે છે તો દુનયા હમેસાથી. એમજ હોવાનુ આ કાયદાથી વગર શક બાતેલ થઈ પેદા થએલી છે કેમકે જો દુનીયા હમેસાથી એમજ હોઈ તો હમેસા એવીજ રીતે સરભર અથવા માણસ જનાવરો અને ઝાડો મરીને એક બીજામા પેદા થતા હોય તો કહી તેઓમા વધારો અને કહી ઘટારો થવો જોઈએ પણ એ સરવેતો વધતાજ જાઈ છે તો એક બીજામા બદલાવુ અને દુનીઆ હમેસાથી એમજ ચાલી આવવું આ હીસાબથી અકુ બાતેલ છે જેમકે બે દુ પાંચના માફક કેમકે એ હીસાબ દેખાતો છે અને જે દેખીતુ હોઈ તેના ઉપર છુપો દાખલો આપવો બાતલ છે.

બીજો દાખલો એ કે જો દુનીઆમા હમેસાથી માણસ એમજ એક એકથી પેદા થતા આવોયા હોઈ તો દરેક માણસની એ એક લેનની લેન લાંબી થઈ કે જેનો છેડોજ નહી હોવાનો માનો તો જો તમારી લેનમાથી તમો એકને બાદ કરીએ તો તમારી લેન આગળ કરતા નાની થાઈ કે નહી જો નહી થાઈ તો ફલસફાના કાઈદાથી એક લેનમાથી એકને બાદ કરે તો પણ અને નહી બાદ કરે તો પણ બેવ હાલતમા બરાબર થઈ સકતી નથી જેમકે એક એકસોની લેન અને એક નવવાણુની લેન બેવ બરાબર કદી થઈ સકતી નથી અને જો તમો એકને તમારી લેનમાથી બાદ કરતા તે લેન નાની થતી હોઈ તો તેમજ એક એકને બાદ કરવાથી તે લેનનો છેડો આવીજ જશે અને એવોજ હાલ સરવેની લેનનો થશે તો ફરી દુનીયા હમેસાથી એમની એમજ ચાલી આવવું બાતેલ થઈ તેનો છેડો આવી ગયો જેમકે એક ગાડીમા બેહીસાબ ગણતરીનો અનાજ રહે છે પણ જો તેમાથી એક દાણો કહાડી નાખીયે તો તેમાથી તેટલો તે કમતીજ થવો જોઈએ અને જ્યારે કમતી થાઈ તો તેમજ એક એક દાણો કહાડવાથી તે ગાડીનો છેડો આવી જશે એમજ ઉપલો દાખલો સમજી લેવો.

તીજો દાખલો જો દુનીયામા એક જોડા માણસથી વધીને ઘણા માણસો થતા હોઈ અને તે પાછા ઘટીને એક જોડુ માણસનુ રહેતુ હોઈ અને એજ પ્રમાણે થયા કરતું હોય તો એની બે તરેહ થઈ શકે છે અને તે એ કે હમેસા તેથી બીજા નવા નવાજ પેદા થયા કરે અથવા તેના તેજ પાછા પેદા થાઈ તો પેહેલુ જો નવા નવાજ પેદા થતા હોઈ તો તે પણ એક તબકાઓની લેનની લેન લાંબી થઈ તો એમાથી પણ એક તબકો યાને એક જોડાથી શરૂ થઈને પાછું એક જોડું રહેવા સુધીનો બાદ કરીએ તો તે તબકાઓની લેન આગળ કરતા નાનીજ થાય અને જે નાની થાય તેનો છેડો આવવોજ જોઈએ અને જો નહી આવે તો ફલસફાના કાયદાથી એક કમતી તબકાની લેન અને એક પુરા તબકાની લેન બેઉ બરાબર થઈ શકતીજ નથી અને બીજુ જો એક જોડાથી તેને તેજ પાછા પેદા થતા હોઈ તો તેપણ એક દાહોરના માફક થયુ તો તેમાથી પણ એક દાહોર બાદ કરીએ

તો તે આગલા દોહોર કમતીજ થવા જોઈએ અને જે કમતી થાય તેનો છેડો આવવોજ જોઈએ તો આ દાખલાઓથી દુનીયાનુ હમેશાથી એમજ ચાલ્યું આવવું દરેક રીતે બાતલ થઈ પેદા થએલીજ છે.

૪ ખુદા કોઈથી પેદા નહી થએલો અને તેની અવલાદ નહી થવાની શાબેતી.

સવાલ—શું ખુદા અમારા માફક એક એકથી પેદા થએલો નથી. અને નહી તો તે કેમ થયો.

૧. ઇલજામી જવાબ—દુનીયામાં જે પેદા થએલા છે તે બીજાને પેદા કરી શકતા હોય તો બતાવી આપો. અને જો નહી પેદા કરી શકતા તો ખુદા જો એક એકથી પેદા થએલો હોય તો તે પણ બીજાને કેમ પેદા કરી શકે તે પણ અમારેજ જેહવો થાય.

૨. મીસાલી જવાબ—દુનીયામાં જેટલી ચીજો કારીગરોએ બનાવેલી છે તેમાંની કોઈ ચીજથી તેનો કારીગર પેદા થએલો નથી તો ફરી ખુદા કે જે સરવેનોજ પેદા કરનાર છે તો તે તેઓથી કેમ પેદા થઈ શકે.

૩. ફલસફી જવાબ—જો ખુદા એક એકથી પેદા થએલો હોય કે જેનો છેડોજ નહી હોવાનો માનો તો એ એક લાંબી હાર નો હાર થઈ તો તેમાંથી પણ આગળ પરમાણે એક બાદ કરીએ તો તે હાર નાનીજ થવી જોઈએ, અને જે નાની થાઈ તેનો છેડો આવવોજ જોઈએ તો જે છેલો હોય તેજ સરવેનો ખુદા છે.

બીજો દાખલો જો ખુદા એક એકથી પેદા થએલો હોય તો તે પણ એક લેનના લેન લાંબી થઈ કે જેનો છેડોજ નહી હોવાનો માનો તો જો કેહવીબી એક લેન સીધીને સીધી લાંબી હોય તો ફલસફાના કાયદાથી એક નાની લાકડી તે લેનથી તે લાકડીના માપ જેટલી આઘે તે લેનના માફક શીધી મુકવી કે તે લાકડીનો મુજરો તે લેન ઉપર જાય નહી અને ફરી તે લાકડીનું નીચલુ માથુ કાયમ રાખી ઉપલા માથાને જુકાવીને તે લેનના પેટા સાથે લગાડવું તો એક વખતમાં તે લાકડીનો મુજરો તે લેનથી અલંગ હતો અને ફરી તે લાકડીનું માથું લેનના પેટાથી લાગી ગયુ તો જ્યાં સુધી તે લાકડીના ઉપલા માથાનો મુજરો તે લાંબી લેનનુ નાકુ નહી પકડે તેપા સુધી તે લાકડીનું માથું તે લેનના પેટા સાથે લાગી શકતું નથી તો જે લેનનો છેડો નહી હોવાનો માનેલો યાને ખુદા એક એકથી પેદા થતો આનવાનું માનવું એ, ખોટું થઈ તેનો છેડો આવી ગયો અને જે છેલો સરવેનો પેદા કરનાર છે તેજ એખલો ખુદા છે—અને એજ દાખલાથી ખુદાની અવલાદ પણ થઈ સકતી નથી કેમકે જો તેની અવલાદ હોઈ તો ખુદા પણ એક પછી એકની અવલાદ થવોજ જોઈએ તો તેમ થવું ઉપલા દાખલાથી બાતલ છે અને એમ થવામાં એક બીજાનો મોહતાજ થાય છે તો જે બીજાનો મોહતાજ હોઈ અને પેદા થયલો હોઈ તે કદી ખુદા થઈ સકતો નથી.

તીજો કાએદો જો ખુદા એક એકથી વારા ફરતી પેદા થએલા હોઈ જેમકે હું મારા બાપથી પેદા થયો અને મારેથી મારો છોકરો પેદા થયો અને મારા છોકરાથી મારો પોતરો પેદા થયો અને મારા પોતરાથી પાછો મારો બાપ પેદા થયો તો એ એક ચકરડીના માફક થયું તો એ ફીલસ-ફીના કાએદાથી બાતલ છે કેમકે જો મારા પોતરાથી પાછો મારો બાપ પેદા થાઈ તો મારો પોતરો મારા બાપ કરતાં ત્રણ પેહેડી પેહેલા પેદા થવો જોઈએ તો એ કદી થઈ શકતુ નથી અને જે પેહેલોજ પેદા કરનાર છે તેજ સરવેનો ખુદા છે. અને અમારી પેદાયસનો પણ એમજ છેડો સમજવો.

૫. ખુદાના હુકમથી સરવે થવાની સાબેતી અને તગાદીરનો જવાબ.

સવાલ શું ખુદાના હુકમથીજ સરવે થાઇ છે કે આપો આપ એક એકની તાસીરથી સરવે થાઇ છે.

૧. ઇલજામી જવાબ દુનીયામા બાદસાહોનુ રાજ તેના હુકમથી સરવે ચાલે છે કે આપો આપ એક બીજો ચલાવે છે બતાવી આપો અને જો બાદસાહના હુકમથીજ સરવે ચાલે છે તો ખુદા જે સરવેનો હાકમ છે તો તેના હુકમ વગર કંઈ કેમ થઈ શકે.

૨. મીસાલી જવાબ દુનીયામા જેટલી ચીજો કારીગરો બનાવે છે તેમાની કોઈ ચીજ કારીગરના બનાવીયા વગર અને તેમા એક બીજા સાથે મેલવયા વગર અથવા હથયાર કે હાથ કે વખત કંઈ પણ લગાડયા વગર થએલી નથી અને તે પણ તે બનાવનાર ચાહે તોજ તે બને છે અને નહી તો તે બની શકતુ નથી તેમ એક કારીગર સેંકડો ચીજો બનાવે છે તો ફરી ખુદાએ પણ દુનીયામા એમજ એકને બીજા સાથે મલવાથી તરીજુ પેદા થવું રાખેલું છે અને તેમ થતા પણ ખુદા ચાહે તોજ તે થાઈ અને નહી તો કંઈ થઈ શકતુ નથી તો ખુદાજ સરવેનો કરનાર છે.

૩. ફીલસફી જવાબ જુવો કે એક વખતમાં અમો નહી હતા અને ફરી એક રીઠ જેવા થોડા પાણીથી કે જેમા અમારા જીસમનો કંઈ પતો પણ નથી મલતો તેમાથી હજારો હીકમતો સાથે જુદે જુદે વખતે પેદા થયા અને તેમ જુદે જુદે વખતે કોઈ કેટલી ઉમર અને કોઈ કેટલી ઉમરનો થઈ મરણ પામતા જાય છે અને તે પેદા થએલામા પણ કોઈ ઉંચો કોઈ ઠીંગણો કોઈ કાલો કોઈ ગોરો કોઈ મરદ કોઈ ઓરત કોઈનો કેહવો ચેહરો અને કોઈનો કેવો ચેહરો અને કોઈની કેવી અકલ છે તો એ સરવે પેદા થયા તેથી પાંચ દસ વરસ આગળ કેમ પેદા નહી થયા અને તેઓ કેમ એકજ દહાડે પેદા નહી થયા અને તેઓની કેમ સરખી ઉમર નહી થઈ અને કેમ એકજ દહાડે તેઓ મરણ નહી પામતા અને કેમ સરવે એકજ કદના અને એકજ રંગના અને એકજ ચેહરાના અને એકજ અકલના નહી થયા અને એ સરવેનો અટકાવ કોણે કરયો અને ફરી એના સાધનો કોણે જોડયા તેમજ તરેહ તરેહના અને રંગ બેરંગના જનાવરો અને તરેહ તરેહના ઝાડો

કંઈ કંઈ તરેહની પેદા થાય છે તેમજ દુનીઆની સરવે પેદા થતી ચીજો ચાર ચીજોથી યાને આગ પાણી હવા અને મટોડાથી મલીને થાય છે તો ફરી એ ચાર ચીજોથી લાખો તરેહની ચીજો કેમ જુદી જુદી તરેહની થાએ છે તેમજ એ ચાર ચીજો અસલ કેમ થઇ તો જરૂર થયું કે એ સરવેને જુદું જુદું કરનાર અને તેમ પેદા કરનાર કોઈ હોવોજ જોઈએ કેમકે ફીલસુફીનો કાયદો છે કે જે ચીજો નહી હોય અને ફરી તે જુદી જુદી તરે પર થાએ તો તે કરનાર વગર થઇ સકતી નથી. અને જો તાસીરોથી આપોઆપ સરવે થતું હોય તો કોઇ ચીજ યાને માણસ ઘોડો હાથી, કુતરૂ, બીલાડું, વાંદરૂ, ચીલ, કાગડો, ચકલું, કબુતર અને સરવે જાનવર અને ઘંઉ જુવાર, બાજરી, દાડમ; દરાખ, જામરૂખ, કેળાં, દોધી, વેગણ, કોહલું અને સરવે તરેના ઝાડો, ફલો અને જમીની બુટીઓ, વગેરે પોતાની અસલ હાલતપર કાયમ નહી રહી શકતે કેમકે તાસીરો કંઇ પોતે હદમાં રહી સકતી નથી અને તે જેને જેન સાથે એક બીજામાં મલતીઓ જાએ તેમ તેમ આગલી તરે નાસ પામી નવી નવી તરે પેદા થવી જોઇએ જેમકે સુફેદ રંગમાં કાલો રંગ મલે તો તેનો જુદો રંગ થાય છે અને તેમાં લાલ મલે તો [illegible] રંગ થાય છે અને તેમાં લીલો મલે તો તે જુદો રંગ થાય છે અને તેમાં પીલો મલે તો તે જુદો રંગ થાય છે તેમ. [illegible] તેમ તે જુદુંજ થવું જોઇએ પણ અમો માણસો, [illegible] વરસથી જોતા આવીઆ છઇએ કે દુનયામાં જે જે ચીજો પેદા થયતી આવી છે તેજ ચીજો હજી સુધી પણ પેદા થતી જાય છે તો જો તાસીરથીજ થતું હોય તો માણસ માણસ જેહવો અને ઘોડો ઘોડા જેહવા અને વાદરો વાદરા જેહવો અને જુવાર જુવાર જેહવી અને ઘંઉ ઘંઉ જેહવા અને બીજુ સરવે સરવે જેહવું નહી રહેત તો સાબત થયું કે તાસીરોથી આપો આપ પેદા થવું બાતેલ થઇ એ સરવેને તેની હાલતપર કાયમ રાખી એ સરવેનો પેદા કરનારો ખુદાજ છે. અને તેને સેવાએ કંઇજ થઇ શકતુંજ નથી.—

અને ખુદાતઆલાએ અમોને સારૂં માઠું જાહેર કરીને એક ઇરાદાનો અખતયાર આપયો છે જેમકે દુનયામાં બાદસાહો કાયદા જાહેર કરી આપે છે અને તેને સાથે અમારી અજમાયશને માટે કે અમો તેની તાબેદારી કરીએં છઇએ કે નહી એક નાફરમાનને શેતાન કરી અખતયાર આપીઓ છે કે જે અમોને ખોટા ખીયાલો આપે છે અને અમો એ ઇરાદો કરયા પછી પણ ખુદા ચાહે તોજ તે કામનું થવું પેદા કરી આપે તે તેનો અખતીયાર છે અને અમારા ઇરાદાની માંગ પરમાણે તે સારૂ પેદા કરી આપે તો તેની મેહેરબાની અને અમારી માંગ પરમાણે બુરૂ પેદા કરી આપે તો તેની નારાજી છે જેમાં તે મુનસફ થાય છે અને તેમ પેદા કરવામાં ખુદાને કંઇ એબ લાગતી નથી. બલકે તારીફને લાયેક છે જેમકે અમારા બદનમાં તેણે કંઇ કંઇ તરેના કામ આવતા અવેઓ એક બીજાથી આલા પાને પગ અને તેના તલીઆ અને ઝાડો પેસાબની જગા અને [illegible], છાતીઓ, હાથ, મોહનો ચેહરો, આંખ, નાક, કાન, મોહડું, દાંત જીભ અવાજ, માથું વગેરે બનાવ્યા છે. જેમાં હરેકનો દરજો અને કામો

જુદા છે, અને તે એટલા સુધી કે કેટલાક આજાઓ બીજાની નજરથી છુપાવવા પડે છે અને પગના તલીયાં હમેસા ધુલ કીચડ વગેરેમાં ચાલે છે અને માથું સરવેથી ઉપર સાહુતમાં રહે છે. તેમજ ઓરત મરદની ખીજમતગાર છે, તો તેથી ખુદાને કાંઈ એબ લાગતી નથી પણ જો એ આજાઓમાંનો કોઈએક આજો કોઈ માણસમાં નહીં હોય તો તે માણસ એબદાર ગણાઈ છે તો તેમજ ખુદાતઆલા સરવે સારૂ ભલુ પેદા કરી આપે છે અને અસલ વાત તો એ છે કે માલેક પોતાની ચીજને ચાહે તેમ વાપરે તેમાં તેને કંઈ એબ લાગતી નથી. અને અમો સું સું ઈરાદો કરસું તે પણ ખુદા પેહેલાથીજ જાણી ચુકયો છે અને તેમાં સું સું કામ કરો તે સરવે મુકરર થઈ ચુકયું છે અને તેમજ સરવે માણસ કરતા જાય છે જેથી ફરક કોઈ કંઈ કરી સકતું નથી તેમજ જે જે અમોને ચેતવણી આપવામાં આવે છે તે સરવે પણ આગળથીજ મુકરર થઈ ચુકયુ છે અને નહી તો તેના ઈલમમાં એબ આવે છે અને ખુદા એબદાર થઈ સકતોજ નથી એનુજ નામ તકદીર છે. અને ઈરાદો કરવો એ અકલમાં સમાયલો છે કે જેમ જેમ અમો વીચાર કરીયેં તેમ તેમ એક નવો ખીયાલ આવતો જાય છે અને તેમાં પણ ખુદા ચાહે તો સારો ઈરાદો આપે પણ તે બુરો ઈરાદો આપતો નથી, જે પોતાનાજ તરફથી છે.

૬ ખુદા બે કે ત્રણ કે તેનો ભાગયો નહી થવાની સાબેતી.

સવાલ સું ખુદા બે કે ત્રણ અથવા તેનો ભાગયો નથી અને તે થી સરવે પેદા થતું નથી.

૧ ઈલજામી જવાબ દુનયામાં કોઈ બી મુલકમાં બે કે ત્રણ કે ભાગયા બાદસાહ છે હોય તો બતાવી આપો અને નહી તો ખુદા બે કે ત્રણ કે તેનો ભાગયો કેમ થઈ સકે.

૨ બીજાલી જવાબ દુનયામાં જેટલા બાદસાહો છે તે સરવેની સલતનતની નીસાનનો એક એક વાવટો જુદો હોય છે તો ફરી ખુદા જો બે કે ત્રણ કે તેનો ભાગયો હોત તો તે સરવેની નીસાન એક બીજાથી વગર વાસતાની જુદી જુદી પેદા થએલી હોતે પણ આખી દુનયાને રાત દેવસમાં ચાંદ તારા અને સરવેને રોસન કરનાર અને સરવેને ગરમીની તાકત આપનાર એકજ સુરજની નીસાન બનેલી છે. તો એ સરવેનો પેદા કરનાર ખુદા પણ એકજ સેવાએ બે ત્રણ કે તેનો ભાગયો કેમ થઈ સકે અને જેમ બાદસાહોના જુદા જુદા કામોપર નાના મોહટા અમલદારો રાખેલા છે તેમજ ખુદાતઆલાએ પણ જુદા જુદા કામોપર નાના મોહટા ફીરસતાઓ કાયમ કરેલા છે કે જે તેના હુકમ સેવાએ કંઈજ નહી કરી સકતા કે જેથી સરવેપર તેની ખુદાઈ જાહેર થાઈ.

૩ ફલસફી જવાબ જો ખુદા બે ત્રણ કે તેનો ભાગયો હોઈ તો એક ખુદા બીજા ખુદાના કામોને કે તેના ભાગયાના કામોને અટકાવી સકે કે નહી જો અટકાવી સકે તો અટકનારો ખુદા નહી થઈ

સકતો અને જો નહી અટકાવી સકે તો નહી અટકાવનારો ખુદા નહી થઈ સકતો કેમકે ફલસફાના કાયદાથી જે વગર સકતીનો હોઈ અને બીજાથી આજીજ હોઈ તે ખુદા નહી થઈ સકતો તો જરૂર થયુ કે જે સરવે સકતીવાન હોઈ તેજ એખલો સરવેનો ખુદા છે.

૭ ખુદાના ભાગો નહી થવાની અને તેઓનુ જીસમો નહી લેવાની સાબેતી.

સવાલ શું ખુદાના ભાગો થઈ તેઓનુ જીસમો લઈ જુદા જુદા કામો કરવું નથી.

૧ ઇલજામી જવાબ દુનયામા કોઈ બાદસાહના ભાગો થઈ અને તેના જુદા જુદા જીસમો થઈ જુદા જુદા કામો કરનાર અને પાછા તે મલીને એક થઈ સકતા હોય તો બતાવી આપો અને નહી તો ખુદાના ભાગો થઈ તેઓનુ જીસમો લેવું અને પાછા તે મલીને એક થવું કેમ થઈ સકે.

૨ મોકાબલી જવાબ દુનયામાં જેટલી ચીજો કારીગરીની બનેલી છે. તે સરવેના સરૂ કહાડનાર એક એકજ કારીગર હોઈ છે તો ફરી દુનયા કે જે એકજ કારખાનુ બનેલું છે તો એના પેદા કરનાર પણ એકજ હોવા વગર તેના ભાગો થઈ જુદા જુદા કામો કરનારા કેમ થઈ સકે અને કારીગર જે એક પુરો જીસમ વાળો હોઈ છે. તો તેમ તે પેદા થયલો માપવાળો અને તે જગ્યા વગેરે સરવે ચીજોનો મોહતાજ થઈ મરણ પામનારો હોય છે તો ખુદા પેદા થવાથી અને જીસમથી અને માપથી અને જગયા અને બીજી સરવે મોહતાજીથી અને મરણથી પાક છે કે જીસમને માટે રેહવાની જગયા અને તેનું લાંબુ પોહોળું હોવુંજ જોઈએ તો ખુદા જીસમવાળો અને માપવાળો અને જગ્યાનો મોહતાજ કેમ થઈ સકે.

૩ ફલસફી જવાબ જો ખુદાના ભાગો થઈ તેઓ જીસમ લેતા હોય તો તે દરેક ભાગ પુરો ખુદા છે કે નહી જો છે તો તે દરેક એક બીજાના કામોને રોકી સકે કે નહી જો રોકી સકે તો ફલસફાના કાયદાથી તે દરેક રોકાનાર ભાગ ખુદાઈથી બાતેલ છે. અને જો તે સરવે મલેથી એક પુરો થતો હોઈ તો તે દરેક ભાગ અધુરો થઈ બીજાના મલવાનો મોહતાજ થયો તો જે બીજાનો મોહતાજ હોઈ તે ખુદા થઈ સકતોજ નથી તેમજ ખુદા પુરો જીસમ લેતો હોઇ તો પેહલા તો તે જીસમ લેવાનો મોહતાજ થયો અને ફરી થઈ સકે છે કે જીસમના કકડા થાએ તો તેથી તે દરેક કકડો અધુરો અધુરો ખુદા થયો અને જે અધુરો હોઈ તે કદી ખુદા થઈ સકતો નથી.

૮ ખુદાની સીફતો તેની જાતમાં હમેસાની હોવાની સાબેતી.

સવાલ શું ખુદા જીવતો જોનારો સાંભળનારો કલામવાળો ઇરાદાવાળો દાનો જે ચાહે તે કરનારો હમેસાથી એક સરખોજ છે.

૧ ઇલજામી જવાબ દુનયામાં કોઈ કારીગર જીવ વગરનો નહી

જોનારો નહી સાંભળનારો નહી કલામવાળો નહી ઇરાદાવાળો નહી કંઇ કરી સકનારો હોઇ તો બતાવી આપો અને નહી તો ખુદા એ સીફતો વગરનો કેમ થઇ સકે અને કારીગર જે પેદા થયલો છે. તમ તેના સીફતો પણ પેદા થયલી છે અને ખુદા જે પેદા થએલો નથી તો તેના સીફતો પણ પેદા થએલી કેમ થઇ સકે.

૨ મીસાલી જવાબ દુનયામા કોઇબાદસાહ નામનોજ સીફતો વગરનો નહી છે તો ફરી ખુદાતઆલા નામનોજ સીફતો વગરનો કેમ થઇ સકે.

૩ ફલસફી જવાબ જો ખુદા જીવતો જોનારો સાંભળનારો કલામવાળો ઇરાદાવાળો અકલવાળો જે ચાહે તે કરનારો હમેસા એક સરખો નહી હોઇ તો ફલસફના કાયદાથી જે જીવતો નહી હોય તે કંઇ કરી સકતો નથી. અને જે જોનાર નહી હોય તે આરૂ માફુ જાણી શકતો નથી અને જે સાંભળનાર નહી હોઇ તે કોઇનુ સાંભલી સકતો નથી અને જે કલામવાળો નહી હોય તે કાઇને કઇ કહી શકતો નથી અને જે ઇરાદાવાળો નહી હોય તે કાંઇ બનાવી શકતો નથી અને જે દાનો નહી હોઇ તેના કામો હીકમતવાલા થઇ શકતા નથી અને જેમા સરવે સકતી નહીં હોય તે જે ચાહે તે કરી શકતા નથી તો તેવો ખુદા થઇ શકતો નથી પણ અમે જોઇએ રહેલા છઇએચ કે અમારૂ જીસમ બે હીસાબ હીકમતોને સાથે ખુબસુરત અને તે એટલા સુધા કે તેમાનો કોઇ એક આ જો નુકસાન થાઇ તો આખી દુનીઆના હીકમતવાલાઓથી તે કહી થઇ શકે નહી અને તેમજ અમારી હાજતો પરમાણે અનાજ પાણી વસતરનુ આપવું અને અમોએ નહી જોઇલી અને નહી જાણેલી અને નહી ધારેલી અને ધારયાથી ઉલટી ચીજો થવું છે તો આ સરવે સીફતો પણ તેની જાતમા હમેસાથીજ એક સરખી હોવી જોઇએ કેમકે એક નાકેસ માણસ એકજ વખતમા એક પર ધુસસે અને બીજાપર રહમ રાખે છે તો ખુદામા એમાની કોઇ સીફત પણ તેની જાતમા હમેશાની નહી હોઇ અને તે તેમા પેદા થતી હોઇ તો તેનો પેદા કરનાર બીજો થવો જોઇએ જેમ અમારામા નવા નવા ઇરાદા અને હીકમતો વગેરે પેદા થાઇ છે તો તે ખુદા નહી થઇ સકતો તો એ સરવે સીફતો હમેશાનીજ તેની જાતમા હોવા વગરની થઇ સકતી નથી અને હમેસાની તેના જાતમા એક સરખીજ છે જેમ એક ઘરનો બાંધનારના દીલમા આગળથીજ તેનો નકસો હોવાના માફક.

૯ આદમીને મરીને દુનીયામા પાછા બીજા અવતારો નહી લેવાની સાબેતી.

સવાલ શું માણસો મરીને તેની કરની પરમાણે દુનયામાં પાછા બીજા અવતારો લેતા નથી.

૧ ઇલમી જવાબ જો આદમી મરીને પાછા બીજા અવતારમા પેદા થતા હોઇ તો તેની આગલા અવતારમા તેઓ શું જાતમા અનેકહથા ધંધામા હતા તેની ગવા સાથે સાબેત કરી આપો અને નહી તો દુની

આમા બીજો અવતાર લેવો કેમ થઈ શકે.

૨ બીસાલી જવાબ દુનીઆમાં કારીગરો જેટલી ચીજો બનાવે છે તે સરવે તેની ઉમર પુરી કરી બરબાદ થતી જાય છે અને તેની તેજ પાછી બનતીયો નથી તેમ એક નાની ચીજથી બીજી મોહટી ચીજ અને તે કરતા મોટી કરી થઈ શકતી નથી અને કારીગર બીજી નવી નવીજ બનાવતા જાય છે તો પછી ખુદાએ પેદા કરેલા સરવે તેની ઉમર પુરી કરી મરતા જાઈ અને તે બીજા નવા નવા પેદા કેમ નહીં કરી સકે.

૩. ફુલસફી જવાબ જો માણસ અને જનાવરો અને ઝાડો મરીને પાછા તેના તેજ એક બીજાના અવતારમાં પેદા થતા હોય તો તે સરવે હમેસા સંખ્યામાં બરાબર અથવા કદી કોઈની સંખ્યા વધારે અને કદી ઘટાડે થવીજ જોઈએ અને જો સરવે વધતાજ જતા હોય તો ફુલસફાના કાયદાથી વધતી જતી ચીજ આગલ એક વખતમાં થોડી યાને એક હોવી જોઈએ. તો આગલ વસતી પત્રકના હીસાબથી સાબેત કરી આવ્યું છે કે દરેક ચીજનો વધારોજ થતો જાય છે અને તેમાંથી જેટલો પણ વધારો બાદ કરતા આવીયે તો આખર જોડાથી પેદા થતુ દરેક તરેનુ એક એક જોડુ યાને માણસ અને જનાવરોનુ અને એક એકથી પેદા થતુ દરેક કીસમનુ એક એક ઝાડ રહી જાય છે જેમકે એક કપડાનો વણાતો તાકો કે તે જેટલો બી લાંબો થતો જાય પણ જેમ તે એક એક તાર વણાથી વધતો જાય છે તેમ જો એક એક તાર તેમાંથી કાઢી કહાડીયે તો છેલા એકજ તાર તેનો રહી જસે અને તે પણ કહાડી નાખીયે તો આખર કઈજ નહીં રહેસે તેમજ એક બી અનાજમાથી એક પછી એક સેંકડો ગાડી અનાજ થાય છે પણ તેનો વધારો બાદ કરતા જાય તો છેલા તે એકજ બી રહી જસે તો તે સરવના છેલા એક એક રહેલાની અવલાદથીજ આમો સરવે પેદા થઈને તે વધીને આજે કરોડ અબજ માણસ દુનીયામા થયા છે તો જો માણસ અને જનાવરો અને ઝાડો મરીને તેના તેજ પાછા પેદા થતા હોય તો તે પહેલુ સરવે એક એક મરીને પાછા એક એકજ પેદા થવા જોઈએ અને તે એકના આજે કરોડ અબજ માણસ થઈ સકતા નથી. તેમ જનાવરો અને ઝાડો પણ તે સરવે એક એકજ પેદા થયા કરતે અને હાલ જેટલો વધારો થઈ સકતો નથી અને અજુ પણ સરવે વધતાજ જાય છે તો એ વધારો ખુદાએ નવા નવાજ પેદા કરવા વગર કોના અવતારનો થયો તો આ દાખલાથી સાબેત થયું કે અવતાર લેવા બાતેલ છે અને ખુદા તઆલાજ નવા નવા પેદા કરે છે અને બીજુ એ કે જો કરનીથી સારો માઠો અવતાર યાને આદમી મરદ અને ઓરત ઘોડા, ઘદેડા, ગાય, બકરાં, કુતરાં, બીલાડાં કીડા, મંકોડા, ઝાડ વગેરે નર માદા, જે સરવે ઉપલા દાખલાથી આખરમાં એક એકજ રહી જાય છે તો તેઓને કઈ કરનીથી એ અવતારો મળ્યા હતા કેમકે તેથી આગલ તો બીજા માણસ અને જનાવરો અને ઝાડો કઈજ નહીં હતા તેમજ જમીન,

આસમાન આગ પાણી હવા વરસાદ વાદલાં ચાંદ સુરજ તારા વગેરેને
પણ કહી કરનીથી એ અવતારો મલયા અને એ સરવેનહી હોતે તો
અમો ક્યાંયા રેહતે અને અમારી હાજતો યાને અનાજ પાણી વસતર
ખેતીના જનાવરો સવારી આગ હવા રાત દેવસ વગેરે કેમ મળતે અને
માંહા વગર કેમ પેદા થતે કે જે એક મુદત સુધી અવલાદનો બોજો
ઉઠાવી એક મોહુટા દરદથી જણે છે. અને એક મુદત સુધી તેના ખાલાથી
કરે છે, અને હમેશાં મરદની તાબેદાર રહી ઘર ચલાવે છે તો આ દાખ-
લાથી પણ કરની મુજાણે અવતારો લેવા બાતેલ થઈ ખુદાએ જેમ જોઇએ
તેમ સરવે પેદા કરવું સાબેત થયું છે તરીજુ એક જો કરનીથી સુખ
દુખના અવતાર મળતો હોય તો તેણે આગલો હાલ સુખ અથવા દુખનો
જાણવો જોઇએ જેમ કે બીમાર અને સાજો થઇને જાણે છે તેમજ
જેલમાં અને છુટકો જાણે છે પણ તેમ કોઇ આગલો હાલ જાણતો નથી.
તો તેની કરની ની સજા કે જજા મલવી કેમ થઇ શકે બલકે અમો
જોઇ રહેલા છઇએ કે માણસ માણસમાં અને જનાવરો જનાવરોમાંજ
અને તે પણ તેની જાતમાંજ રેહવા રાજી થઇ ખુશ રહે છે અને એક
બીજામાં રહેવાથી નારાજ છે તો એ સુખ દુખનો બદલો મળવો કેમ થઇ
શકે અને કોઇ વખત છાપામાં જોવામાં આવ્યું છે કે કોઇ માણસે પોતાના
આગલા અવતારની નીશાનીઓ બતાવી હતી તો પેહેલા તો એ વગર
સાબેતીએ માનવા જોગજ નથી કેમ કે જો એમજ હોય તો ફરી દુનીયામાં
તો અજુજ કેમ પણ સરવે માણસ બતાવનારા થવા જોઇએ પણ તેના
બદલામાં દુનીયામાં કોઇ એક બે એમ બતાવે તો તે ખરૂ કેમ થઇ શકે
પણ એમ થવું એ આગળ મરેલા માણસોના હમજાતોનું કહેવું છે. કે
જેને ભુત કહે છે અને તેનું માણસના બદનમાં આવ્યાથી પોતાની આ-
ગલી હકીકત તેના મોહોડેથી બતાવે છે જેને માટે હીદુઓ મરેલાને
સરાવે છે. કે કોઇને હેરાન તે નહીં કરે અને એવો હાલ દુનયામાં
સાધારણ બને છે તો એથી અવતારો લેવા બાતેલ છે. ચોથુ એ કે જો
કરનીથી સુખ દુખનો અવતાર મળતો હોય તો સુખ અને દુખ રૂહ
અને જીસમ બેવ તેનો હક ભોગવે છે અને અવતાર તો એકલી રૂહનુ
લેવુ કહે છે તો ફરી આગલા જીસમના બદલામાં બીજા જીસમને સુખ
દુખ ભોગવ્યાથી તેનો બદલો કેમ થઇ શકે. પાચમુ એકે જો કરની
મુજાણે સુખ દુખના અવતારમાં આવવું હોય તો તે સારા અથવા ખાટાં
કામનોજ કરનારો થયો જેમ કે નરખનો કીડો કે જેનુ કામ નરખજ
ખાવું છે તેમ વાઘ કે જેનુ કામ જનાવરોજ મારી ખાવું છે. તેમ
ઘાંચીનો બલદ જીવે ત્યાં સુધી ઘાણી પીલવું છે તેમ ઘાસ બુટીનું
જેમનું તેમ મરી મીટવુ છે તો ફરી તેથી ઉલટું કામ તે કેમ કરી શકે
કે જેથી તે અવતારથી છુટીને પાછો માણસના અવતારમાં આવે
તો એથી જનાવરો અને ઝાડોનુ માણસના અવતારમાં આવવું
બાતેલ છે છઠ જો માણસો પોતાની કરનીથી જનાવરો અને ઝાડો
ના અવતારમાં આવી પોતાની સજા પુરી કરી પાછાં માણસના અવ
તારમાં આવતા હોય તો ફરી અસલ જનાવરો અને ઝાડો કોના

અવતારના થયા અને જે અસલ જનાવરો અને ઝાડો હતાજ નહી તો માણસનો ગુજારો શાપર હતો અને ફરી માણસ પાપવાળાઓથીજ ગુજારો કરનારા થયા તો જો એમજ હોત તો ફરી કોઈનો છુટકારો થઈ શકતોજ નથી અને એમજ હોય તો ફરી દુનીયામાં સરવેના વધારો થઈ શકતોજ નથી પણ આતો સરવેજ વધતા જાય છે તો ફરી પોતાની સજા પુરી કરી પાછા માણસમાં આવવુ પણ બાતેલ છે સાતમુ એ કે કોઈ કદુંવાળા સારા માઠા કામો કરનાર થાય પણ જયાં સુધી તેને કોઈબ. જોજ બદલો આપે નહી ત્યાં સુધી કદી તેને બદલો મળી શકતો નથી જે-મકે સીપાઈથી લઈને વજીર સુધી ને બાદશાહ જયાં સુધી નેમે નહીં ત્યાં સુધી કદી તે હોદેદાર થઈ શકતા નથી તેમજ ચોર કે ખુનીને બાદશાહ સજા કરે નહી ત્યાં સુધી તેને સજા થઈ શકે નહી. તો ફરી કરની પ્રમાણે આપોઆપ સજા અવતારમાં આવવુ બાતેલ છે. આઠમુ એ કે જો કરની પરમાણે આદમી ગરીબ પઈસાવાળા થતો હોય તો એવો બદલો તો આદમી આદમીને પણ આપી શકે છે જેમ કે લોક કોઈને બાદશાહ કે અમલદાર બનાવે છે તેમ કોઈને બક્ષીસ આપી પઈસાવાળો બનાવે છે. તેમ બાદશાહ કોઈને ખેતાબો અને હોદ્દાઓ આપી તાબેદારી પુરી કર્યા પછી જીવે ત્યાં સુધી વગર કામે પેનશન આપે છે તેમ ગુનેગારોને જેહેલમાં નાખી જનાવરોની તરે હાથ પગમાં સાંકલો નાખી ભાર ઉંચકાવી ગાડા ખેંચાવે, પથ્થર ભગાવે છે તો ફરી ખુદા તઆલાની તાબેદારી અને તેની નાફરમાનીનો એવોજ બદલો કેમ થઈ શકે કે જે બાદશાહોના બાદશાહ છે પણ તેનો તો તેવોજ બદલો થવો જોઈએ કે જે દુનીયાના સરવે સુખ કરતા બે હીસાબ વધાર સુખ અને તે પણ હમેશાનુંજ હોય અને તેમજ દુનીયાના સરવે દુખ કરતા પણ બે હીસાબ વધારે દુખ અને તે પણ હમેશાંનું એક સરખુંજ હોય તોજ તે બદલો આપવાને લાયક અને લોકોને તે મલવાને લાયક થઈ શકે છે તો એથી દુનીયામાં પાછા અવતારો લઈ બદલો વલવો બાતેલ છે.

૧૦ આદમી ગરીબ અને પઈસાવાળા કેમ થયા તેનો જવાબ.

સવાલ - શા ખુદા કોઈને ગરીબ અને કોઈને પઈસાવાળા કરે તો તે બે ઇનસાફ નહીં થતો.

૧. ઇલઝામી જવાબ દુનીયામાં કારીગરોએ તરેહ તરેહની કારીગરી કરવામાં કે ઘરમાં મગવે હાજતો બનાવવામાં યાને બેઠક ચુલા સંડાસ વગેરે કે અંગનો પોસાક યાને જોડા પોતીયું પાઘડી વગેરે ખરીદવામાં તારીફને લાયક નહીં થતા હોય અને તેઓ બે ઇનસાફ થતા હોય તો બતાવી આપો અને નહીં તો ખુદા તઆલા પોતાની મીલકને ચાહે તેમ પેદા કરવામાં તે બે ઇનસાફ કેમ થઈ સકે બલકે તારીફને લાયક છે.

૨. મીસાલી જવાબ દુનીયામાં બાદશાહો પોતાની રૈયતમાંથી કોઈને વજીર કોઈને વાઈસરાય કોઈને ગવરનર કોઈને કલેકટર કોઈને

આમલતદાર કે કોઈને ફોજદાર કોઈને જમાદાર કોઈને સીપાઈ વગેરે બનાવે છે તો તેમા બાદશાહ બે ઇનસાફ થતા નથી બલકે એમજ કરવુ જોઇએ તો ફરી ખુદા તઆલા પોતાના બંદાઓને કોઈને ગરીબ અને કોઈને પઈસાવાળા દરેક દરજજાના કરે તો તેમાં તે બે ઇનસાફ કેમ થઈ શકે બલકે એમજ કરવુ જોઇએ કે જથી તેની ખુદાઈ ઓળખાય.

૩. ફલસફી જવાબ ફલસફાના કાયદા છે કે જે ચીજના થવામાં બીજી ચીજની જરૂર હોય તો તેમ કરવુજ જોઇએ જેમકે ખેતી પાણી વગરે થઈ શકતી નથી તો તેમ જો દુનીયામાં સરવેજ બાદશાહ થાય તો તેઓ કોના બાદશાહ થાય અને કોણ તેઓની રઈયત થાય અને કોણ કોઈનો બંદોબસ્ત રાખે અને કોણ તેઓના રેહવાના ઘરબાર કે પેહરવાના કપરાં કે ખાધા પીધાની ચીજો બનાવી આપે અને કોણ તેઓની ખીજમત કરે તેમજ જો સરવે ફકીર હોય તો ફરી કોણ તેઓને ભીખ આપે તેમજ જો સરવે પઈસાવાળા હોય તો ફરી કોણ તેઓને જોઇતી ચીજો પુરી કરે તેમજ જો સરવે વેપારી કે ખેડુત કે નોકર કે મજુર કે દરજી કે ધોબી કે મોચી કે હજામ કે સુથાર કે લુવાર કે કુંભાર કે સોની વગેરે હોય તો ફરી તેઓની બીજી હાજતો કેમ પુરી થાય અને તેઓ કોનુ કામ કરે તો તેમજ ખુદા તઆલાએ એકને બીજાની મદતને માટે દરેક દરજાના માણસો દુનીયામાં કારોબાર ચલાવવાને માટે પેદા કરેલા છે એટલે બાદશાહ રઈયતનો મદદગાર કે રઈયતથી ખીરાજ લઈ તેઓના જાન માલની સંભાળ રાખે અને રઈયત બાદશાહની મદદગાર કે મેહેનત મજુરી કરી તેને ખીરાજ ભરે તેમજ પઈસાવાળો ગરીબનો મદદગાર કે તેઓના માલ ખરીદ કરી બીજાને પુરો પાડે તેમ ગરીબ પઈસાવાળાનો મદદગાર કે ખેતી વાડી કરી તેઓને માલ વેચે એવીજ તરેથી દરેક માણસ એક બીજાની મદદ વગર કંઈ કરી શકતો નથી અને તેમજ માણસથી જનાવરોનો દરજો ઓછો છે અને જનાવરોથી ઝાડોનો દરજો ઓછો છે કે માણસ જનાવરો અને ઝાડો બેવને વાપરે છે અને જનાવરો ફકત ઝાડોનેજ વાપરે છે અને ઝાડો એ બેવને વાપરતા નથી તો જો એ સરવે સરખા દરજાના હોતે તો દુનીયામાં અમારૂ કામ કદી ચાલતેજ નહીં તો એ સરવે એક બીજાની મદતને માટે ખુદાએ જેમ ચાહ્યુ તેમ પેદા કરીયું છે અને અસલ વાત જોતા તો એ સરવે એકજ દરજામાં છે કે પેદા થવામાં માંદા પડવામાં મરવામાં ઉમરમાં અને જમીનના ઉપર અને આસમાનને નીચે રેહવામા અને ખાધા પીધાની ચીજોમાં અને વરસાદ તડકાથી બચવામાં ઊંઘવામાં જાગવામાં ફીકરમાં વગેરે સરવેમાં એકજ સરખા છે અને ફકત જોવામા ગરીબનું તલસાડનુ છાપરૂં અને પઈસાવાળાનો પાકો મેહેલ અને ગરીબને છાછ કાણકી અને પઈસાવાળાને પુલાવને દહીં અને ગરીબને મારકીનનું કપડું અને પઈસાવાળાને મલમલનું કપડું અને ગરીબને કામળ અને પઈસાવાળાને બનાત છે પણ અસલ સરવેને એજ અનાજ અને રૂ અને ઊનનું વાપરવું છે તો ખુદા તઆલા કોઈ રીતે બે ઇનસાફ થઈ

શકતો નથી અને પોતાનો માલ જેને ચાહે તેટલો આપે તે મુખત્યાર છે અને તેમ તેની પાસી હીસાબ પણુ તે લેનાર છે.

૧૧ રૂહ શું છે અને મઈયતનં શું કરવું તેનો જવાબ.

સવાલ રૂહ શું છે કેમકે અમો તેને જોતાં નથી અને મઈયતને શું કરવું.

૧ ઈલજામી જવાબ ઈસટીમ અને જોરની હકીકત શું છે અને દરેક જીનસમાં રેહવાથી રાજી છે તે બતાવી આપો અને નહી તો રૂહ પણ તેમજ માનો—નઈ એક ઈસ્ટીમને છે અને દરેક જીનસને જેમાં રેહવાથી રાજી રહે તેમાં તેને રાખવું જોઈએ.

૨ મીસાલી જવાબ જુવોકે એક ઈંજનેરનું ઈનજીન ચાર ચીજો યાને લોહેડું પાણી આગ અને હવાથી બનેલું હોય છે અને તેને બળગાવ્યાથી એક વખત પછી તેનો ઈંજનેર ચાહે તો તેના સાંચામાં એક ઈસ્ટીમ પેદા થાય છે અને તે પેદા થયા પછી પણ તે કંઈ હાલી ચાલી શકતું નથી પણ તેના ઈંજનેરે તેમો એક ચાવી પોતાના તાબામાં રાખેલી છે તો જો તે ચાવી ફેરવે તો તુરત તે ઈનજીન ચાલતું અવાજ કરતું થઈ જાય છે અને તેને જ્યાં સુધી ચલાવું મંજુર હોય ત્યાં સુધી ચલાવી પાછી તે ચાવી ફેરવે તો તે ઈનજીનની તાકત જેને અમો જોઈ નહી શકતા યાને ઈસ્ટીમ નીકળી જાયછે અને હવા ઉડી જાય છે અને આગ હોલાઈ જાય છે અને પાણી અને મોટાનું (યાને લોહડાનું) ખોખું પડી રહે છે અને જ્યાં સુધી તેમાં ઈસ્ટીમ હોય ત્યાં સુધી તે આખા ઈનજીનમાં તાકત અને ગરમી રહે છે તો એ ચાવી ઈંજનેરના એક હુકમ કરવા જેવી થઈ અને તે ખોખું એક મુદત પછી આખર મટોડું મટોડામાં અને પાણી પાણી-માં મલી ફના થાય છે અને તેમ ઈનજીનને સાથે જેહવી કલ જોડાઈ તેવું તે કામ કરે છે યાને વણવાનું કે દળવાનું કે છડવાનું વગેરે અને તેઓ કંઈ નુકસાન થાય તો તેના કામમાં નુકશાન આવે છે તેમ તેને બરાબર કરે તો પાછું તે દુરસ્ત થાય છે અને આખર તે સરવે એક વખતમાં બરબાદ થઈ જાય છે તો તેમજ ખુદા તઆલાએ અમોને ચાર ચીજો યાને મટોડું પાણી આગ અને હવાથી પેદા કરેલા છે અને તેનું જવહર એક સાંચામાં યાને રહમમાં જવાથી ખુદા ચાહે તો તેમાં એક મુદતે રૂહ પેદા થાય છે અને તેને ખુદાનો હુકમ થએથી તે જીવતું હાલતું ચાલતું થઈ જાય છે અને તેને જેવું જીસમ મળે છે તેવું તે કામ કરે છે અને જેમ ઈનજીનને ચાલવામાં પાણી અને ઝાડોના લાકડા કોયલા જોઈએ છે. તેમજ માણસને જીવવામાં પાણી અને ઝાડોના ફળ પાંદડા જોઈએ છે. અને જેમ ઈનજીનને ચાલવામાં પઈડાંના બાંયા એક પછી એક આગળ પાછળ થાય છે તેમજ માણસને ચાલવામાં પણ હાથ અને પગો એક પછી એક આગળ પાછળ થાય છે. અને તેમાં કંઈ નુકશાન થએથી તે બીમાર કે ગાંડો થાય છે અને દવા લાગુ પડવાથી પાછો તે સારો થાય છે. અને આખર પાછો ખુદાનો હુકમ થએથી તેની રૂહ નીકળી જાય છે જે

ને અમો જોઇ નહી શકતા અને હવા ઉડી જાય છે. અને આગ પોતે ગરમાં તહાડા પડી જાય છે અને મટોડુ અને પાણીનુ જીસમ સુરકુ રહી જાય છે. અને જેમ ઇજનેર ખાજા નવા નવા હનર ન અને ઇસ્ટી- મો બનાવે છે તેમજ ખુદા તઆલા નવા નવા જીસમો અને નવી રૂહો પેદા કરે છે તો રૂહ પણ ખુદાનો એક અમરજ છે અને એ જીવવું અને મરવું માસાવ એક બતીના માફક છે કે એક ગલાસમાં જેટલું તેલ હોય તેટલીવાર તે દીવો બલે છે અને તેલ વધઘટ હોય તો પણ સરવે ગલાસના દીવા સરખા બળે છે અને તમાં ગુળ બધાઇ તો તે ઝાંખો બલે છે અને તેને દુરસ્ત કરેતો પાછો તે દુરસ્ત થાય છે અને જો ગલાસ અકસમાતથી ભાંગી જાય અથવા હવા લાગે તો તે ઓલાઇ જાયછે અને નહી તો તેલ ખલાસ થએથી તે બતી દમ લઇ લઇ તેલ ખેંચાને એક તેજીને સાથે ઓલાઇ જાય છે અને આખર તેમાથી એક ધુવાડો તારવાળો નાંકળી તે છુટો પડી એકઠો થઇ ઉડી જાય છે તો તેમજ માણસ જીવે છે અને તમ કઇ નુકશાન થએથી તે માંદો થાય છે અને તેમજ ઇલાજ લાગુ પરવાથી તે સાજો થાય છે અને તેમજ કંઇ અકસમાતથી કોઇ મરી જાય છે અને નહી તો આખર એક વખતમાં બામાર થઇ તે દમ લઇ લઇ સાય હુસીયારીને મરણ પામે છે અને છેલ્લા તેનો હુમજાત તેનાંથી છુટો પડે છે જેને હાલના વીદવાનોએ કોઇ આલાથી મરનારમાંથી એક તાર જેવો ધુંવાડો નીકળી છુટો પડી તેની સીકલ જેવો થઇ ઊડી જવો જોઇ તેને રૂહ ઠેરવી છે અને મેસમરીજમવાળા પણ એજ હુમજાત ને અંમલથી મેડણ બની જોવું કહે છે જેને હીદુઓ ભુત અથવા માતા કહે છે અને જે સુરકુ રહે છે તેમાં મોહોટો ભાગ મટોડાનો રહે છે અને પાણી તેમા સમાયલું છે તો મઇયતને પણ મટોડા માંજ દફન કરવાથી મટોડુ મટોડામાં અને પાણી પાણીમાં મળવાથી તેને સુખ રાહત પામવું છે અને એથી ઉલટુ મઇયતને આગમાં બાળવાથી કે પાણીમાં નાખવાં થી કે હવામાં મુકવાથી તે કજોડામાં જઇ નારાજ થઇ તેને દુખ પામવુ છે.

ફલસફી જવાબ ફલસફાનો કાયદો છે કે જો બે ચાર ચીજ સાથે મળે તો તેમાં એક બીજી ચીજ પેદા થવી જોઇએ પણ તેને પેદા કરનાર સેવાએ પોતે તે મળી પેદા થઇ શકતી નથી કેમ કે એ બે ચાર ચીજ અસલમાં પોત પોતાનીજ તાસીરોવાળી જુદી જુદી હતી તો એનો મેળ વનારો કોઇ જોઇએ તો એ તાસીરોને બીજો બદલે નહી ત્યાં સુધી તે પોતે મળી સકતી નથી જેમ કે પકાવેલી ચીજો એક વખત ગરમી કે સરદી કે હવામાં વાસી રાખે નહી અથવા જંગલમાં પડેલી ચીજો પણ એમજ એક બીજા સાથે મળીને થાય તોજ તેમા જીવ પડે છે અને એ વગર તુરત કંઇ મેલવયા વગર કોઇ ચાહે તો કદી તેમો આદતથી ઉલટુ જીવ પડે નહી તો એ બીજાના કરવા વગર થઇ સકતુજ નથી તો તેમજ રૂહ પણ ખુદાતઆલાના હુકમ સેવાએ તાસીરો પોતે બીજામાં મળીને નહી થઇ શકતી——તેમજ મઇયતને બાળવામાં કે હવામાં મુકવામાં કે પાણીમાં મુકવામાં કે જમીનમાં દફન કરવામાં ફલસફાના કાયદાથી

કે જે ચીજ આગમાં બળે તો તેની તાસીર ધુંવાડો અને બો હવામાં મળીને હવા બદલાઈ જઈ લોકોને તેની તાસીર કરે છે જેમ કે લોબાન અગર સંદલ વગેરે બાળવાથી હવામાં ખુશબો મળી લોકોના તબીયત ખુશ અને ફાયદો કરે છે તેમજ મરચા આમડું વગેરે બાળવાથી હવામાં બો અને ગંધ મળીને લોકોની તબીયતને ખરાબ કરે છે અને તે એટલા સુધી કે જહેરી દવાનો ધુંવાડો આપી માણસનું ઝાડ અટાડે છે તેમજ દવા સુંગેથી માણસ બેહોસ વગેરે થાય છે. તેમજ ઉડતી બીમારી અટકાવવા સરકાર હવા બદલવા માટે ગંધક દામર વગેરે ચીજો ગામમાં બાળી ફેરવે છે અને હીંદુઓ ઘી વગેરે બાળી હોમ કરે છે તો સાબેત થયું કે દરેક ચીજના બળવાથી જુદી જુદી તાસીરોની હવા થઈ લોકોની તબીયત સારી માઠી કરે છે તેમજ દરેક ચીજની રાખ પણ જુદી જુદી તાસીરોવાળી થઈ લોકોની તબીયત સારી માઠી કરે છે જેમ કે સોનુ ચાંદી અને તાંબુ વગેરે ધાતુઓની ખાખ લોકોને ફાયદો નુકશાન બેવ કરે છે તેમજ લાકડા છાણા વગેરેની રાખ કોઈને નુકશાન કરતી નથી તો ફરી માણસને બાળવાથી કે હવામાં મુકવાથી કે પાણીમાં નાખવાથી જો તે મુરદુ કોઈ તેના ઉડતા રોગથીજ મરેલું હોય તો તેના બાળવામાં તેનો ધુંવાડો અને બો હવામાં મળીને તે લોકોને લાગી લોકોની તબીયત ખરાબ કરવીજ જોઇએ જેમકે મુરદાને બાળતી વખતે તેથી એક મોટા વીસ્તારમાં તેનો ધુંવાડો અને બો ફેલાય છે તેમજ મુરદાને હવામાં ખુલ્લા મુકવાથી તેની પણ હવા અને બો હવામાં મળી બીજાને લાગવીજ જોઇયે તેમજ મુરદાને પાણીમાં નાંખવાથી તેનો રસ કસ પાણીમાં મળી અને તેના રેજાઓ મચછીના ખાવાથી અને મચછીને માણસના ખાવાથી અને તેમ મુરદા બાળેલાની રાખ હાડકીયો નદીમાં નાખવાથી જે કે પાણીમાં કીનારે તરતીયો ફરે અને તે નદીમાંથી માણસ પાણી ભરીને પીવાથી તેઓના પેટમાં તે રાખ વગેરે જઈ તેની તાસીર પરમાણે તે બીમારીની અસર થવીજ જોઈએ કેમકે દરેક બીમારીની તાસીર તેના સરવે જીસમમાં રહે છે અને એ કાંઈ છુપી વાત નથી જેમકે હડખેલા કુતરાએ કરડેલા જનાવરનું માસ કોઈ ખાય તો તેને પણ હડખેલું લાગે છે તેમજ સાપનું કરડેલુ કે જેહેરનું ખાધેલું જનાવરનું માસ કોઈ ખાય તો તેને પણ તેની અસર થાય છે. અને તેમજ હાલની ગાંઠીયા તાવની બીમારીવાળાને મુંબાઈમાં એક જરમન દાકટરે કાપવામાં તેનો હાથ કંઈકપાઈ જવાથી તેને પણ તે બીમારી લાગુ પડી હતી તો મુરદાને બાળવામાં અને તેની રાખ નદીમાં નાંખવામાં કે મુરદાને પાણીમાં મુકવામાં કે હવામા ખુલ્લા મુકવામાં બીજાને તે બીમારી લાગવાની ખરાબી છે અને એનો અજમુદો હાલના ગાંઠીયા તાવના મરણની સંખ્યાના પરમાણમાં જોઇ લીઓ કે જેઓ જમીનમાં દફનાવનારાઓના મરણની સંખીયા થોડીજ છે અને તે એટલા સુધી કે અમારા ગામ શહેરમાં હીનદુ અને મુસલમાનોની વસતી અરધો અરધની છે અને

તેમો શો હીનદુએ પચીસ મુસલમાનોને એ બીમારીલાગુ પડી નથી અને એનજ બીમારીલાગવાની બાહીકથી હીનદુઓ છેલા છેલા પોતાના ધારા પરમાણે સરવેએ બાલવા જવુ પણ માંડી વાલયુ હતુ અને મુરદાને તેના ઘરનાઓ ગાડામો નાખી જવુ તેવુ બાલી નાખયાવતા હતા અને એવોજ હાલ સુરતમાં પણ બનયો હતો કે હીનદુઓની લાસોને તેના લોકો બાલવા નહી જવાથી ગાડાઓમા નાખી લઇ જવામા આવીયા હતા અને તે એટલા સુધી કે તા૦ ૧૪ અકટોબર સને ૧૮૯૭ ના દેશી મીત્રર છાપામા એક હીનદુ દાકતરનુ એ બીમારીમા મરણ થવાથી તેની જાતના કોઇ તેને બાલવા નહી જવાથી બીજા તેના ચાર મીત્રો બાલવા ગયા અને તેની લાસને કંઇ બરાબર ગોઠરી બાલતાં તે ચારોને પણ તે બીમારી લાગુ પડી તેઓનુ પણ મરણ પામવુ છપાએલુ છે તો બાલવામાં ખુલી રીતે તેની નુકસાની સરવેને માલુમ પડી ગઇ છે. અને જમીનમાં દફનાવવામાં એવો કોઇ મામલો કદી બન્યો નથી. અને તેમજ મઇયત ને બાલવાથી કે હવામાં મુકવાથી કે પાણીમાં નાખવાથી મુરદાની બે ઇજતી યાને તેનુ નાગા થઇ જવું. અને રગો ખેંચાઇ બેઠા થવું. અને તેને ગોદા મારી બાલવું. અને તેના રેજાઓને રખડતા કરવું. અને આખર તેની યાદગારી મીટી જવું છે અને મઇયતને આદમી પુર ખાડો ખોદી અને તેમાં ગબાર બનાવીને દફન કરવામાં કોઇ તરેના તેની બે ઇજજતી નહી થતા તેની બો કે હવા તેમાંથી નીકલતી નથી અને જોતે તેમાં સડે તોપણ તેટલા જથામાં તે હવા જમીનમાંથી નીકલી શકતી નથી અને જો કબર ઊપરથી પાકી બાંધેલી હોય તો બીલકુલ હવા તેમાંથી નીકલી શકતી નથી. કેમકે જો નીકલતી હોઇ તો તે કબર ફાટી જવી જોઇએ પણ તેમ કંઇ થતું નથી અને દફનાવવામાં મઇયતની ઇજત યાને પરદો રહી કોઇ તરેની તેના ઊપર તકલીફ નહી થઇ તેની યાદગારી કાયમ રહે છે અને જીવતાને તેથી નસીહત મલે છે અને એવી જમીન ખરાબ ગવાના બદલામાં ઊલટી વધારે સારી ખાતર વાલી ફલદરૂપ થઇ સકે છે.

૧૨ દુનયા ફના થનારી છે અને લોકોને બદલો મલવો છે તેની સાબેતી.

સવાલ સું દુનયા ફના થનારી છે કેમકે અમો અને હમેસા એમજ જોઇ રહેલા છઇએચ.

૧ ઇલજામી જવાબ દુનયામાં કોઇ કલ કે કારખાનું એવું છે કે જે બનયા પછી તેની હાલત ફેરફાર નહી થતી હોઇ અને તે ફના થનારી નહી હોઇ તો બતાવી આપો અને નહી તો ફરી દુનયા કે જે એક કલ છે અને એની હાલત હમેસા ફેરફાર થાઇ છે તો તે કેમ ફના નહી થસે.

૨ મીસાલી જવાબ દુનયામાં જેટલા ઘર અને તેની જોગવાઇયો માણસના વસવાટ માટે બનાવે છે તે સરવે જયા સુધી તેમાં માણસ વસે છે. ત્યાં સુધી તે આબાદ રહે છે અને જેમાં માણસ વસનારા નહી રેહતા તો તે ઘર અને તેની સરવે જોગવાઇયો પાણખર બાદ

થઈ ફના થાય છે. તો તેમજ ખુદાતઆલાએ દુનયાને અમારા રેહેવાનુ. એક ઘર અને તેમાં અમારે જોઈતી સરવે હાજતોને સાથે બનાવેલુ છે તો જયાં સુધી એમાં વસનારા રેહસે ત્યાં સુધી એ પણ સરવે આબાદ રેહેસે અને જયારે એના વસનારા સરવે મરી જસે ત્યારે એ દુનયા અને એની સરવે જોગવાઈયો પણ ફનાજ થશે અને અમો સરવે પણ એક વખતમાં મરવાજ જોઈએ. જેમકે એક ઝાડના સદ ઉગવામાં તેના થડને સાથે બેજ પાંતડા નીકલે છે અને ફરી તે વધા વધીને સેંકડો વરસ સુધી તેની હજારો એક એકમાંથી ડાલીયો અને લાખો પાંતડા એક પછી એક નીકલીને ખરતા જાય છે. અને કંઈ ડાલીયો પણ તેમાંની નાસ પામતીઆ જાય છે. અને બીજી નવી નવી ડાલીયો અને પાંતડા એક બીજાથી આધે ફુટતા જાય છે. જે એમજ સમજાય કે હમેસા એનું થડ કાયમ રહી અને ડાલીયો પાંતડાઓ નીકલતાજ જસે. પણ આખર એક વખતમાં તેના પાંતડા અને ડાલીયો ઓછી થતા થતા સરવે પાંતડા સુકાઈ જાય છે અને છેલા તેનુ થડ પણ બરબાદ થઈ ફના થઈ જાય છે જેનું સદ ઊગવું હોઈ પાંતડાએ જોઈલુ નથી. તો ફરી તેમજ અમો પણ એક જોડા માણસથી વધીને આખર સરવે એ એક વખત મરવુજ જોઈએ. અને ફરી દુનયા ફનાજ થવી જોઈએ જે અસલમાં અમારૂં થડ છે કે અમારા જીસમનો મોહોટો ભાગ મટોડાથીજ બનેલો છે. તો એનું પેદા થવું માલુમ જોઈ સકતો નથી જેમકે એક માણસ એકી વખત બે હોડીમાં બેસી સકતો નથી કે જે જમીનપર રહેનારો પણ હોઈ અને જમીનનુ પેદા થવુ પણ જુવે એ કેમ થઈ સકે.

૩ ફલસફી જવાબ ફલસફાના કાયદાથી જે ચીજની હાલત ફેરફાર થતી હોઈ તે પેદા થયલી છે. અને જે પેદા થએલું હોય તેને ફનાજ થવું છે. જેમકે અમો અને જનાવરો અને ઝાડો પેદા થઈ બચપણ જુવાની ઘડપણ તરેતરેની બીમારી તરે તરેની ઉમર ભોગવી મરણ પામતાજ જાય છે તો એથી સાબેત થયું કે જેની હાલત ફેરફાર થતી હોઇ તે પેદા થએલુંજ છે અને તેની ઉંમર પુરી કરી તેને મરવુંજ છે તો ફરી દુનયા કે જેની હાલત હમેસા ફેરફાર થતી જાય છે યાને કદી જમીનનું હીલવું અને કદી ફાટવું અને કદી ધસવું અને કદી ડુંગર થવું અને કદી સપાટ થવું અને કદી રાત અને કદી દેવસમાં આવવુ છે અને તે એટલા સુધી કે વીદવાનોએ સાબેત કરયું છે. કે જમીનની લાઠ નતુંબના મુકાબલાથી ખસી ગઈ છે. અને જમીન પાણીથી ગેવાઈને ઓછી થતી જાય છે તેમજ સુરજની તેજી કમી થતી જાય છે અને તારાઓ એક બીજાની પાસે થતા જાય છે તેમજ માણસ અને જનાવરોની ઉમર અને કદ નાના થતા આવે છે તેમજ કદી સુરજ ધરણ કદી ચાંદ ધરણ કદી તેજ કદી વાદળાથી ઢંકાયલા કદી પુછડયો તારો કદી તારા પડવું છે તેમજ દરયા કદી તલાવ સરખો કદી પહાડ જેવા મોજા કદી કદી તરફ ફરે છે અને કદી કદી તરફ ફરે છે અને કદી જમીને બરફ થઈ જાય છે અને કદી સુકાઈને ઓછો થઈ જાય અને કદી આમે

ને ગરક કરે છે અને કદી ભરતી કદી બાહુ વધઘટ રીતે થાય છે. તેમજ હવા કદી જોર ચાલે છે અને કદી ધીમો ચાલે છે અને કદી કહી તરફ ચાલે છે અને કદી કહી તરફ ચાલે છે અને કદી ઓછો થાઇ અને કદી ગામોને ઉરાડી મુકે છે અને કદી તહાડો અને કદી ગરમ થાઇ છે તેમજ આગ કદી તેજ થાય છે કદી ઓલાઇ જાય છે અને કદી બીજાને બાલે છે અને કદી બીજાથી ઓલવાઈ છે તેમજ વરસાદ કદી કયાં આવે છે અને કદી કયા આવે છે અને કદી કેટલો આવે છે અને કદી કેટલો આવે છે તો સાબેત થયું કે એ સરવેની હાલત હમેશા વગર મુકરરે બદલાઇયા જાય છે તો ઉપલા કાયદાથી બદલાતી હાલતવાળું પેદા થએલું છે અને પેદા થએલાને ફના થવુંજ છે. તો દુનયાના સરવે હાલતો બદલાઇયા હોવાથી તે પેદાજ થએલી છે અને તેની ઉમર પુરી કરી તે ફના થવીજ જોઇએ—અને આખર સરવેનો એક દીવસે ઇનસાફ થઈ પોતાની કરનીનો બદલો મળવોજ જોઇએ. જેમ કે હું પેહેલી સાબેતીમો દુનઆની વસતી પત્રકના હીસાબથી લખી ચુકયો છું કે એ વધારો થતો એક પછી એક બાદ કરતાં આવીએ તો આખરમા એક જોડુ માણસનું, અને એક જોડુ સરવે તરેહના જનાવ- રોનું અને એક એક ઝાડ સરવે તરેહનું સઉ પેદા થએલું રહે છે અને તે સરવે મરણ પામી તેઓની અવલાદથીજ અમો સરવે વધીને આજે દુનયામાં કરોડો અબજ માણસ થયા છે તો જેનો શરૂ હોય તેનો છેડો પણ આવવોજ જોઈએ કેમકે આજે અમો અમારી શુરૂ પેદાય- સના છેડા છઈએચ તો જેનો એક છેડો દેખાઇ તેનો આગલો છેડો હોવોજ જોઈએ અને જેનો આગલો છેડો હોય તેનો પાછલો છેડો આવવોજ જોઇએ તો એ વધારાથી સાબેત થયું કે કરનીનો બદલો મેળ વવા બીજા અવતારમાં આવવું બાતેલ છે કેમ કે સઉના પેદા થએલા ઓની કઈ કરનીજ નહીં હતી તેમજ બીજા નવા વધારે પેદા થએલાની પણ કંઈ કરની આગળની નહીં હતી. તો તેઓનો બદલો મળવો કેમ થાય તેમજ જે સરવેથી છેલા મરનાર છે તેઓનો બદલો પણ કેમ મલી શકે તો એથી અવતાર દુનયામાં લેવો બાતેલ થઈ સરવેને એક વખત મરીને દરેકને પોતાનો બદલો મળવોજ જોઇએ અને એ વગર મળી શકતોજ નથી અને તે બદલો પણ દુનયાના બાદશાહઓ કરતા વધારે થાને દુનયાના બાદશાહોની પુરી નોકરી કરનારને જીવે ત્યાં સુધી બેસ પેનસન આપે અને ના ફરમાનને જીવે ત્યાં સુધી જનમ દેશ નીકાલની સજા કરે તેથી વધારે એક દેવસ ખુદા તઆલાની આગળ સરવેનો ઇનસાફ થઈ તેના તાબેદારોને વગર મોતે હમેસાની જંનત અને નાફરમાનોને વગર મોતે હમેસાની ઝહંનમ મલવીજ જોઇએ અને એથી આગળ મરેલાઓમાંથી ગુનેગારોને માનીનદ કાચી જેહલમાં અને તાબેદારોને સરકારી બંગલાઓમાં દાખેલ થવું છે જે કયામતમાં સરવે પોતાના અસલ જીસમમાં ઉભા થસે અને માણસો પોતાની કરની પ્રમાણે હમેસાજ જંનત અને જહંનમમાં રહેસે અને જનાવરો એક બીજાથી પોતાનો બદલો મેલવી તેની રુહ સુધા નાસ પામસે પણ ખુદા જેને

કાયમ રાખસે તે હમેસા એકજ હાલતમાં રેહસે એ શરવે સકતીવાનના આગળ કંઈજ મોહટું કામ નથી.

હવે ઊપર સાબેત થયું કે અમારો ખુદા એકજ બે મીસલ બે માનીનદ સરવેનો પેદા કરનારો અને તે બે કે તરણ કે તેનો ભાગયો કે તેના ભાઈઓ કે તેની અવલાદ કે તેનો અવતાર નહી થઈ સકવાનો છે અને તેનાજ હુકમથી દુનયા સરવે પેદા થવાનુ અને લોકોને મરીને કરની પ્રમાણે દુનયામાં અવતાર નહી લેવાનુ અને દુનયા સરવે ફના થવાનુ અને આખરમાં સરવેને કરનીનો બદલો મેલવવાનુ છે તો અમોએ તેને માનો તેની તાબેદારી કરવી જોઈએ કે નહી તેના સવાલો અને જવાબો નીચે પ્રમાણે છે.

૧૩ ખુદાને માનવોજ જોઈએ તેનો જવાબ.

સવાલ સુ ખુદાને માનવોજ જોઈએ કેમકે અમો તેને જોતા નથી.

૧ ઇલજામી જવાબ દુનયામાં બાદસાહ કે સરદારને જોયા વગર માનો છો કે નહી જો માનો છો તો ખુદાને પણ જોયા વગર માનો કેમકે દુનયામાં સરવે કોઈ ૧ બાદસાહ કે સરદારને નહી માનેથી પોતાના જાનની સલામતી રહી સકતી નથી માને છે તેમજ ૧ ખુદાને નહીં માનેથી પણ તેની નજાત થઈ સકતીજ નથી.

૨ મીસાલી જવાબ દુનયામા બાદસાહને જોયા વગર જે નહી માને તે બાદસાહથી ફરી ગયલો થઈ હમેસાની સજામાં રેહનારોજ થાય છે તો તેમજ ખુદાને જોયા વગર નહી માનનારો પણ ખુદાથી ફરી ગયલો થઈ હમેસાની સજામાં રેહનારોજ થાય.

૩ ફલસફી જવાબ જયારે ખુદા અમારો પેદા કરનારો પાલનારો થયો તો તેને વગર જોએ માની તેની તાબેદારી કરવી સરવેને ફરજ થઈ અને જે તેનુ ખાય તેના ઘરમાં રહી તેને નહી માને તેને જેહવો નીમકહરામ અને બુરો કોઈજ નહી થઈ સકતો.

૧૪ મજહબ સું છે તેનો જવાબ.

સવાલ મજહબ સું છે અમો જાણતા નથી.

૧ ઇલજામી જવાબ દુનયામાં બાદસાહનું રાજ સું છે તેમજ મજહબ પણ ખુદાનુ રાજ છે. અને દુનયામાં સરવે કોઈ રાજને માનતા આવ્યા છે. તો જેમ રાજને નહી માનેથી એક ખરે રસ્તે સરવે ચાલી સકતા નથી તેમજ મજહબને નહી માનેથી એક ખરે રસતે ચાલી સકતા નથી.

૨ મીસાલી જવાબ દુનયામાં બાદસાહના રાજના કાયદાની તેના એક પછી એક આવતા ગવરનરના વસીલાથી જેમ કરની છે અને જે નહી કરે તે ગુનેહગાર થાય છે તો તેમજ મજહબ ખુદાના રાજના કાઈદાની તેના એક પછી એક આવતા પેગમબરોના વસીલાથી તાબેદારી કરવી છે અને જે નહી કરે તેનુ ગુનેગાર થવું છે.

૩ ફલસફી જવાબ જયારે ખુદા અમારો પેદા કરનાર બાદસાહ થયો તો અમોને તેની તાબેદારી કરવી જરૂર થઈ પણ અમો તેને જોઈ

નહી શકવાથી અને તેનું કહેવું સાંભળી નહી શકવાથી અમારામાંથી તેનો પેગમ્બર એક પછી એક તેની નાશાનાઓ સાથે પેદા કરી તેના મારફતે પોતાના હુકમ પોહોંચાડવાજ જોઇએ અને નહી તો તેના હુકમ શું છે અને તેની તાબેદારી કેમ કરવી તે અમો જાણી શકતે નહી. અને એ વગર અમો કેહવાથી સારા કામો કરીએ પણ તેના હુકમ પરમાણેની તેની તાબેદારી કરવી તો થઇ શકેજ નહી તો જરૂર. માણસને તેના વખતના છેલા પેગમબરની તપાસ કરી તેવણે બતાવેલી મજહબ પરમાણે ચાલવુંજ જોઇએ અને જે તેવણને નહી માને તે ખુદાથી ફરી ગએલો થવોજ જોઇએ કારણ કે એક ખુદાની તાબેદારી પણ વસતી પતરકના હીસાબથી અમો એક જોડાથી પેદા થએલા સરવેપર એકજ તરેની હોવી જોઇએ કેમકે તે એક જોડાનો ધરમ બે કે ત્રણ નહી થઇ શકતા અને ખુદા તઆલા અમોને એમને એમ પણ ચલાવી શકતો હતો તેમ બીજી સરવે ચીજો પણ નહી પેદા કરી પાલી શકતો હતો પણ જયારે બીજી સરવે ચીજો યાને ખેતી હુનર વેપાર વગરે અમારે કરવાની પેદા કીધી તેમજ મજહબની તેની તાબેદારી કરવાની અમોને બતાવીજ જોઇએ તો એનું નામ મજહબ છે.

૧૫ મજહબ માનવુંજ જોઇએ તેનો જવાબ.

સવાલ—શું મજહબ માનવુંજ જોઇએ.

૧. ઇલજામી જવાબ—દુનયામાં બાદશાહના રાજની તાબેદારી કરો છો કે નહીં જો કરો છો તો ખુદાના મજહબની પણ તાબેદારી કરવીજ જોઇએ. કેમકે દુનયામાં સરવે કોઇ રાજની તાબેદારી કરતા આવ્યા છે. તો જેમ રાજની તાબેદારી નહી કરવાથી બાદશાહના તાબેદાર થઇ શકતા નથી તેમજ મજહબની તાબેદારી પણ નહી કરવાથી ખુદાના તાબેદાર પણ થઇ શકતા નથી.

૨. મીસાલી જવાબ દુનયામાં બાદશાહના રાજની તાબેદારી નહી કરે તે રાજથી ફરી ગયલો હમેશાની સજામાં રહેનારો થાય છે તો તેમજ ખુદાના એક ખરા મજહબની તપાસ કરી તેની તાબેદારી કરવી જરૂરજ છે. અને જે નહી કરે તે ખુદાથી ફરી ગયલો હમેશાની સજામાં રહેનારોજ થાય છે.

૩. ફલસફી જવાબ જયારે ખુદા અમારો પેદા કરનાર બાદશાહ થયો તો જેમ બીજી સરવે ચીજો દુનયામાં અમારે માટે પેદા કીધી છે તેમ તેની તાબેદારી કરવાની એક મજહબ પણ અમોને બતાવવીજ જોઇએ કેમકે એ વગર અમો ઇનસાનીયતથી ચાલી શકતે નહીં અને જો અમો અમારી અકલ પરમાણે સારૂ માઠુ ઠેરવી ચાલતે તો સરવે એક તરેપર કદી ચાલી શકતે નહી. જેમકે હાલ અમો એક બીજાનું મજહબ અથવા કામો ખોટા સમજી જુદા જુદા ચાલીએ છીએચ તેમ કોઇ કામ ખોટું ચાલવું પણ લોકોનું ઠરતે નહીં તેમ ખુદા તઆલાએ અમારો ઇનસાફ કરી જજા સજા આપવી પણ ઠરતે નહી તો ફરી તે અમારો

પેદા કરનાર બાદશાહ પણ કેમ ઠરતે તો જરૂર માણસોને એક ખરા મજહબની તપાસ કરી તેની તાબેદારી કરવા વગર છુટકારોજ નહી થઈ શકતો અને જે નહી માને તે ખુદાથી ફરી ગએલો હમેશાના અજાબમાં રહેનારોજ થવો જોઈએ.

૧૬ મજહબમાં શું હીકમત છે તેનો જવાબ.

સવાલ— મજહબમાં શુ હીકમત છે.

૧. ઇલજામી જવાબ—દુનયામાં બાદશાહના રાજમાં શું હીકમત છે તેવીજ ખુદાના મજહબમાં પણ હીકમત છે અને દુનયામા સરવે કોઈ રાજની હીકમત માનતા આવ્યા છે તો જેમ રાજ વગર કોઈને સુખ મળી શકતું નથી, તેમજ મજહબ વગર કોઈનો છુટકારો થઈ શકતો નથી.

૨. મીસાલી જવાબ—દુનયામાં બાદશાહના રાજમાં જેમ એક બીજાના જાન માલને નુકશાન નહી કરવાની અને દરેક ભલુ બુરૂ સમજી તે પરમાણે ચાલવાની અને તેના બદલામાં બેગુના કે ગુનેગાર ઠરવાની અને તેની હકુમત સ્વીકારવાની હીકમત છે તેમજ ખુદા તઆલાની મજહબમાં પણ એક બીજાના જાન માલને નુકશાન નહી થવાની અને દરેક હલાલ હરામ સમજી તે પરમાણે ચાલવાની અને તેના બદલામાં જજા સજા પામવાની અને તેની ખુદાઈ સ્વીકારવાની હીકમત છે.

૩. ફલસફી જવાબ—જ્યારે ખુદા અમારો પેદા કરનાર બાદશાહ થયો તો તેના પેગમબરના વસીલાથી અમોને એક બીજાના જાન માલની હીફાજત રહેવાની અને દરેક ભલુ બુરૂ સમજી તે પરમાણે ચાલવાની અને તેના બદલામાં જજા સજા પામવાની એક મજહબ બતાવીજ જોઈએ અને નહી તો અમો એક બીજાના જાહેર અને છુપા જુલમથી બચી ખુદાને ત્યાં નજાત પામી નહી શકતે તો મજહબમાં એ હીકમત છે.

૧૭. મજહબની શું જરૂર છે તેનો જવાબ.

સવાલ— મજહબની શું જરૂર છે કેમકે ભલુ બુરૂ અમે સમજી સકીએ છઈએચ.

૧. ઇલજામી જવાબ—દુનયામાં બાદશાહના રાજની શું જરૂર છે. તેમજ ખુદા તઆલાના મજહબની પણ જરૂર છે. કેમકે દુનયામાં સરવે કોઈ રાજની જરૂર માનતા આવ્યા છે તો જેમ રાજને નહી માનેથી ખરાબીએ પહોંચવુ છે તેમજ મજહબને પણ નહી માનેથી ખરાબીએ પોંહોંચવુ છે.

૨. મીસાલી જવાબ—દુનયામાં બાદશાહના એક પછી એક આવતા ગવરનરના હુકમ પરમાણે પોતાની મરજી વગર ચાલ્યાથીજ તેની તાબેદાર રઈયત ગણાય છે અને તેમાં જો કંઈ કસુર થાય તો તેનાજ વસીલાથી તેનો ગુનો માફ થાય અથવા તેની સજા ભોગવીને પણ તેનો છુટકારો થાય છે તો તેમજ ખુદા તઆલાના એક પછી એક આવતા પેગમબરોના બતાવ્યા પરમાણે પોતાની મરજી વગર ચાલ્યાથીજ તેના ખરા તાબેદાર બંદા થાય અને તેમાં કાંઈ ગુનો થાય તો તેવાણના વસીલાથીજ તે માફ થાય અથવા તેની સજા ભોગવીને પણ તેનો છુટકારો થાય.

૩. ફલસફી જવાબ જયારે ખુદા અમારો પેદા કરનારો બાદસાહ થયો તો તેના એક પછી એક આવતા પેગમબરોની તાબેદારી કરવા વગર અમારો છુટકારો નહી થઇ શકતો અને તેની તાબેદારી કરવી અમોએ કબુલવા પછી પણ તેની પુરેપુરી તાબેદારી તો અમારેથી થઇજ નહી શકે તો અમો તેના ગુનેગાર તો થયા તો તેની સજાથી છુટકારો પામવા માટે તેના પેગમબરની તાબેદારી કબુલવાથીજ પેગમબરની સીફારસ અને ખુદા તઆલાની બક્ષીસથી અમારી નજાત થાય તો મજહબ વગર અમારો છુટકારોજ નહી થઇ શકતો અને જેની મજહબ નહી હોય તે જનાવરોથી પણ બુરો થવો જોઇએ કેમકે જનાવરો બે અકલ છે અને તેઓનુ મજહબ નહી છે.

૧૪ મજહબ કેહવી રીતે પેદા થયું તેનો જવાબ.

સવાલ—મજહબ દુનયામાં કેહવી તરેહથી પેદા થયું.

૧. ઇલજામી જવાબ—દુનયામાં બાદશાહનું રાજ કેહવી તરેથી પેદા થયુ અને વગર રાજની દુનયા કહી વખત હતી ? નહી તો મજહબ પણ તેમજ પેદા થએલું છે કેમકે દુનયામાં સરવે કોઇ રાજ કે સરદારનું હોવું માનતા આવીયા છે તો જેમ રાજ સરૂથીજ દુનયામા પેદા થએલુ છે તેમજ મજહબ પણ સરૂથીજ પેદા થએલું છે.

૨ મીસાલી જવાબ દુનયામા જયારથી પેહેલો આદમી પેદા થયો અને તેવણ પોતાની અવલાદપર હુકમ કરનારા બાદસાહ થયા તો તેમજ તેઓ ખુદા તઆલાના પેગમબર પણ થઇ તેઓને મજહબ બતાવનારા પણ થયા છે તો જેમ રાજને માનવું જોઇએ તેમ મજહબને પણ માનવુંજ જોઇએ.

૩ ફલસફી જવાબ જયારે ખુદા અમારો પેદા કરનારો થયો તો વસતી પતરકના હીસાબથી પેહેલા આદમી હજરત આદમ અલેહીસ સલામને પેગમબરી અને હકુમત આપવીજ જોઇએ અને નહી તો તેવણની અવલાદનો બંધોબસ્ત અને ખુદાની તાબેદારી કેહવી રીતે કરવી તે થઇજ નહી સકતે તો સરૂથીજ મજહબ અને હકુમત તેવણની સાથેજ પેદા થએલી છે અને એ વગર કોઇ એવો બાદશાહ નહીજ થઇ શકતો કે જેની કંઇ તાબેદારીજ કરવી નહી હોઇ તેમજ પોતાની મરજી મમાણે તેની તાબેદારી કરવી હોઇ તો ખુદા તઆલા વગર તાબેદારી કરાવનારો કેમ થઇ શકે.

૧૫ મજહબ શું સબબથી એક વખત નાકાબેલ થાયુ તેનો જવાબ.

સવાલ મજહબ શું સબબથી એક વખતમા નાકાબેલ થયુ કેમકે તેપણ પેગમબરનુંજ બતાવેલું હતું.

૧ ઇલજામી જવાબ દુનયામાં બાદસાહના એક પછી એક આવતા અમલમાંથી આગલા ગવરનરનું નામ અને કેટલાક કાયદા નાકાબેલ થાઇ છે કે નહી જો થાય છે તો તેમજ આગલા પેગમબરનુ મજહબ

પણ નાકાબેલ થાઈ છે કેમકે દુનયામા સરવે કોઈ રાજને એમજ માનતા આવીયા છે અને જેમ નવા નવા ગવરનર અને તેના કાઇદાને નહી માનેથી તેજ રાજના ગુનેગાર થાઇ છે તેમજ નવા નવા પેગમબરની પણ તાબેદારી નહી કરવાથી તેજ ખુદા તઆલાના ગુનેગાર થવું છે.

૨ મીસાલી જવાબ જેમ દુનયામાં બાદસાહના ગવરનર અને જે વખત જેમ જોઈએ તેમ કેટલાક કાઇદા બદલાતા આવે છે અને આગલાનુ નામ અને કેટલાક કાઈદા નાકાબેલ થતા જાય છે અને જે તેને નહી માને તે રાજનો ગુનેગાર થાઇ છે તેમજ ખુદાના પેગમબરો પણ એક પછી એક આવીયાથી અને જે વખત જેમ જોઈએ તેમ કેટલાક હુકમો બદલાવાથી આગલા પેગમબરના નામનુ મજહબ નાકાબેલ થતા જાય છે અને જે છેલા પેગમબરને અને તેવણના હુકમને નહી માને તે ખુદા તઆલાને માનવાથી બાતેલ થઈ હમેસાનો ગુનેગાર થાઇ.

૩ ફેલસફી જવાબ જયારે ખુદા અમારો પેદા કરનારો થયો તો તેની તાબેદારી કરવાની એક મજહબ અમોને બતાવવા અમારામાથી તેનો પેગમબર પેદા કરવોજ જોઈએ અને તે પેગમબર હમેશા તો જીવતો નહી રહે તો લોકો તેમાં કંઇ ફેરફાર થવાજ જોઈએ તો લોકોને પાછા રસ્તે લાવવા અને જે તેમ નહી માને તેઓથી જુદા પાડવા એક પછી એક પેગમબર જેમ જે વખત જોઈએ તેમ કેટલાક કાઇદા બદલીને મોકલવાજ જોઈએ તો એથી આગલા નબયોના નામનુ મજહબ એક પછી એક નાકાબેલ થવાજ જોઈએ અને નહી તો ખોટા અને ખરા તાબેદારોમા ફરક નહી થઇ સકતો અને જે છેલા પેગમબરની તાબેદારી નહી કરે તે કદી મંસુબ મજહબની તાબેદારી કરનારો નહી થઈ સકતો તો આગલા મજહબ એટલા માટે માનવાને નાકાબેલ થયા.

૨૦ ખુદાના નામથી બીજાની તાબેદારી નહી કરવાનો જવાબ.

સવાલ શું ખુદાના નામથી બીજી ચીજની તાબેદારી યાને બંદગી કરવી તેની થઇ સકતી નથી કેમકે તે સરવેને જોનારો અને જાણનારો છે.

૧ ઇલજામી જવાબ દુનયામા બાદશાહનો ખીરાજ તેના દખતા બીજા કોઇ નહી ઠેરવેલાને બાદસાહનો ખીયાલ રાખીને આપે તો તે અદા થઇ સકે છે જો નહી થાઇ તો ખુદા તઆલાની બંદગી તેના જાણવા છતા બીજી ચીજની કરવાથી તેની બંદગી કરવી અદા કેમ થઇ સકે.

૨ મીસાલી જવાબ દુનયામા બાદસાહને જે માનપાન આપવાનું છે અને તેનેથી જે પોતાની હાજતો માંગવું છે તે માનપાન તેના દખતા તેની કોઈ ચીજ કે ગુલામને બાદસાહ ઠેરવીને આપે અને તેનેથી પોતાની હાજતો માગે તો તે કદી માનપાનને લાયકનો થઇ લોકોની હાજતો આપી સકે નહી તો તેમજ ખુદા તઆલાનો દરજો ખુદાનોજ ખીયાલ રાખી તેની કોઇ અદના પેદા કરેલી ચીજને આપી તેનેથી પોતાની હાજતો માગે તો તે કદીતે દરજાનો થઇ લોકોની હાજતો આ

પી શકે નહી.

૩૦ ફલસફી જવાબ જ્યારે ખુદા અમો સરવેનોજ પેદા કરનારો અખલા બે મીસલ બે માનીનદ થયો તો ફરી કોઇ ચીજ તેના દરજાને લાયકની થઇ શકતીજ નહી અને તે અમારા કોઇ કામથી પણ અંજાણ્યો થઇ શકતોજ નથી તો તેનોજ અમોને ખાલેસ બંદગી કરવાની છે અને તેનેથીજ સરવે હાજતો માગવાની છે તો તે બે મીસલ બે માનીનદનીજ કોઇ ચીજ વગર ખાલસ બંદગી કરવા અને તેનેજ પાસે માંગવા વગર તેના બંદગી કરવી કદી નહી થઇ સકતી કેમકે જે પોતાના બાપની તાબેદારી અને ખીદમત કરવાના બદલામો તેના દામના તેનોજ ખીયાલ રાખી તેની કોઇ બનાવેલી ચીજની તાબેદારી અને ખીજમત કરે તો તે બેશકક નીમકહરામજ થાય તેમજ પોતાની ઓરતના દામતા તેનોજ ખીયાલ રાખી બીજી કોઇ ઓરત સાથે સુવે તો જરૂર તે હરામખોરજ થાય તો તેમજ ખુદાનો ખીયાલ રાખી બીજી કોઇ ચીજની બંદગી કરવી પણ ખુદાથી ફરી ગયલા યાને કાફર મુશરેકજ થાય અને જેઓ તેવી બંદગયો કરી પોતાનું રખસણ [illegible] અને તેઓથી માગાગયો મલવુ શમજે છે તે તેઓની તદન ગુ[illegible] થાય છે કેમકે જેણે પેદા કરેલા છે તે તો સરવેનુજ રક્ષણ તે એટલા સુધી કે જેઓ કોઇને પેદા કરનારેજ માનતા નથી અને તેની બંદગી પણ કરતા નથી તેઓનુ પણ રખસાગ કરી તેઓની ઉમેદો બર લાવે છે તો ફરી બીજી ચીજોની બંદગી કરવાથી તે મલવું કેમ થઇ સકે.

હવે અમારો પેદા કરનારો એક ખુદા બે મીસલ બે માનીનદ થયો. અને અમોને તેની એક ખરી મજહબ તપાસ કરીને માનવી સાબેત થઇ તો ઉપલા સરવે કાયદાનો ખીયાલ રાખીને ચાલુ મજહબો માંથી કોણ તેના ખરા માનનારા છે તે તપાસી જુવો.

૨૧ એક લોક એવા છે કે ખુદાને માનતાજ નથી. અને કોઇની બંદગી કરતાજ નથી અને દુનયા હમેસાથી એમજ છે. અને એમજ ચાલયા કરવાની માને છે અને પોતાની ખુસીમાં આવે તેમ સારૂ માઠુ ઠેરવા ચાહે છે તો એ અકીદાવાલા પણ આગલી સાબેતીયોથી બાતલ થયા છે. અને એ લોક દેહેરયા છે.

૨૨ એક લોક એવા છે કે ખુદાને કંઇ નહી કરનારો એટલે એક દરજાનુ નામ માને છે અને દુનયા અનાદ હોવાનું અને દરેક ચીજ પોતાની તાસીરોથી પેદા થવાનુ અને પોતેજ સરવે કરનારા અને પોતાની કરની પરમાણે મરીને દુનયામાં પાછા અવતારો લીયા કરવાનુ અને તેથી છુટીને ખુદાઇ દરજામાં મલવા માટે દુનયાના કામો મુકી દઇ માથું બોડાવી પીલું અથવા ઉજળુ એક કપડું પેહેરી ઓગાળી માંગીખાવું અને કોઇ જાનને નહી મારવુ સવારી નહી કરવું. દરયા પાર નહી જવું મોહડા ઉપર પડદો બાંધવું, નજાસત વીખેરી નાંખવું બીજાઓને સારો અવતાર મલવા માટે મોહટા મોહટા અપાસ યાને રોજા રાખવું. અને જનાવરો છોડાવવું બેગત કરવું ગતના જનાવરો મોહડામાં જઇ મરવાના સબબથી નહી ખાવું બોઇ અંદરમા પાકેલી ચીજો નહી

ખાવું તાડની તાડી થવાના સબબથી તેના વલફણા ગલેલી નહી ખાવું. અને ખજુરીની તાડી થવા છતાં ખજુર ખાવું અને પાંણી જનાવરો પેટમા જવાના સબબથી ગાળીને પીવુ રંડાયલીયો બઇરાંઓ ફરી નહી પરણવું બઇરીયોનુ મરદના અવતારમાં આવ્યા વગર મુક્ત નહી થવું, બે ફરદા બીજાઓ સાથે બેસવુ હસવું અને બાજાઓને અડકાવું અને તેઓના હાથનુ આપેથી નાખેલુ ખાવું અને બીજાને ધરમમાં નહી લેવુ. અને ૨૪ આદમી તીરઠંકરોને ખુદાઇ દરજાના ધપવાઓની મુરતીયો પુજવુ. અને મરેલાઓને બાલવું માને છે અને એ સીવાએ જુઠુ ચોરી દગો ખુન જીના વગેરે કરવા સરવે ધરમમાં મના છે જે હું લખતા નથી અને એ લોક જૈન સરાવગ વાણીઆ છે અને એવણનો પેહેલો માનીતો આદનાથ ને થયાને સંખો પદમ વરસ અને છેલો માનીતો મહાવીરને ૨૬૦૦ વરસ થએલા માને છે તો એ ધરમ વાલા પણ આગલી સાબેતીયોથી બાતેલ થયા છે અને એજ મહાવીરનો ચેલો ગોતમના મત ઉપરથી બુધ્ધો મજહબ પણ આહેંદના ઉતરે આવેલા કપીલ વસ્તુ ગામના રાજાના છોકરા બુધ્ધોએ બનાવયો છે અને તેણે પેહેલા એ મજહબ કાસીમાં જાહેર કરયો છે પણ એમાં થોડો ફરક છે કે એ લોક સરવે જાનવરો મનાઇ છતા ખાઇ છે અને સરવે સાથે પણ છે અને ઇસતીનજા પાક કરતા નથી અને બુધ્ધો અને બીજાઓ ખુદાઇ દરજાના થઇને મરેલાઓના હાડકા રાખ વાલ વગેરે પર ગાજર જેહવા ટાવરો ખુનખાના બનાવી અને તેઓની મુરતીયો બનાવી પુજે છે અને મરેલાઓને ગાડે અને બાલે છે. અને એ લોક સીલાન બરમા સીયામ ટીબેટ ચીન અને જાપાન વાલા છે અને એવણના બુધ્ધાને જેને કે ગોતમ પણ કહે છે. થયાને ૨૫૩૬ વરસ થએલા માને છે. અને એ સેવાએ ચીનમાં કુંજી અને કાંક ફુતસાહ અને લાવતસાહ મજહબ પણ એવીજ તરે દરેક ચીજના જુદા જુદા ખુદા માની તેઓની મુરતીયોને ફટાકા કાગજ વગેરે બાલીને પુજે છે. અને એવણના કાંકફુતસાહને થયાને ૨૫૦૦ વરસ થએલાં માને છે તો એ ધરમવાળા પણ આગલી સાબેતયોથી બાતેલ થયા છે અને એ મેં કેટલુંક આંખોથી જોયલું અને ૧૮૮૨ના જુરે ઇલમ અને જેનગત અને તોહફતુ હીન વગેરે પરથી લખ્યું છે.

૨૩ એક લોક એવા છે કે દુનયાને અનાદ માની ખુદા અને રૂહ અને જરરા હમેસાથી હોવાનું અને રૂહ અને જરરાહથી દુનયામાં સરવે પેદા થયા કરવાનુ અને માણસને મરીને કરની પરમાણે અવતારો લીયા કરવાનુ અને ગવ વગેરે જનાવરો નહી મારવાનુ અને ખેરાત કરવાનુ અને નીયોગ એટલે પરાયાથી ઓલાદ હાસલ કરવાનુ અને હોમ કરવાનુ અને ફકત વેદ અને મનુસમરતીને માનવાનુ અને મુરતીઓ નહી પુજવાનુ અને મરેલાઓને બાલવું માને છે અને એવણના વેદને અને માણસને પેદા થયાને એક અબજ છંનુ કરોડ આઠ લાખ બાણુ હજાર નવસો પંચોતેર વરસ થએલા માને છે તો એ ધરમવાલા પણ આગલી સાબેતીયોથી બાતેલ થયા છે અને એ લોક

હીનદુ આરયા છે અને એ મેં કેટલુક આંખે જોઈલું અને કેટલુંક દેહનોમાં અને વેદાની હકીકત અને સગુરૂએ શીયાનંદ ઉપરથી લખ્યુ છે

૨૪ એક લોક એવા છે કે એક ખુદા નીરગુન યાને વગર ગુણનો માની પછી તેના તરણ ગુણ થવાનુ યાને રજ સત અને તમ જેની સુરત બરહમા પેદા કરનાર અને વીસનુ પાલનાર અને મહાદેવ માર નાર એ ત્રણ મલીને એક ખુદા હોવાનુ અને તેઓનુ ભલા બુરા સાચા જુઠા કામો કરવાનુ અને બાજાઓથી આજીજ થઇ દેવો વાંદવા વગેરે ની મદદ લેવાનુ અને બીજાની ઓરતોથી એસ કરવાનુ અને માણસ ને મરીને કરની પરમાણે તરેતરેના યાને માણસ જનાવરો અને ઝાડો પથરા વગેરેના અવતારો લેવાનુ અને સારા અવતારો મલવા માટે ઉપલાઓની મુરતીઓ અને તની કુ જગ્યા યાને લીંગ જગ હરી વગેરેની મુરતીયો અને ઝાડો જનાવરો અને આગ પાણી ચાંદ સુરજ વગેરેની પુંજા કરવાનુ અને ખેરાત કરવાનુ અને રંડાલીયો ઓરતો કોઇ જાતે નહી પરણવું અને કોઇ જાતે પરણવું અને મરદ સરવેએ બરોબર પરણવું અને કોઇ જાતે માસ મછી દારૂ નહી ખાવું પીવું અને કોઇ જાતે ખાવુ પીવું. અને કોઇ જાતે એકજ બઇરી કરવું, અને કોઇ એ બે ચાર કરવું. અને જીવતા સતી યાને બલી મરવુ. આગથી ચીરાવું. તરે તરેથી જીસમને તકલીફો આપવું તરે તરેના નીકાહ ઘેરથી ઓરતોથી એસ કરવું બે પરદા સરવે સાથે બેસવું ફરવું અને છાણ મુતર પીને પાક થવું બીજાથી અડકાવુ બીજાને ઘરમાંગાં નહી લેવું અને મરેલાને બાલવું અને કોઇને ગાડવું માને છે. અને એ લોક હીંદના હીંદુઓ છે. અને એઓમાં ઘણા ફીરકા તરે તરે પર ચાલે છે. પણ સરવે વેદ પુરાણ અને સાસતરોનેજ તાબે છે અને એવણનો પેહલો માનીતો બરહમાને યાને કરોડો વરસ અને કેલા કરસને યાને ૨૩૮૩ વરસ થઇલા માને છે તો એ ધરમવાલા પણ આગલી સાજેતીયોથી બાતેલ થયા છે અને એ મેં કેટલુક આંખે જોઇલું અને તોહફતુલહીંદ અને રંદે હીનદુ અને સાવતુલાહુલજ બાર વગરેથી લખ્યુ છે.

૨૫ એક લોક એવા છે કે એક ખુદા માની પછી બે યાને એક હોરમજદ જે પેહલા સાતરૂહો અમશાસ પંદા યાને આસમાનના બાદ-શાહોને પેદા કરનાર તે પછી નુરની રૂહોને પેદા કરનાર તે પછી સરવે સારી મખલુકનો પેદા કરનાર નેકયાનો અસલ માને છે અને બીજો આહરમન જે મોહટા બુરા સાત દેવ અને બીજા દેવો અને સરવે બુરી મખલુકનો પેદા કરનાર અને બદીયોનો અસલ માને છે જેને સપેનત મીનો અને અંગરેમીનો એ બે એક બીજાનો મુકાબેલ પેદા કરનાર માને છે અને હમેસા એક આગને કાયમ રાખી તેમાં સંદલ લોબાન વગરે બાલી પરસતેસ કરે છે તેમજ પાણીમાં ખાંડ ફુલ વગેરે નાંખી અને સુરજના સામુ હાત જોડી હોરમજદ અને સાત આસમાની બાદ શાહ વગેરેના નામની પુંજાઓ કરે છે અને ઓરતોને હેજ આવયાથી અને જણવાથી તેને અલગ કરવું અને તેને તથા મુરદાને હાત નહી લગાડવું

અને મઈયતનું મોહડું કુતરાને દેખાડવું. અને ગાય નહી મારવું અને તેનો પેસાબ આંગે લગાડવું અને નીરંગપીને પાક થવું અને હજામ હજામડી અને ભંગીથી અડકાવું અને કુતરા મરનાને ખવાડવાથી ઘણો સવાબ મળવું અને ખેરાત કરવુ અને બીજાને ધરમમાં નહી લેવું અને મરેલાઓની રૂહોને માટે મેવા વગેરે ખાવા મુકવુ અને મોહડાન નાપાક ગણી આઘેથી તેમાં ખાવુ પાણી નાંખવું. અને કમરમાં કસતી એટલે એક પાટી પહેરી રાખવું અને ઓરતોએ બે પરદા કરવું કરવું અને મયતને એક ઘેરેલી ખુલી જગયમાં મુકવું માને છે જેને ગીદ વગેરે જનાવરો ખાઈ હાડકાવો રખડાવે છે અને એ લોક જરથોસ્તી પારસીયો છે અને એવણનો પેહલો માનાતો મહાબાદને થયાને બે હીસાબ વરસ અને છેહલો જરથોસ્તને જેનો પેહેલો ચેલો ગુસ્તાસપ બાદશાહને થયાને ૨૫ ૩૬ વરસ થઈલા માને છે તો એ ધરમવાળા પણ આગલી સાબેતીઓથી બાતેલ થયા છે અને એમે કેટલુંક આંખે જોઈલુ અને કેટલુક દસાતીર અને તરીકુલ હયાત અને જરથોસ્તી તથા ક્રીસ્તીયાન દીનનો મુકાબલો વગેરેથી લખ્યું છે.

૨૬ એક લોક એવા છે કે પોતાના જીવનેજ ખુદા અને પોતાના દેહને ખુદાનુ ઘરમાની માતાને બે મીસલ બે માનીનદ રૂપમાંથી જાહેર થએલી ને તરસુલની નીશાનનો ખ્યાલ રાખવો અને વેદના ગીયાન કાંડને માનવો અને માસ દારૂ નહી વાપરવું ગુરૂઓની શીખામણ ખુદાની શીખામણ જાણવું ગુરૂઓના લખાણોને વેદ જેહવા જાણી તેની પુજા પતરી કરવી અને બીજા ધરમવાળાઓને મારી નાંખવાથી ખુદાને પરસન થવું અને જનાવરો નહી મારવું અને દહાડામાં એક વખત ખાવું મુછ દહાડી વધારવુ પાઘડીમાં લોહોડાનું ચકર રાખવું માને છે. અને એ લોક શીખ છે. તો એ ધરમવાળા પણ આગલી સાબેતીઓથી બાતેલ થયા છે અને એવણનો માનાતો નાનકને ૧૬માં સેકાનાં થએલો માને છે. અને એ સેવાએ બીજા ઘણા ધરમ વેદનાજ આધારે ચાલનારા છે અને એ મેં કેટલુંક આંખે જોયલુ અને મુકત સાસતર વગેરેથી લખ્યું છે.

૨૭ એક લોક એવા છે કે એક ખુદા માની કોઈ ધરમના બંધાણમાં નહી રહી દરેક પોતપોતાની અકલ પરમાણે ભલુ ખુરૂ ઠેરવી તે પરમાણે ચાલવું માને છે અને મજહબ બેદીલમવાળાઓને માટે હોવું માને છે. અને એ લોક ઘણું કરીને આજ કાલના સુધરેલા કહેવાતા લોકો છે. અને એવીજ તરેથી આફ્રીકા વગેરેના જંગલી લોકો પણ એક ખુદા હોવાનું માની પોત પોતાની અકલથી ભલુ બુરૂ ઠેરવી ચાલે છે તેમજ એકલોકો ખુદાને કઈ નહી કરનારો માની દરેક ધરમ કએક ભુલો સાથે ખરા હોવાનું અને પોતાની અકલથી ભલુ બુરૂ ઠેરવી ચાલવું, અને અવતાર લેવું માને છે. અને એ લોક ઠીયોસોફીકલવાળા છે તો એ અકીદા વાલા પણ આગલી સાબેતીયોથી બાતેલ થયા છે. અને એ મે કેટલુંક આંખે જોઇ અને તેઓથી સાંભળી અને છાપાઓના લખાણો વગેરેથી લખ્યું છે.

૨૮ એક લોક એવા છે કે ખુદાને ખાતો પીતો બગીચામાં ફરતો, થાકતો, પસતાતો, દલગીર થતો, ડોસો થતો, લોકોથી હારી જતો, બે ખબર બઇરી છોકરાવાળો માની સરવે પેગમબરોને નહી માની પોતાને ખાસ ખુદાના લોગો હોવાનું અને જણેલી ઓરતો અને હેજવાળી ઓરતોને અલગ રાખવુ અને એહતેલામવાળા મરદને ઘરથી બહાર થવુ અને કોઇની કુવારી છોકરી કોઇને મલે અન તેને તે ખરાબ કરે તો તેના બાપને ૫૦ મીસકાલ રૂપુ એટલે આસર રૂ૦ ૧૭ આપીને હમેશાં તેને ઓરત કરી લેવું અને લડાઇમાં સામાવાળા બાજી કોમના છોકરાં ડોસા બઇરાં જનાવરો ઝાડો સરવેને મારી નાંખવું અને ખેરાત કરવું અને હા૦ મુસા આ૦ ને જે હવા તેવણના ભાયોમાંથી એક નબી થવાનું માને છે અને એ લોક હાલના યહુદી ઇસરાઇલ છે તો એ ધરમવાળા પણ આગલી સાબેતીઓથી બાતેલ થયા છે અને એવણનો પેહલો માનીતો પેગમબર હાજરત આદમ અલેહીસ સલામને થયાને ચુનાની બાઇબલ પરમાણે ૭૨૨૯ વરસ અને પેગમબર હા૦ મુસા અલેહી સસલામને કે જેવણના કાગદા પરમાણે યહુદીઓ ચાલે છે. થયા ને ૩૪૭૦ વરસ અને હા૦ મલાકી આ૦ ને થયાને ૨૨૯૬ વરસ થએલા માને છે અને એ સરવે પેગમબરો હા૦ મુસા આ૦ નીજ સરીયતને તાબે હોવું માને છે. અને એમે કીરસથીઓનું માનેલું અહદે અતીક યાને તોરાત અને સહીફાઓથી લખ્યું છે અને જુનાની સાલઇજહારૂલ હકપરથી લખ્યા છે અને એ વાતોના પતા જોવા હોય તો પેદાયસ. બા૦ ૧૮ આ૦ ૧થી ૨૨ અને બા૦ ૩ આ૦ ૮ અને યરમીમાં બા૦ ૧૫ આ. ૬ અને પેદાયસ બા૦ ૬ આ૦ ૬ અને યસઅયા બા ૪૬ આ. ૩–૪ અને કાજીયો બા૦ ૧ આ૦ ૧૯ અને પેદાયસ બા૦ ૧૮ આ૦ ૨૧ અને હજકીલ બા૦ ૨૩ આ૦ ૧થી ૪ અને અહબાર બા૦ ૧૨ આ૦ ૨ અને બા૦ ૧૫ આ૦ ૧૯થી ૨૦ અને ઇશતસના બા. ૨૩ આ૦ ૧૦ અને બા૦ ૨૨ આ ૨૮–૨૯ અને બા૦ ૨૦ આ. ૧૬થી ૨૦ અને બા૦ ૨૬ આ૦ ૧૨ અને બા. ૧૮ આ૦ ૧૮થી ૨૨માં જુવો અને એથી વધારે જોવું હોય તો મારી કીતાબ તબલીગુલ ઇસલામમા જુવો.

૨૯ એક લોક એવા છે કે બાપ દીકરો અને રૂહુલ કોદોસ એ ત્રણ મલીને એક ખુદા એટલે બાપ પેદા કરનાર અને દીકરો ગુનાથી છોડવનાર અને રૂહુલ કોદોસ હીદાયત કરનાર અને તેઓનું માણસ અને ખબુતરનું જીસમ લઇ દુનયામાં પેદા થઇ સરવે ચીજોનો મોહતાજ રહી સુખ દુખ ભોગવી મરણ પામી લાનતી મલઉન થઇ પાછો જીવતો થઇ જહંનમાં જઇ મુનાદી કરનાર અને ફરી આસમાનપર જઇ ખુદાની જમણી બેસવું માને છે અને સરીયતપર નહી ચાલવાનુ અને મસીહથી આગલા સરવે ચોરડાકુ હોવાનુ અને દુનીયામાં કોઇ ચીજ નાપાક નહી હોવાનું અને સરવે ખાવાનું અને સરવે ધરમવાળા સાથે ઓરત મરદ થઇ રહેવાનું અને ધરમની બાબતમાં જુઠુ બોલવાનું અને પઇસાવાળાને અને સુખ ભોગવનારને ખુદાને તીયાં ભુખ્યા અને ગમગીન થવાનું અને ઇસાઇ ગુનેગારનો છુટકારો નહી થવાનું અને બે

કોઈ કાંઈ માગેતે તેને આપવાનુ અને ઈમાનવાળાથી ઝાડ પહાડ ચાલવાનું અને તેઓને જેહેર નુકસાન નહીં કરવાનુ અને બીમારો પર હાત મુકી સારા કરવાનુ અને હ૦ ઈસાઅલેહીસસલામને બાદ રૂહુલ કોદોસયાને ફારકલીત આવવાનું માને છે અને તેના મતલબ આગ જેહવી જબાનો ઉતરવુ માને છે અને એ લોક હાલના ઈસાઈ કીરસ્તી છે તો એ ધરમવાળા પણ આગલી સાબીતી ઘાથી બાતેલ થયા છે. અને એવાગુનો પેહલો માનતો હ૦ આદમ આ૦ને થયાને ૫૯૦૩ વરસ અને છેલા હ૦ ઈસાઆ૦ ને થયાને ૧૮૯૯ વરસ થઈલા માને છે. અને એ તે ઇસાયોની ઈનજીલ અને ખતો યાંને અહદે જદીદથી લખ્યું છે અને એ સરવેના પતા જોવા હોય તો ૧. યુહુના બા. ૫ આ. ૭ અને યુહુના બા. ૧ આ, ૩ અને ૨૯ અને ૩૩ અને ૧તમતાવસ બા. ૩ આ. ૧૬ અને મતીબા. ૩ આ૦ ૧૬ અને લુકા બા. ૯ આ૦ ૫૮ અને મરકસ બા૦ ૧૧ આ૦ ૧૨–૧૩ અને મતી બા. ૨૭ અને ૨૮ અને ૧ પતરસ બા. ૩ આ. ૧૮ થી ૨૦ અને ગલાતીયો બા. ૩ આ૦ ૧૧ થી ૧૩ અને યુહુના બા૦ ૧૦ આ. ૧૮ અને તેતસ બા. ૧ આ. ૧૫ અને ૧ કરંતીયો બા. ૧૦ આ. ૨૫–૨૬ અને બા. ૭ આ ૧૨–૧૩ અને રૂમીયો બા. ૩ આ. ૭ અને લુકા બા. ૬ આ. ૨૪–થી ૩૦ અને ઈબ્રાનીયો બા. ૧૦ આ. ૨૬ અને બે પતરસ બા૦ ૨ આ. ૨૦થી ૨૨ અને મતી બા. ૧૭ આ. ૨૦ અને લુકા બા૦ ૧૭ આ૦ ૬ અને મરકસ બા. ૧૬ આ. ૧૭–૧૮ અને યુહુના બા૦ ૧૬ આ૦ ૧થી ૭ મા જુવો અને એથી વધારે જોવું હોય તો મારી કીતાબ તબલી ગુલ ઈસલામમાં જુવો.

૩૦ એક લોક એવા છે કે એક ખુદા ઓખલોજ સરવેનો પેદા કરનાર જીવતો સરવે સકતી વાન દાનો સરવેને જોનારો સાંભળનારો ઈરાદો અને કલામ કરીમવાલો જે ચાહે તે કરનારો ન તેનો કોઈ ભાગયો ન કોઈ તેને જેહવો ન તેના માં બાપ ન ઓરત બચ્ચા ન તે કોઈનો મોહતાજ કે ગરજ વાલો ન તેના હુકમથી કંઈ બહાર ન તેનો જમાનો ન તેનુ ઘર ન તે અમારા વહેમ અને ગુમાન જેહવો માની તે પછી તેના હુકમ બરદાર ફીરસતા હોવાનુ અને તેની કીતાબો જે કે નબયો પર મોકલેલી તે ખરયો હોવાનુ અને તેમાં સરવે ખરો રસતો દેખાડવો હોવાનુ અને તેમાં ફેરફેર થઈ જવાનુ અને તે સરવે નબયોને ખરા માની લોકોને રશતો દેખાડનાર આગેવાન હોવાનુ અને ઈનસાફનો એક છેલો દેરસ થવાનુ અને પોતાના સરવે અમલને જોવાનુ અને ખુદાના હુકમથી સરવે ભલું બુરૂ થવાનુ અને મરીને પાછા તેવાજ આખેરતમાં જીવતા થઈ ખુદાને ઈનસાફ આપવાનું માની તેના છેલા પેગમબર અને છેલી કીતાબ કે જેના બાદ બીજો પેગમબર કે કીતાબ નહી થવાનુ માની તેની તાબેદારી કરે છે. જેની ગુખ્યે બીના પાંચ છે એટલે પેહલો કલમો પહડવો યાને ગવા આપવી કે નહી કોઈ માંબુદ લાએક બંદગીને મગર અલ્લાહ એખલો જેનો કોઈ ભાગયો કે સાથી નથી. અને ગવા આપે કે મોહમદ તેનો

બરા અને રસુલ છે. એવો એ કરાર કરવું જેથી ખુદાના શરેઅને
વાળે થવું છે. બીજુ રાત દેવસમાં પાંચ વખત નમાજ તેના ઠેરવેલા
વખત અને ઠેગવયા પરમાણે યાને સવારમા સુરજ નીકલવા આગલ
પેહેલા બે રકાત સુંનત અને તે પછી બે રકાત ફરજ અને બપોરના સુરજ
ઢલયા પછી પેહેલા ચાર રકાત સુનત અને પછી ચાર રકાત ફરજ અને
પછી બે રકાત સુંનત અને સાંજના ચાર રકાત ફરજ અને મગરેબના
સુરજ ગુરુબ થયા પછી ત્રણ રકાત ફરજ અને પછી બે
રકાત સુંનત અને રાતના ચાર રકાત ફરજ અને પછી બે રકાત
સુંનત અને પછી ત્રણ રકાત વીતર પાક બદન અને પાક કપડા અને
પાક જમીનપર હાથ મોહ નાખ ચેહેરો પગ પાક પાણીથી ધોઈ અને
પાણી નહી હોય તો સુકી જગ્યામાં તયમમુમ કરી લોકોપર બંદગી
નો કસદ કરી એક ઉપગુટેલાના આકારમાં એક ઇમામ યાને આગેવાન
મુકરર કરી આગેવાનને આગલ રાખી પાછલ સરવે એ સંફ બાંધી
આગેવાનને તાબે રહી ખુદાતઆલાની બંદગીમાં હાજર થવું અને
આગેવાનને તાબે રહી ખુદાતઆલાની મોહટાઈ કબુલી દુનયાથી
હાથ ઉઠાવી હાથ બાંધી ઉભા રેહવું અને આગેવાને ખુદાતઆલાના
કલામમાંથી તેની તારીફ અને તેનુ સન્માન પેદા કરવુ અને તેની
બખશીશ અને દયા અને તેની માલેકીનો એકરાર કરી તેનીજ બંદગી કર
વાનો અને તેનેથીજ રીતે આરજે માગવાનો અને ખુદા ચાલનારાઓની તરે
થી બચવાની માગણી કરી બીજુ તેના કલામમાંથી થોડુંક કંઈ પહડી
અને આગેવાનને તાબે રહી ખુદાને જુકી તેની પાકીનો એ
કરાર કરી ખુદાને સીજદો કરી તેના આલા પણાનો એકરાર કરી
તેના સામો બેસી તેને હદીયો ગુજારવો અને તેના પેગમબર અને નેક
લોકો પર સલામ અને તેની રાહમત થવાનો અને તે એકજ હોવાનો
અને તેના પેગંબર હજરત મોહમદ બરા હોવાનો એકરાર કરી
તેવણપર અને તેવણની આવલાદ પર સલામ અને રાહમત જેમ હજરત
ઇબરાહીમ અને તેવણની અવલાદ પમાણે કરવાનો અને પોતાના
માં-બાપ અને આવલાદ અને સરવે મુસલમાનોની બખશીશ ચાહી
એક બીજા પર સલામતી અને રાહમત ખુદાથી માંગી નમાજ પુરી
કરવી. અને એકલા પણ એજીજ રીતે નમાજ પહડવી પણ ટેચ્યુ
ટેસના આકારમાં જમે થઈ કરવાથી વધારે માનવંત થવું છે. અને
એ સુંનતો અને વીતર એકલા એકલા પહડવું અને એ ઉપરાંત
નફીલો પણ જેટલી બને તેટલી એકલા એકલા પહડવી અને છેલા
ખુદાતઆલાના નામની અને તેના પેગમબરપર દરૂદની જીકર કરવી જેથી
ખુદાતઆલાની મોહબબત વધે અને ખુદાતઆથીજ પોતાની બખશીશ
અને હાજતો માંગી નમાજથી ફારેગ થવું. અને નમાજ કોઈ મુરતી વગર
ખુદાનોજ ખીઆલ રાખી બીજા દીનવાલા સાથે નહી મલે તેટલા માટે
સરવેએ કાબા સરીફના તરફ ઉભા રહીને કરવી જેનો ખુદાને તીયાનો
બદલો સેવાએ દુનયાનાજ ફાયદા મારી સમજ પરમાણે એ છે કે
માણસ ગલીજ નહી રહેતાં હેજ નીફાસ એહતેલામ જનાબતનુ ધુસલ કરી

ઇસતીનજા ઓની જગાને પાક કરે અને ખતના કરાવે પાકીઝીએ જેથી નાપાકી અંદરમાં રહી નહી જાય અને મુસલમાન મઇયત ઓલખાઇ અને હર વખત ખુદાને નહી ભુલી તેના તાબેદાર થઇ પોતાના ગુનાહોનો માફી ચાહે અને સરદારના તાબેદારી કરવા સીખે. અને દરરોજ મોહલાના અને અઠવાડીએ ઇલાકાના અને વરસે આખા ગામના એક મસજીદમા નમાજ પહડવુ અને ઉમરમાં એકવખત અરફાતમાં જમે થઇ નમાજ પહડી એક બીજાથી ભાઇબંધી કરે અને એમા મોહટા દેવસો યાને જુમા અને ઇદોમાં સરદારથી મીમબર ઊપર દીની નસીહતો સાભળી વાકેફ થઉં અને ખુદા અને ખુદાના રસુલના તાબેદાર થવું યાને ખુદાના ફરજને અને રસુલની સુંનતોને અદા કરવું છે ત્રીજુ વરસમાં એક મહીનો રમજાન સરીફમાં રોજા રાખવું. એટલે રાતના સાત ભાગ કરી તેમાનો એક ભાગ બાકી રહે તેયારથી ખાવું પીવું અને જનાબત વગેરે મોકુફ કરી તે સુરજ ડુબે તીયા સુધી રોજો પુરો કરવું. અને ઓરતોએ હેજ નીફાસમાં રોજો નમાજ નહી કરવું. અને ફરી પાક થએથી ગયલા રોજા અદા કરી લેવું. અને રાતના એજ મહીનામાં કુરઆન શરીફ પુરૂ થાય તેટલા તરલા ભાગોની વીસ રકાત તરાવી છેલી નમાનજને બાદ પહડવું અને જો કુરાન સરીફ આખું મોહડે યાદ નહી હોય તો યાદ હોતી સુરતો પહડી તરાવી પહડવું અને છેલા ઇદના રોજે દરેક સકતીવાને સવા ચાર શેર ઘંવ અથવા તેની કીમત ગરીબોને આપવુ. જેથી બદનો ખરાબ મએદા સુકાઇ તન દુરસ્ત થવુ અને ગરીબ ભુખે મરતાઓની અને ખુદાતઆલાની બખસીસની કદર થઇ તેઓને મદત આપવાનુ દીલ થવું અને હમેસા ખુદાની કીતાબ અને તેના હુકમોની યાદ દાસ અને સરવેને તેની વાકેફગારી મલવુ છે.

ચોથું વરસ દહાડે ખાતા પીતા રૂ૦ પરાા વધે તેણે રૂ૦ ૧૧ ગરીબ મુસલમાન મોહતાજોને અને ઇલમ વગરે સીખાડવામાં આપવું જેથી ગરીબોનુ પોષણ થવુ. અને ઇલમ વગેરેની તરકટી થવું છે. અને એસવાએ જે જેની ખુસી હોય તે ખેર ખેરાત કરવું તેના અખતીઆરનું છે અને એક વખતની ખોરાકી હોય તેને ભીખ માગવું હરામ છે.

પાંચમુ ઉમરમાં એક વખત ઘરના લોકો ખાતા પીતા રહે અને પોતે મક્કા સરીફ જઇ આવે તેટલો ખરચનુ હોય તો તેયા જઇ હજ કરવું એટલે ત્યાં પહોંચવા આગલ તેની બાંધેલી હદથી સરવે મરદોએ પોતાનો શીવેલો પોસાક ઉતારી વગર સીવેલી એક લુંગી અને એક કપડું વોહોડી મરદોએ માથું ખુલ્લું રાખી ફકીરના માફક મકા સરીફમાં દાખેલ થઇ ખુદાના ઠેરવેલા ઘરની ચોતરફ ફરી હજર અસવદને ચુમી પોતાની હાજરીની ગવા કરવું અને ખુદાની તારીફ કરી પોતાંના ગુનાહોની માફી અને બખસીસ ચાહવું અને સફા મરવા દોડવું, અને ખાબ ખુદાની મેહરબાનીનુ જમજમનુ પાણી પીને આસુદા થવું. અને ત્યાંથી સરવેએ અરફાતના મેદાનમાં જઇ ખુદાના હુકમની હાજરીનો કુબરો કરી તેની તારીફ અને બુજુરગીનો એકરાર કરી દુનયાના

સરવે બાજોના મુસલમાનોથી ઓલખાણ અને ભાઈબંધી વધારી બીજે દેવસે પોતાને વસવસા આપેલી જગયામાં કાકરા મારી કુરબાની કરી ગરીબ વગરે સરવેને વેહેંચી સરવે એક જગયા મલી હલી ખાવું પીવું અને પાછા ત્યાંથી ફરી ખુદાના ઘરનો તવાફ કરી હજથી ફારેગ અને પોતાના ગુનાહોથી પાક થઈ તેના હબીબ છેલા પેગમબર સઈ યદના મોહમમદ સલલાહો અલેહે વસલલમના રોજાની જીયારતે મદી ના સરીફ જઈ તેવાણની જીયારત કરી તેવાણની સફાઅતમાં દાખેલ થઈ પોતપોતાને ઘર જવું છે અને એમો માણસને મરીને દુનયામાં સરવે મુકીને ફકીરના માફક ખુદાને ત્યાં જઈ કયા મતમાં સરવેએ ઉઠી ખુદાતઆલાથી પોતાના ગુનાહોની માફી માગી પોતાનો હીસાબ આપી પોતાના સફીને ધુંડવા દોડવું અને છેલા હજરત મોહમમદ સલલાહો અલેહે વસલલમની સફાયત અને ખુદાની બખસીસથી પોત પોતાના દરજાની જંનતમાં કવસરનું પાણી પી આસુદા થઈને જઈ રહેવાનો નમુનો હોવું છે.

ઊપલી પાંચ બીનાના પેટામાં દરેક જકાત આપનારે ઉપલીજ કુરબાનીના દેવસોમાં દુનયાના સરવે મુસલમાને માણસ દીઠ એક બકરો અથવા ઘેટો અને સાત માણસ દીઠ એક ગવ અથવા ભેંસ અથવા ઉંટ આગળના બે મોહટા દાંત નીકળેલા બે એબની કુરબાની કરી ગરીબ વગરે સરવેને વેહેંચી આપવું જેથી સરવેને મયસર થઈ દીલો સખત થવું છે. તેમજ ચોરી નહી કરવું જુઠું નહીં બોલવું જીના અને લવાતેત નહીં કરવું પણ જો સરખી રીતે પોસાણ કરી સખે તો બાર ઓરતો કરવું. અને તેમ નહીં બને તો એકજ ઓરત કરવું. અને હેંજ નીફાસ ની હાલતમો ઓરતથી હમબીસતર નહી થવું. તેમજ ઓરતે મરદની તાબેદારી કરવું. અને મરદે ઓરતનું પોસાણ કરવું. અને ઓરતોએ પરાયા મરદથી પરદે રેહેવું. જેથી જીના નહીં થાઈ. અને ગીબત નહી કરવું દગો નહી કરવો કોઈનું હક નહી ડુબાવવું. કોઈપર જુલમ નહી કરવો કોઈનો બેઈનસાફ નહી કરવો ખુન નહી કરવું હલાલ મહેનત થી રોજી પેદા કરી ખાવું જુવો નહી રમવું નાચ અને બુરા તમાસા ઓ નહીં જોવું હમેસા ખુદાનો ખોફ રાખવો મા બાપની અને હાકમ ની સરીયત પરમાણે તાબેદારી કરવું અને વીયાજ નહી લેવું નહી આપવું પણ બની શકે તો ગરીબો અને સગાઓ અને પડોશીઓ સરવેને કરજે હસના આપવું એટલે વગર વીયાજે આપવું અને કોઈથી બદલો લેવામાં નુકશાન નહી પણ તેને માફ કરવામાં અને ઉલટું તેનું ભલું કરવામાં ખુદાને ત્યાં મોહટો દરજો પામવું છે. અને જનાવરોમાંથી હલાલ ઠરવેલાને ખુદાનું નામ અને તેની મોહટાઈનો એકરાર કરી જુબાહ કરી ખાવું તેમજ ખુદા તઆલાની દરેક ચીજ વાપરવામાં પેહેલા તેનું નામ અને તેની બખસીસ અને તેની મહેરબાનીનો એકરાર કરી કરવું અને જનાવરો ચાર પાવામાં વગોલનારા અને પરીન દાઓમા પંજાથી નહી પકડનારા અને મચછીમો ભીગાણાં કે પર અને ગાલ ફાટેલીયો વાળી ખાવું અને એથી વધારે ખુલાસો મોહટી કીતાબોમા

જોવું અને એ માફક માસ મચછી હીનદુ, પારસી, બુદધીસ, સયહુદી નસારા, સરવેમાં ખાવું છે પણ કેટલાકો જાન મારવું બુરૂં સમજી પાપ માને છે. અને પરજાનું નુકશાન થવું માને છે તો જો એ પાપજ છે તો તેઓનુ જનાવરોથી ખેતી કરાવવું અને તેઓપર સવારી કરવું અને તેઓથી ભાર ઉંઠાવવું અને ઘાણી પીલાવવું અને તેઓનું દુધ દોઈ ખાવું વગેરે તેમજ ઝાડોના ફળો તોડી ખાવું અને લાકડાઓને બાળવું અને ઘર બનાવવું વગેરે દુનીયાની બીજી સરવે ચીજો ને વાપરવાનું અમારૂ સુહુક છે કેમ કે દરેક પોતાના જાનનો મુખતીયાર રહેવો જોઈએ અને જો કહો કે એ સરવે એજ માટે પેદા થએલા છે તો અમો કહીએ છીએ કે એ અમારા ખાવાને માટે પણ પેદા થએલા છે અને જો એ અમારા કોઈ ઉપયોગને માટે પેદા થએલા નથી તો ફરી દુનયામાં અમારો ગુજારો જ થઈ શકતો નથી. અને એ દેખીતી વાત છે કે દુનયામાં જીણા જાનો સીવાએ બે તરેના જાનો પેદા થએલા છે અને તેમાંના એક તરે એવા છે કે તેઓ બીજા જાનવરોને ખાઈ સકે છે. અને ખાઈ છે. જેમકે માણસ વાઘ વરૂ બીલાડા કુતરા વગેરે જેના બે તરફ દાંત હોઈ છે. તેમજ બાજ ચીલ કાગડા વગેરે ખાનારા છે જે પંજાથી પકડી શકે છે. અને બીજી તરે એવા છે કે જાનવરો મારી નહી ખાઈ સકતા અને નહી ખાઈ છે જેમકે ગવ બકરા હરં વગેરે જેના એક તરફનાજ દાંત છે. તેમજ હોલા, ખબુતર, તીતર, બલ્લાં વગેરે પંજાથી પકડી નહી ખાઈ સકતા અને તે ખવાનારા છે તેમજ મચછી મચછીનેજ ખાઈ છે તો જનાવરો ખાવા પાપ હોતે તો ખુદાતઆલા તેઓને ખાનારા અને નહી ખાનારા પેદા નહી કરતે તો એમજ અમારે માટે ખાવું પણ છે. અને જો અવતારને લીધે હોઈ તો તેને તેથી વેહેલા છોડવવું પુન છે પણ અવતાર તો હું આગળ બાતેલ કરી ચુકયો છું કે એક એક મચછી એક એક વખત લાખો ઈંડા મુકે છે તેમજ ચોમાસામાં જંગલોમાં બે હીસાબ ઝીણા જાનવરો પેદા થાઈ છે. તો એટલી મોટી સંખ્યાનુ હમેશા વધારો થવું અવતાર લેવાથી બાતેલ છે. અને જો પરજાને નુકસાન થવા માટે હોઈ તો એને કાપવાનો ફાયદો મારી કીતાબ જવાએ ગવરખસમાં જુવો જેમાં ફલસફી દાખલાઓથી સાબેત કરી આપયુ છે અને કોઈથી તેનો રદ થઈ સકયોજ નથી અને હુરામ ઠેરવેલી ઓરતો અને મરદો એટલે પોતાના મા બાપો તે છેલા સુધી અને પોતાની માસી, મામા, અને ફોઈ, કાકા, અને બાપની મુકેલી ઓરત અને તેની અવલાદ અને બે બેહેન એક સાથે અને તેની માંઓથી નહી પણવું અને બાકીનાઓથી ઓરતની ખુસી પરમાણે ઓછામાં ઓછી રૂા. અડીની મોહોર બાંધી બે ગવાઓના સામે પણવું અને ગુજરેલાના માલમાંથી સરીયતના ઠરાવ પરમાણે વારસો આપવું. એટલે પેહેલા તેનુ કરજ અને ઓરતની મોહોર આપતા ૧૦ એકમાંથી તેની માને છઠો હીસ્સો અને તેના બાપને છઠો હીસ્સો અને તેની ઓરતને આઠમો હીસો અને બાકીનામાંથી તેના છોકરાને બે હીસ્સા અને છોકરી

ને એક હીસ્સો આપવું અને એથી જે વધઘટ હોય તેમ મોહોટી ફી
તાબેમા જોઈ આપવું. અથવા મરનાર ચાહે તો પોતાના માલમાંથી
ત્રીજો ભાગ બીજા કોઈને અથવા ધરમાદામાં આપવું અને મરદને
સોનુ ચાંદી કે રેસમી પોસાક પેહેરવુ નહી. જેથી મરદ ઓરતના સણ
ગારમાં ફરક રહે અને કોઇ તરેની નીસા પીવું ખાવું નહીં. જેથી અ
કલમાં ફરક નહી આવે અને સોના ચાંદીના વાસણો વાપરવુ નહી
જેથી તકુબ્બરી નહી આવે અને બીજા ધરમવાલાની તરેપર ચાલવું
નહીં. તેમજ તેઓને જેવા પોસાક પહેરવા નહી અને દહાડી બોડા
વવું કે નહાની કતરાવવું નહીં મુછો સમુલગી મોહટી રાખવું નહીં
માથામાં ચોટલી કે તેઓ જેહવા બાલ રાખવું નહીં પણ ખુસી હોય
તો સમુલગુ બોડાવવું અથવા કાનના ચાપવા જેટલા બાલ લાંબા રાખ
વું કે જેથી તેઓમા ફરક રહે અને ઓલખાઇ અને મરદ ગુજરી
જવાથી તેની ઓરતે ચાર મહીના અને દસ દવસ સોક પાલવું. યાને
પોતાના બદનો સણગાર કરવો નહી તેમ બહાર જવું નહી જેથી તે
નો મોહબબતની વફાદારી થાય અને ફરી ખુસી હોય તો બીજાથી
નીકાહ કરવું. અને તેમજ મુકેલી ઓરતે ત્રણ હેજ બાદ ખુસી હોય
તો બીજા સાથે નીકાહ કરવો જેથી આગલાનો હમલ નહી રેહવો
જોઇએ અને વેપારમાં સોનાથી સોનું અને રૂપાથી રૂપુ અને તાંબાથી
તાંબુ એક બીજાથી વધઘટ નહીં લેવું પણ એકમાં બીજી થોડી ચીજ
મેલવીને લેવું તેમજ એ ચીજો ઉધાર વેચવું લેવું નહી તેમજ અનાજ
માં ઘંવથી ઘંવ, અને જુવારથી જુવાર, ભાતથી ભાત. વગેરે એક
બીજાથી વધારે ઓછું આપવું લેવું નહી અને તેહવારોના દેવસોમા
સારા કપડા સારૂ ખાવું ખેરાત કરવી ગરીબોને ખવાડવું બંદગી
કરવી અને ઈદો અને કુરબાનીચોના દેવસો સેવાએ ખુસી હોઇ તો
રોજા રાખવા વગેરે બીજુ કઇ કરવું નહી અને નુકસાન પોહોંચાડનાર
સેવાએ કોઇ જાનને નાહક નકામુ ઇજા આપવું કે મારવું નહી અને
ગુનાહોના કામો કરવા નહી અને જો થઇ જાય તો ફરી તેમ નહી
કરવાનો દીલમાં ઠરાવ કરી ખુદાતઆલાથી તેની તોબાહ કરી માફી
માગવું. અને જે કામો ખુદાને લાયકના હોઇ તે કામો કોઇને કરનારો
નહી સમજવું અને જે હાજતો હોય તે પોતે અથવા પેગમબરો કે
વલીચોના વશીલાથી ખુદાતઆલાને પાસેજ માગવું. અને ખુદાના બંદા
ઓને તેના ખરા મજહબની સમજ આપી સરવેને ખરે રસતે બોલાવવું
અને જે આવે તેને પોતાના ભાઇ બેન સમજી ને જે બને તે મદત
કરવું અને મુલાકાતમાં અસસલાચો અલેકુમ યાને તેને માટે દુઆ
ચાહવું અને અવલાદ થએથી પેહેલા તેના જમણા કાનમાં અજાં અને
ડાબાકાનમાં તકબીર કેહવું કે જેથી હમેસા તેના કાનમાં એ અવાજ
અગતનો રહે અને છોકરો પેદા થાય તો બે અને છોકરી થાય તો એક
બકરો કે ઘેટો આગલના બે મોનટા દાંત થએલો યાને પુરી ઉમરવાલો
ખુદાતઆલાની બખસીસના બદલામાં જુબાહ કરી ખેસ અકરબા
વગેરમાં વેહેંચી આપવું અથવા પકાવી ખવાડવું અને તેને પેહેલા

દીની અને પછી દુનયાવી ઇલમ સીખાડવું જેથી મજહબથી વાકેફ રહે. અને લાયકના થાઇ તો સારે ઠેકાણે પંણાવી આપવું અને દુનયાથી વધારે દીલ નહી લગાડવું જેથી ધરમમાં નુકસાન નહીં પોહચે. કેમકે એ થોડા વખતમાં મુકવાની ચીજ છે. અને ગુજરેલાને પાંણીમાં કાપુર અને બોરડીના પાતડા નાખી ગુસલ આપી બદનમાં કાપુર અબીલ લગાડી કફનમાં સંદલ છાંટી લોબાનની ધુઇ આપી પેહેરાવવું અને જના જામો મુકી વાંરા ફરતી ખાંધ આપી મઇયતની નમાજ પડી તેને માટે દુઆ ચાહી છાતીપુર કબર ખોદી અને તેમાં ગબારં બનાવી તેમાં મઇયતને જમણી કરવટે અને કાબા તરફ મોહ રાખી સુવાડવું. અને ગબાર બંધ કરી મટોડું વાળી તેને માટે અને બીજાઓ માટે દુઆ ચાહવું અને મઇયતપર ચીલાવું કે પીટવું નહીં અને તેના પુનને માટે ગરીબોને ખેરાત આપવું ખવાડવું કે જેથી મઇયતને પુન અને માન મલી ઇજતથી દફન થઇ લોકોને કબર જોઈ ઇબરત થવું અને તેની યાદગીરી કાયમ રહેવું છે અને આ ખેરતમાં છેલા પેગમબર હજરત મોહમમદ સલસ્લાહો અલેહ વસલલામની સફાઅતથી નજાત પામવું માંને છે એ થોડું ફકત જાણવા જોગ બાબતો મેં લખી જાણાવી છે અને એ વગર બીજી કોઈ બાબત દીની અથવા દુનીયાવી એવી નહીં હસે કે જેનો ખુલાસો એ ધરમની કીતાબોમાં નહીં હોઇ જે મોહટી કીતાબોમાં જુવો અને એ લોક અમો મોહમમદી મુસલમાન છઇએચ અને ઉપલી પાંચ બીના માનવામાં દુનયાના સરવે મુસલમાનો એકજ છે. અને એ ધરમમાં મુખ્યે ચાર મજહબો છે અને તેનાં ઊપલી બાબતોને અદા કરવામાં કએક ફેરફાર છે તેનુ કારણ કે કેટલાક હુકમો હા૦ મોહમમદ સલલ્લાહો અલેહે વસલ્લમે બે ત્રણ તરેપર કરેલા અને તેમજ કેટલાક હુકમોની મતલબ બે ત્રણ તરેપર થાય છે તો તેટલા માટે તેને અદા કરવામાં એક બીજાથી કએક જુદા પડયા છે અને તેઓના દાવા પ્રમાણે તેઓ સરવે ખરા છે. તેમજ મહારી મજહબ હનફી છે અને મેં તે પ્રમાણે આસરવે લખયુ છે. અને જો એમાં મારી કંઈ ભુલચુક થઈ હોય તો મેહેરબાની કરી તેને દુરસ્ત કરી લેવું અને અમારા પેહેલા પેગમબર હજરત આદમ એલેહીસસલામને થયાને આસરે ૭૦૦૦ વરસ અને છેલા પેગમબર સઇયદના મોહમમદ સલલ્લાહો અલેહે વસલ્લમની હીજરત યાને ૫૩ વરસની ઉમર પછી થયાને ૧૩૧૬ વરસ થએલા માનએ છઈએચ તો એ ધરમવાલા ઉપલી સાબેત ચોના માર્ફકજ માનનારા થઇ કોઇ તરેથી બાતેલ થઈ સકતું નથી. અને એ ચરતા મજહબોની બાબતમાં વધારે વાકેફ થવું હોઈ તો કીતાબ મીલલઇવ વનહલમાં જુવો.

૦ હવે આ સરવે મજહબોનો હાલ લખીને મારી મતલબ કંઈ કોઈને ખીજવવાની કે હલકા પાડવાની નથી પણ અમો અસલ એક માં બાપથી પેદા થએલા ભાઈ બેન થઈ ને મજહબોથી એક બીજાના દુસમન થઈ જુદા પડી ગયા છે તો સરવેને એક બીજાના ધરમનો હાલ બતાવી એક ખરા મજહબને ઓલખવાની સમજુતી આપી

સરવે પાછા એક ભાઇબેન થઇ રહેવા માટે લખયુ છે. અને જો એ લખવામાં મારી કંઇ ભુલચુક થઇ હોય અને તેથી કોઇને કંઇ માઠું લાગે તો તેથી હું માફી ચાહી ફરી પણ એજ ભલામણ કરૂં છુ કે તે ભુલ સુધારીને પણ એમો લખયા પરમાણે એક ખરા મજહબની તપાસ કરી તે પરમાણે ચાલવુ અખતીયાર કરે કેમકે કોઇ માણસ પોતાની એબો જાહેર કરતું નથી તેમ કોઇ પોતાના એબો જોતું નથી તેમ કોઇ બે ખબર કોઇના બતાવ્યા વગર તે જાણી શકતો નથી તેમ સરવેનો મુકાબલો કરયા વગર કોઇ સરસ નરસ ઓળખી શકે નહીં તો ફરી કોઇ એક ખરે રસ્તે આવી શકેજ નહીં તો હાલની માણસોની ગણતરી પરમાણે સરવેને જો એક સો વરસમાં મરી જનારા શખ્સએ તો દર રોજ આસરે સરાસરી ૪૩૨૦૦ માણસો અમારા ભાઇ બેન મરણ પામી તેમાંથી થોડા યાને એક ખરા મજહબવાળા જ નજાત પામી બાકી બીજા જહુંનમમો જતા જાઇ અને અમો તેઓને કંઇ રસતો નહી દેખાડી ચુપ ચાપ બેસી જોયા કરવું એ ઇનસાનનુ કામ નહી છે તેમ એ બાબતમો તપાસવા વગર એક બીજાથી વહડી પડવું અને એક એકની પખસ ખેંચવી એ પણ માણસનુ કામ નથી કેમકે તેથી કોઇ દવસે ખરૂં ખોટું થઇ શકતુ નથી તો એકની ભુલ હોય તો તેને ખરી વાત જાહેર કરી આપવીજ જોઇએ કે તેથી તે પણ વાકેફ થાય તેમ મહારા મજહબમો પણ કંઇ એબ કોઇને માલમ પડતી હોય તો તે બે ફીકર જાહેર કરી આપે તેનો ખાતરી પુરવક જવાબ આપવામાં આવશે પણ જે વાત લખે તે હમારી મજહબમાં ખરી મનાતી કીતાબોથી લખે તેમ તેઓ જે એમો મારા લખસાથી જુદા અકીદા બતાવે તો તે પણ તેના મજહબની મનાતી કીતાબોથી બતાવી આપે કેમકે ઘણા લોક જાહેરમાં જુદાજ અકીદા બતાવે છે પણ ચલણમો તેજ અસલ પરમાણે ચાલે છે. દાખલા તરીકે દુનયાના સરવે લોક કહે છે કે અમો એક ખુદા નરંજનરાકારને માનએ છઇએચ અને ફરી કોઇ તેનો છોકરો હોવો કહે છે અને કોઇ તેનો અવતાર લેવો કહે છે અને કોઇ તેની જગયા મુરતીઓ ઝાડો પતથર આગ પાણી સલીપ વગેરે વગેરે પુજે છે અને કોઇ કોને ખુદા ઠેરવે છે અને કોઇ કોને ખુદા ઠેરવે છે. અને કેટલાક તો પોતાની અકલથીજ ઘડીને તે પરમાણે ચાલે છે પણ મે જે જે તેવણના અકીદા લખયા છે તે મારી બતાવેલી કીતાબોમો તેવણની મજહબમો મનાતી કીતાબોના હવાલા સાથે લખેલા છે અને ઘણું ખરૂં તો એ સરવે દેખીતુંજ છે અને સરવે કોઇ જાણે પણ છે. તો ફરી હવાલા જોવાની પણ જરૂર રહી નથી અને મે જે મારા મજહબની જુઠું ચોરી દગો ખુન ઝીના વગેરે નહી કરવાનું લખયું છે તેમ બીજા ધરમમાં પણ છે તો તેથી કંઇ મજહબ ખરૂ ખોટું સમજવું નહી પણ તેના સરવે હુકમો જોવા જોઇએ અને તેનો અસલ પાયો ખરો છે કે ખોટો અને તેનો હુકમ હાલ ચાલવો જોઇએ કે નહી તે અસલ તપાસી ખરૂં ખોટું સમજી ચાલવું જોઇએ જેમકે એક પખી

એક આવતા ગવરનરોને સચાવી છેલો ગવરનર અને તેના હુકમને માનેથીજ રાજનો તાબેદાર ગણાય છે અને નહી તો તેનુ માનવું બાતેલ છે કેમકે તાબેદાર થવું એ પોતાની મરજી પરમાણે ચાલવું નહી પણ ફક્ત માલેકના હુકમ બજાવીજ લાવવું છે. અને ઉપર મેં જે મરણની સંખીયા દર મીનીટે ૩૦ના હીસાબથી બતાવી છે. તે એકસો વરસના અવરેજની લખી છે. પણ તેથી વધારે માસ મારચ ૧૮૯૯ ના નુરેઈલમના કોઈ વીદવાનનુ કેહવું લખયુ છે કે દુનયામા દર મીનીટે ૭૦ જનમ અને ૬૭ મરણ થાય છે પણ એમાં મને ભુલ માલમ પડે છે કેમકે જો દર મીનીટે ૬૭ માણસ મરણ પામે તો આજના દોહોડ અબજ માણસ આજથી ૪૦ વરસમા મરણ પામી જમાનો બદલાઇ જવો જોઈએ. પણ અમો જોઈ રહેલા છઈએચ કે ઘણા માણસ ૪૦ વરસથી ઘણી ઉપર ઉમરના થઈ મરણ પામે છે. જેથી એ હીસાબ ખોટો થાય છે. અને માસ જુનના નુરેઈલમમાં કોઈ વીદવાનનુ કેહેવું છે કે ઈસવી સનેની સરૂયાતમાં આખી દુનયાની વસતી ૫૪૦૦૦૦૦૦ માણસની ગણાતી હતી અને હાલ તે વધીને ૧૪૦૦૦૦૦૦૦૦ની ગણાઈ છે અને સને ૧૮૭૦ની જોગરાફીયામા દુનયાની આગલી વસતી ૧૧૦૦૦૦૦૦૦૦ની હોવાનુ કહે છે અને હાલ તે વધીને માસ જાનેવારી સને ૧૮૯૨ના સતચોદેમાં ૧૪૭૯૮૨૯૪૦૦ ની થવાનુ લખયુ છે એ સરવે દાખલાથી મારા લખાણોને ટેકો મલે છે કે દુનયામાં હમેસા માણસનો વધારોજ થતો જાય છે. અને તેમાંથી આ દુનયાનો ૧—૨—૩—વખત હીસાબ જોતા સેંકડે ૧૦ ટકાનો વધારો માલમ પડયો તો ફરી આખી દુનયામાં તેવાજ અમારી જાત ભાઇ માણસ વસે છે તો તેઓનો પણ એમજ વધારો થવો જોઈએ. અને તેવોજ વધારો એક પછી એક બાદ કરી તેનો સરૂયાતનો વખત પણ કહાડવો જોઈએ. પણ મેં જે ૧૦ ટકાની જગ્યા અઢીજ ટકા બાદ કરવાનુ આગલ લખયુ છે તેનુ કારણ એ છે કે આજથી ૫૨૪૮ વરસ આગલ એક જગરેલ દુનયામાં આવી હતી અને તેમાં ફક્ત પેગમબર હજરત નુહ અલેહીસ સલામ અને તેવાણના સાથયો અને સરવે તરેના જનાવરોનુ એક એક જોડુ બચવા સેવાએ સરવે જાન મરણ પામવાનુ ઘણી તવારીખોમાં લખેલું છે તો તેઓની અવલાદ થતી અટકવાનો છે કેમકે તેઓ મરણ નહી પામયા હોતે તો આજ દોહોડ અબજ માણસથી ઘણો વધારો થતે પણ જનમ અને મરણ તો એમજ થતે અને એ સેવાએ હાલમાં પણ કેટલાક પરાતમા માણસનો વધારો થતો નથી જુવો માસ જુલાઈ સને ૧૮૯૭ના મુંબઈસમાચારમાં ફરેંચમા હાલ માણસનો વધારો થતો નથી કારણ કે તેયાના લોકો ઘણુ કરીને પરણવું પસંદ કરતા નથી તેમજ જે દેશોમાં લડાઇયો થયા કરે છે. તેયા પણ વધારો થતો નથી તેટલા માટે અઢી ટકાની રાસ લખી છે અને મારા લખેલા સેંકડે અઢી ટકાના વધારાની વધારે ખાતરી કરવી હોય તો જુવો કે આજથી આસરે ૧૨૦૦ વરસપર પારશીયો ઈરાનથી નીકળી બે ત્રણ વહાણો (યાને બતેલાઓ) મા બેસી હીનદુસ્તાનમાં

આવેલા માલમ પડે છે. અને તેઓની સંખીયા તેટલા વહાણોમાં આસરે ૩૦૦-૪૦૦)ની હોવી જોઇએ. અને તેયાર પછી કોઇ તેવી નુકસાનકારક આફત તેઓ પર આવેલી નથી અને તેઓ વધા વધીને આજે આસરે ૯૦૦૦૦ માણસો થયા છે તો એટલી મુદતમાં જો દર દસ દસ વરસે મારા લખયા પ્રમાણે સેંકડે અઢી અઢી ટકા બાદ કરીએ તો એજ આજથી ૧૨૦૦ વરસપર ૩૦૦-૪૦૦ પારસીઓ હીનદુસ્તાનમાં આવેલાં રહે છે. જે દેખાતો હીસાબ છે. અને બીજું એમાં એક જોડા માણસથી પેદા થઇને આખી દુનયામાં અને દરયાના બેટોમાં માણસ વસયા તે કેમ થાય એવો સવાલ ઉઠે છે તો એ બાબત જાણવું જોઇએ કે જયારે જગરેલ આવી હતી તેયારે હા૦ નુહ આ૦ મે એક વહાણ બનાવી તેમાં તેવણના સાથયો અને સરવે તરેના જનાવરોના જોડા લીધા હતા તો તેયારથીજ માણસો વહાણ બનાવવું અને ચલાવવું સીખી ગએલા હતા તો ફરી જેમ તેઓ વધતા ગયા તેમ જેયા જેને નજર આવયુ તેમ ખુસકી અને તરીમા જઇ વસયા હોવા જોઇએ તેમજ વહાણોના અકસમાતોથી પણ દરયાના બેટોમાં લાગી વસવા જોગ છે. પણ તેઓ અને તેઓની અવલાદને કોઇ સાધ નહી મલવાથી જંગલી હાલતના થવાજ જોઇએ ફરી કોઇ કહે છે કે દુનયામાં સરૂ એક પછી એક બદલાતા વાંદરા બદલાઇને માણસ થયા છે. તો એ કહેવું તદન ખોટું છે. કેમકે પેહેલા તો એનો પુરાવો શું કારણ કે તેથી આગલ તો માણસ નહી હતા તો ફરી તે કોણે જોયું બીજું જો વાંદરાથી માણસ થયા હોય તો હાલ કોઇ જાત વાંદરાની પુરેપુરી અને સરવે બાબતોમાં માણસ સાથે મલતી નથી અને જો હોય તો ફરી તેઓ વાંદરા કેમ કેવાઇ બલકે તેઓ જંગલી માણસજ છે કેમકે હાલમાં પણ આફરીકા આસતરેલીયા અંદુમાન વગેરે દેસોમાં જંગલી નાગા જનાવરોની તરે ગુજરાન કરનારા માણસો છે ત્રીજું જો વાંદરાથી માણસ થયા હોય તો હાલ તેવા વાંદરાં માણસ કેમ નહી થતા કેમકે તેઓનો મઅદો દહેરયાના અકાયદ પરમાણે પાકી ચુકયો છે. અને જો તેવા વાંદરા હાલ નહી રહયા હોય તો ફરી તે કેહવા હતા. અને કોણે તે જોયા હતા તે પુરવાર થવું જોઇએ. અને નહી તો એવી ધારના કરવી બેવકુફી છે ચોથું જો વાંદરા માણસથી મલતા હોવાના સબબથી માણસ વાંદરાથી થવાનુ સમજતા હોય તો એ મોહોટી અહમકી છે કારણ કે દુનયામાં ખુદાતઆલાએ હજારો તરેની મખલુક પેદા કરેલી છે અને તેમાં ઘણી મખલુક એક બીજા સાથે મલતીયો છે તો તે સરવે પણ એક બીજામાંથી બદલાવી જોઇએ પણ તેઓ સરવે પુરેપુરી બાબતમાં તો મલતીજ નહી જેથીજ તેઓની જુદી જુદી જાત ગણાઇ છે. તેમજ તેઓનું એક બીજામાં બદલાવું પણ કોઇ જોતું નથી તો ફરી વાંદરા પણ તેવીજ એક જાત છે. અને તેઓમાં પણ કઇ તરેના થાઇ છે જેથી વાંદરાથી માણસ થવાનુ ખોટું થઇ ખુદાતઆલાએ પોતાની કુદરત જતલાવવા કઇ તરેની મખલુક પેદા કરી આપી છે અને અમારી પેદાયસ માણસ

માથીજ છે અને અમારેથી આગલ દુનયામાં જીન (દેવો) નુ હોવુ અમારૂ કુરઆન શરીફ અને ઇસાઇ અને યહુદીયોનાં બાઇબલ અને હીનદુઓના વેદસાસતરોથી માલમ પડે છે. જેને અમારેથી કઇ સંબંધ નથી કેમકે તેઓની પેદાયસ આગથી છે. અને અમારી પેદાયસ મટોડાથી છે.

૩૧ હવે ખરા પેગમબરની અને ખુદાની કીતાબની નીસાની યો કેહવી જોઇએ તે જુવો કે પેહેલા તો તે પેગમબર માણસ હોવો જોઇએ જેમ કે બાદસાહના ગવરનર માણસજ હોય છે. અને બીજુ તેના અને તેની કીતાબનો દાવો ખુદાના તરફથી હોવાનો હોવો જોઇએ જેમકે ગવરનર અને તેના હુકમ બાદસાહના તરફથી હોવાનો દાવો કરે છે ત્રીજુ તેની કીતાબ ખુદાના નામથી એટલે તેમાં ખુદા કેહનારો હોવો જોઇએ જેમકે ગવરનર બાદસાહનું કેહવું કહે છે. ચોથું તેની કોઇ વાત જુઠી નહી હોવી જોઇએ. જેમકે ગવરનરનુ કેહલું સાચું હોય છે પાંચમુ તેનુ કલામ યાને ફરમાન લોહે માહફુજ પર જાહેર થઇ ફીર સતાની મારફત અથવા વહી કે ઇલહામથી તેના ઉપર આવવું જોઇએ જેમકે ગવરનર પર બાદસાહનુ ફરમાન બીજાની મારફત આવે છે. છઠુ તેમા ખુદાના નામથી લોકોને તાલીમ આપવું હોવું જોઇએ જેમકે ગવરનરપર આવતા હુકમમા બાદસાહના નામથી લોકોની તાલીમ યાને સીખામણ હોય છે. અને જેમ મા પાબ પોતાના બંચાને પેહેલી ચોપડીમાં મા બા છે બા ભુ પા માને પગે લાગવું બાપને સલામ કરવું વગેરે સીખાડે છે કે જે બોલવુ મા બાપનુજ હોય છે પણ તે બચચાને તેમ મા બાપની પાસે માંગવા અને તેને નમવા સીખાડે છે અને નહી તો અમારી માગણી તેને પાસે માગવી નહી થઇ સકે. સાતમુ તે એક ખુદા બે મીસલ બે માનીનદ ની બંદગી કોઇ મુરતી વગર કરવા બતાવનાર હોવો જોઇએ જેમકે ગવરનર એક બાદસાહનીજ કોઇ મુરતી વગર તાબેદારી કરાવે છે. આઠમુ કોઇથી નહી બની સકે તેવા મોજેજા તે બતાવનારો હોવો જોઇએ જેથી લોકો તેને સચાવી તાબેદાર થાય જેમકે ગવરનરને તાબે ફોજ રહે છે જેથી તે સાચો ઠરી કોઇ તેનો મુકાબલો નહી કરી સકે. નવમુ તેના સચાવપર બીજા આગલા અથવા પાછલા પેગમબરોએ ગવા આપવી જોઇએ જેમકે ગવરનરને બીજા આગલા પાછલા ગવરનર સચાવે છે. દસમુ તેણે આગલથી આપેલી ખબરો ખરી અને પુરી થવી જોઇએ જેમકે ગવરનરે આપેલી ખબર સાચી થાય છે. અગીઆરમુ તે સરવે કોમને માટે પેગમબર હોવો જોઇએ જેમકે ગવરનર સરવે કોમને માટે હોઇ છે અને જેમાં એ નીસાનીયો નહી હોય તો તે જુઠો હોઇ છે જેમકે ગવરનરમાં ઉપલી નીસાનીયો નહી હોય તો તે જુઠો ઠરે છે અને તેમાં પણ જે છેલો પેગમબર હોઇ તેનાજ હુકમ પ્રમાણે ચાલ્યાથીજ ખુદાનો ખરો તાબેદાર થાય અને જે તેની તાબેદારી નહી કરે તે હમેસાની સજામાં રેહનારોજ થાય જેમકે છેલા ગવરનરની તાબેદારી કરવાથીજ બાદસાહનો ખરો તાબેદાર થાય છે તો જો ઉપલી નીસાનીઓ સરવે મજહબવાલા તો પોતાના માનીતાઓમા સાબેત નહીજ કરી સકસે.

કેમકે ઉપર તેઓ સરવે ધરમવાલા બાતેલ થઈ ચુકયા છે. અને જો સાબેત બી કરી આપે તો પણ તે સરવેથી અમારા પેગમબર હજરત મોહમમદ સલલ્લાહો અલેહે વસલ્લમ ઉપલી નીસાનીયોને સાથે સરવેથી છેલા થયા છે. અને એવણના બાદ બીજો પેગમબર નહી થવાનુ કુરઆન સરીફમાં ખુદા તઆલાએ ખુલ્લું ફરમાવેલું છે તો સરવેને એવણની અને કુરઆન સરીફની તાબેદારી કબુલ કરી ઇસલામમાં આવવા વગર છુટ કોજ નહી થઈ સકતો અને જે નહીજ માને તો ફરી એવીજ રાતે તેઓનુ દુનયામાં કાયદા બાંધી તેને હક ઠેરવી તેમ ચાલતા આવવું પણ તદન ખોટું છે પણ એ પ્રમાણે ચાલવું એ કદી ખોટું થઈ સકતું નથી કેમકે આખાં દુનયાના લોકોએ એજ પ્રમાણે ચાલવુ હક ઠેરવયુ છે તો કરી મજહબમાં એથી ઊલટા ચાલનારા હટ્ટ ધરમી અને ખોટાજ છે.

હવે જુવો ઉપલી નીસાનીઓની સાબેતીયો કે હજરત મોહમ મદ સા૦ પોતાને ખુદાનો પેગમબર સરવેને માટે હોવાનો અને કુરઆ ન સરીફ ખુદાનુ કલામ હોવાનો અને તેમાની કોઇ વાત જુઠી નહી હોવાનો અને તેને જેવું બીજો કોઈ નહી બનાવી સકવાનો અને એ હમેસાનો મોજેજો હોવાનો અને બીજા ઘણા મોજેજા અને પેસીન ગોઇ લોકોને દખાડી એક ખુદા વાહદહુ લાસરીકની બંદગી કરાવવાનો અને આગલા પેગમબરોની સચાઈની ખબરો આપવાનો અને કુરઆ ન સરીફ લોહે માહફુજ પર જાહેર થઈ ફીરસતાની મારફત આવવા નો અને તેમા અમારી તાલીમ થાને અમારા મોહડાથી ખુદાની તારીફ અને તેની બંદગી કરવાનો અને અમારી માંગણીયો તેને પાસે કરવાનો હાલ સરવે કુરઆન શરીફમાં મોજુદ છે જે કોઇથી છુપુ નથી તપાસી જુવે અથવા કોઇ મુસલમાન વાકેફગારથી પુછી લીએ.

હવે હજરત મોહમમદ સા૦ની પેગમબરીની આગલથી ખબર કોણે કોણે આપેલી છે તેમાંથી ઊપલાં મજહબોને લાગતી ફકત એક એક ખબર મુખતસર મતલબોથી સરવેની જાણને માટે હું આ જગ્યા નીચે પ્રમાણે લખી જણાવું છું તે જોઈ ખાતરી કરી લીયો.

૩૨ જુવો યહુદીયોની તોરાતમાં ઇસતસના બાબ ૧૮ આયત ૧૮થી ૨૨માં ખુદાતઆલાએ હજરત મુસા આ૦ ની મારેફત ઇસરાઈ લોના ભાઈયોમાંથી એક નબી હા૦ મુસા આ૦ ને જેહવો ઉભો કરવાની ખબર આપેલી છે અને તેની નીસાનીયો એ બતાવીયો છે કે ખુદા પોતાનુ કલામ તેના મોહમા નાખસે અને તે નબી સરવે તેઓને કેહેસે અને જે તે નબીનુ નહી સાંભળસે તો ખુદા તેનો હીસાબ તેને થી લેસે અને તે નબી જો ખુદાના કહયા વગર ખુદાના નામથી કંઇ કેહસે અથવા બીજા માબુદના નામથી કેહસે તો તે નબી મારયો જસે અને તેણે આપેલી ખબર ખરી નહી થાય તો તેણે પોતાના તરફથી કહેલી અને તેનેથી નહી બીહવાનું કહેલું છે—હવે એ ખબર હા૦ મોહમમદ સા૦ ની હા૦ મુસા આ૦ જેહવા હોવાની કુરઆન સરીફમાં સુરે મુજમમેલ રકુ ૧ અને આરાફના રકુ ૧૯માં ફરમાવેલું

છે અને એવણ ઇસરાઈલોના ભાઈ અરબમાંથી હા૦ મુસા આ૦ ને જેહવા ઉપલી નીસાનીયોના મારફ થયા છે. અને પેદાયસ બા૦ ૨૫ આ૦ ૮થી ૧૮માં એ બેવ ટોલા હા૦ ઇસમાઇલ આ૦ અને હા૦ ઇસહાક આ૦ ની અવલાદને હા૦ ઇબરાહીમ આ૦ ની અવલાદ અને ભાઇ લખ્યા છે જે ઇસરાઇલ અને અરબ છે અને યહુદીયો જે ઉપલી ખબરને હા૦ યુસા બીન નુન આ૦ ની ગણે છે તે બાતેલ છે. અને એ ખબર તેવણની નહી થઇ સકતી કેમકે તેવણ પોતે . પણ ઇસરાઈલજ અને હા૦ મુસા આ૦ ની સાથેજ હતા અને ગીનતી બા૦ ૨૭ આ૦ ૧૮થી ૨૩માં ખુદાતઆલાએ હા૦ મુસા આ૦ ના વખતથીજ હા૦ યુસા બીન નુનને તેવણની જગ્યા પર કાયમ કરયા હતા અને ઉપલી ખબરમાં ઇસરાઈલોના ભાયોમાંથી થવાનું કહેલુ છે જેની મતલબ અરબ છે બીજુ હા૦ યુસા આ૦ મે એ ખબર પોતાની હોવાનો દાવો પણ કરેલો નથી તેમ કોએ પણ તે વખતમાં એ ખબર તેવણની હોવાનુ કહેલું નથી તો ફરી એ ખબર તેવણની ગણવી બાતેલજ છે અને તેમજ ઇસાઇયો જે એ ખબરને હા૦ ઇસા આ૦ ની ગણે છે તે પણ બાતેલ છે કેમકે હા૦ ઇસા આ૦ પણ ઇસરાઈલમાથીજ થયા હતા અને તે પણ ઇસરાઇલની બેહેન માથી વગર બાપે પેદા થએલા છે અને ઉપર ઇસરાઈલોના ભાયોમાંથી થવાનુ કહેલું છે. બીજુ હા૦ મુસા આ૦ ખુદાના બંદા અને નબી હતા અને હા૦ ઇસા આ૦ ને ઇસાઇયો ખુદા અને ખુદાનો છોકરો કહે છે તો ફરી ઉપર કહયા મુજાણે હા૦ ઇસા આ૦ હા૦ મુસા આ૦ ને જેહવા કેમ થઇ સકે બલકે એ ખબર હા૦ ઇસા આ૦ ની ગણવાથી તેવણની નબુવત પણ બાતેલ થાય છે કેમકે ઇનજીલ યુહના બા૦ ૧૦ આ૦ ૩૩માં તેવણનુ પોતાને ખુદા કેહવાથી યહુદીઓનુ મારવું છે ત્રીજુ તેવણે ઇનજીલ મરકસ બા૦ ૯ આ૦ ૧ અને બા૦ ૧૩ આ૦ ૧ થી ૩૭માં આપેલી પેસીન ગોઇ એટલે તે વખતના લોકો મરી નહી જાય તેટલામાં તેવણનુ પાછા આવવું અને તે આગલની સરવે આફતોનુ થઇ જવુ અને ચાંદ સુરજનુ અંધારૂ થઇ જવું અને તેવણનુ આવવું કહેલુ છે. પણ તેઓ મરીને સેંકડો વરસ થઇ ગયા પણ તેવણ આવીયા નથી તો એ ખોટા નબીની ખાસ ઉપર નીસાની બતાવેલી છે. ચોથું હા૦ ઇસા આ૦ મે ઉપલી ખબર પોતાની હોવાનો દાવો યાને હા૦ મુસા આ૦ જેહવા હોવાનો પણ કરેલો નથી અને જે દાવો ઇનજીલ માં કરેલો છે તેવી બીજી ઘણી ખબરો તોરાતમાં છે તેમાંથી કોઇ એવણની પણ હોસે અને હા૦ ઇસા આ૦ ના સાગરીદોએ જે એ ખબરને હા૦ ઇસા આ૦ ની લખી છે તે પણ બાતેલ છે કેમકે સાગ રીદોએ એવી ઘણી ખબરો નાહક હા૦ ઇસા આ૦ ની બનાવીને લખી આપેલી છે. જુઓ બે સમવા એલ બા૦ ૭ આ૦ ૧૨–૧૩મો હા૦ દાઉદ આ૦ નો છોકરો હા૦ સુલેમાન આ૦ની ખબરને તેમા મસીહનુ નામ ઉમેરીને આમાલ બા૦ ૨ આ૦ ૩૦માં હા૦ ઇસા આ૦ ની ખબર લખી આપી છે તેમજ હા૦ મસીહને આગલા કોઇ

નબીઓ નાસીરી નહી કહેલું પણ મતી બા૦ ૨ આ૦ ૨૩માં નબયો નાં નામથી ખોટું લખી આપયું છે. પાંચમુ હા૦ ઇસા આ૦નુ યુહના બા૦ ૧૬ આ૦ ૧૨મા લોકોને સરવે નહી કહી સકવાનુ કેહલું છે પણ ઊપલી ખબરમાં તે નબીનુ લોકોને સરવે કેહવાનુ ફરમાવેલું છે. છઠુ યુહના બા૦ ૧૮મા મસીહનો ઇનસાફ હાકમે કરવો છે અને ઉપલી ખબરમાં તે નબીનુ લોકોનો ઇનસાફ કરવાનુ ફરમાવેલું છે. સાતમુ હા૦ ઇસા આ૦ ના સાગરીદ પોતે ઇબરાનીયો બા૦ ૩ આ૦ ૩માં. હા૦ ઇસા આ૦ ને હા૦ મુસા આ૦ ને જેહવો નહી હોવાનુ કહેલું છે. આઠમુ હા૦ ઇસા આ૦ પોતે મતી બા૦ ૫ આ ૧૭થી ૨૦ અને બા૦ ૨૨ આ૦ ૧થી ૩મો હા૦ મુસા આ૦ની તોરાતપર ચાલનારા અને લોકોને ચલાવનારા હતા જેથી હા૦ ઇસા આ૦ હા૦ મુસા આ૦ને જેહવા નહી થઇ શકતા તો ઉપલી ખબર કોઇ તરેના શક વગર હા૦ મોહમમદ સા૦નીજ સાબેત થઇ છે.

૩૩ જુવો ઇસાઇયોની ઇનજીલ મો યુહના બાબ ૧૬ આયત ૭થી ૧૪ મો હા૦ ઇસા આ૦મે તેવણના બાદ ફારકલીત આવવાની ખબર આપેલી છે અને એની માએની અરબીમો અહમદ છે. પણ ઇસાઇયોએ હાલની ઇનજીલમાં એની માએની તસલ્લી દેનારો અને સચાઇની રૂહ લખેલી છે. અને એની નીસાનીયો હા૦ ઇસા આ૦ મે એ બતાવી કહયું છે કે હું તમોને સાચુ કહું છું કે માહરૂં જવું તમારે માટે ફાયદા કારક છે, કેમકે જો હું નહીં જાવુ તો તસલ્લી દેનારો તમારી પાસે નહીં આવશે પણ જો હું જાવું તો હું તેને તમારી પાસે મોકલી આપિસ અને તે આવીને દુનયાને ગુનાથી અને રાસતીથી અને અદાલતથી તકસીરવાર ઠેરવસે ગુનાથી એટલા માટે કે જે મારાપર ઇમાન નહી લાવીયા રાસતીથી એટલા માટે કે હું મારા બાપ પાસ જાવું છું અને તમો મને ફરી નહી જોસો અદાલતથી એટલા માટે કે આ જહાનના સરદારપર હુકમ થએલો છે મારી બીજી ઘણી વાતો છે કે હું તમોને કહું પણ હવે તમો તેની બરદાસ્ત નહી કરી શકતા પણ જેયારે તે એટલે રૂહ હક આવે તો તે તમોને સરવે સાચો રસ્તો દેખાડસે એટલા માટે કે તે પોતાનું કંઇ નહી કેહસે પણ જે કંઇ સાંભળશે તે કેહસે અને તમોને થનારી ખબરો આપશે તે માહરી બુજુરગી કરશે. એટલા માટે કે તે મારી ચીજોથી લેસે અને તમોને દેખાડશે—હવે, એ ખબર હા૦ મોહમમદ સા૦ની હોવાની કુરઆન શરીફમો સુરા સફ (નારકુ ૨)મો ફરમાવેલું છે અને હા૦ મોહમમદ સા૦ એ સરવે સીફતોને સાથે હા૦ ઇસા આ૦ ને બાદ થયાં છે પણ ઇસાઇયો એ ખબરને હા૦ ઇસા આ૦ ને બાદ સાગરીદો પર આગ જેહવી જબાનો પાને રૂહુલ કોદોસ ઉતરવાની ગણે છે પણ ઉપલી ખબર તે આગ જેવી જબાનોની થઇ શકતી નથી બલકે તેથી હા૦ ઇસા આ૦ના કલામને જુઠાવવું થાઇ છે કેમકે રૂહુલ કોદોસ તો હા૦ ઇસા આ૦ના આગળ પણ લુકા બા૦ ૧ આ૦ ૧૫

અને ૩૫ અને ૪૧ અને ૬૭ અને બા૦ ૨ આ૦ ૨૫ અને બા૦ ૩ આ૦ ૨૨ મો ઘણા લોકો પર અને હા૦ ઈસા આ૦ પર ઉતરી હતી અને હા૦ ઈસા આ૦ મે પોતે પણ આસમાન પર જવા આગલ યુહના બા૦ ૨૦ આ૦ ૨૨ માં રૂહુલ કોદોસ સાગરીદોને આપી હતી. અને ઉપર કહેલું છે કે હું નહી જાવું તો તસલ્લી આપનારો નહી આવસે જેથી કોઇ નહી આવેલું આવવું જોઈએ તો ઉપલી ખબર તે આગ જેહવી જબાનોની કેમ થઈ શકે તેમ રૂહુલ કોદોસ બે તરેતી હોવું પણ ઈનજીલમાં કહેલું નથી તેમ તેનુ આગ જેહવી જબાનોમાં આવ વાનુ પણ કહેલુ નથી પણ તે આગ જેહવી જબાનો લુકા બા૦ ૩ આ૦ ૧૬ અને બા૦ ૨૪ આ૦ ૪૮ ની પેસીન ગોઈપુરી થવી છે. અને ઉપલી પેસીન ગોઈ તો લુકાની ઈનજીલમાં છેજ નહી તો ફરી લુકાને એ પેસીન ગોઇ સાથે કોઇ તરેની નીસબત રહી નથી. બીજું તે આગ જેહવી જબાનોએ ઉપલી પેસીન ગોઈ પોતા વીશે હોવાનો દાવો પણ કરેલો નથી. તેમ ઉપલી નીસાનીયો યાને લોકોને ગુનાથી અને રાસતીથી અને અદાલતથી તકસીરવાર ઠેરવવું અને હા૦ ઈસા આ૦ પર ઈમાન નહી લાવનારને ગુનેગાર ઠેરવવું. અને હા૦ ઈસા આ૦ નુ આસમાનપર વગર સુલી ચડે જવું સચાવવું અને રાસતીથી દુનયાના સરદારનું આવવું અને સરવે સાચો રસતો લોકોને દેખાડવુ અને જે ખુદાનો હુકમ થાય તેમ લોકોને કેહવું અને થનારી વાતોને આગલથી કહી આપવું અને હા૦ ઈસા આ૦ ની તારીફ કરવું અને તેવણે કહેલી વાતો લોકોને દેખાતવું તે આગ જેહવી જબાનેમા હોય તો બતાવી આપે અને નહી તો એ સરવે નીસાનીયો હા૦ મોહમમદ સા૦ મો જોઈ લીએ એ સરવે કુરઆન સરીફમાં મોજુદ છે. ત્રીજુ જો એ ખબર યાને ફારક લીતની મતલબ તે આગ જેહવી જબાનોની હોતે જે સાગરીદો પર ઉતરી હતી તો તે બાદ સને ૩૦૦ ઈસવીમાં મુટાનીસ ઈસાઈએ પોતે ફારકલીત હોવાનો દાવો નહી કરતે તેમ લોકો તેને માની લેતે નહી પણ તેનો દાવો જુઠો હોવાથી આખર તે બાતેલ થઈ ગયો હતો. ચોથુ યુહના ઈનજીલ લખનારનો કાયદો છે કે તેણે ઈનજીલ લખયા પેહેલા જે જે વાતોં હા૦ ઈસા, આ૦ની પુરી થયલી તેપણ ઈનજીલમા પુરી થઈ કરીને લખયુ છે જેમકે યુહના બા૦ ૧૮ આ૦ ૯ અને ૩૨ અને ૨–૨૨મા છે તો યુહના એ તે આગ જેહવીજ બાનો ઉતરયા પછી કઇ વરસો બાદ ઈનજીલ લખી છે તો ઉપલી ફારકલીતની ખબર તે આગ જેહવી જબાનોનીજ હોતે તો તે પણ પુરી થયલી લખતે પણ તેમ નહી છે. પાંચમુ રૂહુલ કોદોસ પોતે ૧. યુહના બા૦ ૫ આ૦ ૭ પરમાણે ખુદા છે તો ફરી ઉપલી ખબર પ્રમાણે કે તે પોતાનુ કઈનહી કેહશે પણ જે સાંભલસે તે કેહસે તો તે કોનેથી સાભળીને કેહનારો થાય. છઠ્ઠુ ફારકલીતની મા એની અરબી માં અહમદ છે તેના એ કરાર ઇસાઈયોના મોહટા વીદવાનો મસ્વલયમ મી સુરે પોતાની તવારીખે મોહમમદી અને આઠરેહી મસ અને ફીસુર

પાકે રસટ અને રેવરં મચલ એલ. એલ. ડી. અને જોરજ સેલ અને જોન ડીયુનપોરટ સાહેબોએ પણ પોતાની કીતાબોમાં કરેલાં છે અને અમેરિકાન સોસાયટીના તરફથી પાદરી કીયાસુ સાહેબે બનાવેલી કીતાબ ઉરદુમાં ખતુત બનામે જવાનાને હીંદમાં લખે છે કે મસીહ એ પરીકલુતસ આવવાની ખબર આપેલી છે. જેની માએની તસલ્લી દેનારો થાઇ છે અને જો એ લબજ પરેકલીતસ હોતે તો તેના માએની અહમદ થતે તો હું કહું છું કે એટલો ફેર થઇ જવો બાઇબલમાં કંઇ મોહટી વાત નહી છે તેના ફકત બે ચાર દાખલા આ જગયા હું બતાઉં છું જુવો મલાકી બા૦ ૩ આ૦ ૧મો છે કે હું માર રસુલને મોકલેસ અને તે મારા આગળ મારો રસતા દુરસત કરશે અને એજ ખબરને મતી બા૦ ૧૧ આ૦ ૧૦મો લખે છે કે હું મારો રસુલ તારા આગળ મોકલું છું જે તારા આગળ તારો રસતો દુરસત કરશે. ફરી મીકા બા૦ ૫ આ૦ ૨મો છે કે એ બેતલહમ ઇફરાતા હરચંદ કે તું યહુદાના હજારોમાં સામેલ થવાને માટે નાનો છે અને એજ ખબરને મતી બા૦ ૨ આ૦ ૬મો લખે છે કે એ બેતલહમ યહુદાની સરજમીન તું યહુદાના સરદારોમાં હરગીજ કમતરીન નહી છે ફરી મતી બા ૩ આ૦ ૧૧મો લખે છે કે તે તમોને રૂહુલ કોદાસ અને આગથી બાપતીસમાં આપસે અને એજ ખબર મરકસ બા૦૧ આ૦ ૮મો છે કે તે તમોને રૂહુલ કોદાસથી બાપતીસમાં આપશે ફરી મતી બા૦ ૨૭ આ૦ ૪૬મો લખે છે કે મસીહએ કહયું કે એ મારા ખુદા તે કેમ મને મુકી દીધો અને એજ ખબર લુકા બા૦ ૨૩ આ૦ ૪૬મો છે કે મસીહએ કહયું કે એ મારા બાપ મારી રૂહને તારા હાતમો સોંકું છું. તેમજ ઉપલી પેસીનગોઇ ફારકલીતની યુહના સેવાએ બીજી કોઇ ઇન-જીલમો નહી છે જેને સમુલકી તરણ ઇનજીલો વાલાઓએ મુકી દીધી છે તેમજ હાલ ઇસાઇઓની બાઇબલનો સુધારો કરવો જોવો હોઇ તો જુવો સને ૧૮૬૦ની લંડંમો વલયમ વાટસમાં છપાયલી ઉરદુ ઇનજીલ મતી બા૦ ૧૨ આ૦ ૪૦મો મસીહ પોતા વીશે કહે છે કે જેમ યુનસ નબી ત્રણ દહાડા અને ત્રણ રાત મંછીના પેટમાં રહયા તેમ ઇનસાનનો છોકરો ત્રણ દહાડા અને ત્રણ રાત જમીનના પેટમાં થસે. પણ ઇનજીલોમાં મસીહનુ મરીને બે રાત અને એક દહાડો જમીનમાં રહેવું છે જેથી ઉપલી મસીહની પેસીન ગોઇ જુઠી થાય છે તો તેને સને ૧૮૭૦ની છપાયલી ઉરદુ બાઇબલમાં સુધારીને ત્રણ રાત દહાડો કરી આપયુ છે અને બીજું એવું સેકડો વધઘટ કરેલું છે જે માહરી બીજી કીતાબોમાં જુવો તો જેયારે આવા મોટા ફેરફાર કરી નાખયાં છે તો ફરી પરેકલીતસ ને પરીકલુતસ કરી નાખવામાં સું સક રહે છે સાતમુ જો હજરત મસીહ એ તસલ્લી આપનારો આવવાની આપેલી ખબરની મતલબ આગ જેહવી જબાનો આવવાની હોઇ અને તે આગ જેહવી જબાનો એ તેનો દાવો કરયો હોઇ અને તેણે કોઇ તરેની તસલ્લી લોકોને આપી હોઇ અથવા હ૦ મસીહ એ તસલ્લી આપનારો આગ જેહવી જબાનોમા આવવાનું કહયું હોય તો

બતાવી આપે અને નહી તો હા૦ મોહમમદ સા૦ નુ લોકોને ન જાત પામવાની તમલી આપવું જોઇએ. એટલું કુરઆન સરીફ અને હદીસોમાં જોઇ લીએ કે એવણજ ગુનેગારોનો છુટકારો કરાવસે જેનો એ કરાર કીરસતીયોનો પાદરી ફંડરે પણ પોતાની કીતાબ તરીકુલ હયાતના પાના ૧૧૯માં કરેલો છે, આઠમુ ઉપર કહયા પ્રમાણે સચાઈ ની રૂહની મતલબ પેગમબરનીજ છે કેમકે ૧. યુહના બા૦ ૪ આ૦ ૧થી ૫ માં પેગમબરની પીછાન કરવામા એજ રૂહે હક અથવા સચાઇની રૂહ લખેલી છે. નવમુ ઉપલી ખબરમાં જહાનના સરદારપર હુકમ થએલો કહેલુ છે અને તેની મતલબ ઇસાઇયો સેતાનની ગણે છે પણ સેતાન તો સરૂથીજ દુનયામાં આવેલો છે અને તે એટલા સુધી કે મતી બા૦ ૪માં હા૦ મસીહ આ૦ ને પણ ફરેબ આપી ને પહાડ પર પોતાને સીજદો કરાવવા લઇ ગયો હતો તો ફરી બીજો તરેનો સેતાન હોઇ તો બતાવી આપો. પણ ખુદા હા૦ ઇસા આ૦ ને મતી બા૦ ૨ આ૦ ૬માં અને હા૦ આદમ આ૦ ને પેદાયસ બા૦ ૧ આ૦ ૨૬-૨૭માં દુનયાની સરવે ચીજોપર સરદાર કરેલા છે તો તેમજ હા૦ મોહમમદ સા૦ બેશ જહાનના સરદાર થઇને દુનયામાં આવેલા છે અને એ પેસીન ગોઇને લાગતી બીજી કેટલીક બાબતો યુહના બા૦ ૧૪ અને ૧૫ માં છે અને તેમાં કેટલોક સક ઇસાઇયોને પડે છે તે સરવેનો જવાબ મારી કીતાબ તબલીગુલ ઇસલામમાં આપેલાં છે તેમાં જુવો અને એથી વધારે નબયોએ હા૦ મોહમમદ સા૦ ની આપેલી પેસીન ગોઇયો જોવી હોય તો મારી કીતાબ દાવતુલ ઇસલામ અને પુરૂફ ઓફ પરોફેટ મોહમમદ બાઇ ધી હોલી બાઇબલમા જુવો.

૩૪ જુવો જરથોસતી પારસીઓના માનીતા પેગમબરોના નામાની કીતાબ દસાતીરથી હા૦ મોહમમદ સા૦ ની પેસીનગોઇ ઘણી ખુલ્લી તરેની હું મારી કીતાબ તબલીગુલ ઇસલામમાં લખી ચુકયો છું તેમ જ તેઓના બાદસાહ નવસેરવાનનો ખુવાબ અને તેની બુજર ચમહરે કરેલી તાબીરથી હા૦ મોહમમદ સા૦ ની પેસીનગોઇ પણ ઘણીજ ખુલ્લી તરેની મારી કીતાબ સવાલે યુસુફીમાં લખી ચુકયો છું પણ આ જગ્યા તેવણના એક મોહટા નજુમી જામાસપીએ પોતાની કીતાબ જામાસપીમાં કહેલી પેસીનગોઇ લખી જણાઉં છું જુઓ જામાસપીના પાના ૯૪-૯૫-૯૭માં કેહે છે કે યાજદેજર બી૦ સેહેરયાર બાદ સાહના વખતમાં મોહમમદ પેગમબર પેદા થસે અને ઇરાન અને હીનદુસતાનમાં તે દીન ચાલશે અને પાના ૧૦૪મા કહે છે કે મોહમમદ પેગમબરનુ હાસમી દીન કેહવાસે અને પાના ૭૭ માં કહે છે કે મોહમમદ પેગમબરના વખતમાં મુસલમાની દોહોરમાં ખુરાસાનનાં મુલખ ભાગસે. અને પાના ૫ માં કહે છે કે ચોથા તબકાના આખરમાં મોહમમદની બોલાસે એટલે ઇરાનમાં મોહમમદી બાદસાહ થસે અને પાના ૫૭માં કહે છે કે અરબનો પેગમબર મોહમમદ આવસે. અને પાના ૫૯માં કહે છે કે જરતોસના ધરમ પછી મોહમમદ પેગમબર પેદા થસે. અને મોહમમદી દીનની ૪ કીતાબો અર

ચાર મજહબો થસે.——હવે એ જામાસ નજુમી ગુતાસપ બાદસાહ નો વજીર હતો. જેને થયાને આસરે ૨૫૫૦ વરસ થયા છે. તો જેયારે આવી ખુલ્લી પેસખબરી જામાસપીએ કરેલી છે. અને તેજ પ્રમાણે સરવે ખરૂ થએલુ છે તો ફરી હા૦ મોહમમદ સા૦ ની પેગમબરી કબુલવામાં કંઇજ સક રહયો નથી.

૩૫ જુવો હીનદુઓના અથરવેદના રચા ૧૧૧૧ના ઉપનેસદ માં કહેલું છે કે અલ્લો જેસઠેમ સરેસઠમ પરણમ પુરણમ બરમણા હા અલ્લામ અલ્લો રસુલ મોહામદરાહ કમબરસયા અલ્લો અલ્લામ આદલાબુક મેકમ અલ્લા બુકમ નીખા તકમ—એનો તરજુમો એ છે કે પેદા કરનારો જોરાવર મોહટો જોરાવર મોહોટો પુરો મોજુદ મોહોટો અલ્લાહ પેદા કરનારો રસુલ મોહમમદ સરવેની નજાત કર નારનો જોરાવરનો કોણ છે બરાબરનો સુરજ ચાંદ સરવેનો પેદા કરનારો અલ્લાહ છે વગર હદનો અલ્લાહ ફના તેને નથી અલ્લાહને મારનાર કોઇ નથી પેદા કરનારો જગતનો—અને બીજા એવા ઘણા ઉપનેસદો અલ્લાહ અને તેના પેગમબર હા૦ મોહમમદ સા૦ ની તારીફના વેદમાં છે અને ઉપલુ ઉપનેસદ ઔરંગાબાદમાં એક હીનદુ પંડીતનુ સંસકુરતમાં છપાવેલું મારી પાસે મોજુદ છે તેમજ આરયાઓનો ગુરૂ દીયાનંદ સરસતીની કીતાબ સતયારત પરકાસમાં પણ છે પણ હાલના હીનદુઓ એ બાબતમાં કહે છે કે એ ઉપનેસદ અકબર બાદસાહના વખતમાં તેને બનાવી વેદમાં દાખેલ કરાવેલા છે. પણ એમ કહેવામાં તેવાણની મોહટી ભુલ છે કેમકે બસારાતે અહમદીમાં લખયું છે કે અજમેરવાલા પંડીત કનઇયાલાલને પાસે ૬૭૦ વરસનુ લખેલુ અથરવેદ છે. અને સાહપુરા રાજસતાનમાં પંડીત સોસરામદાસને પાસે ૧૧૦૦ વરસનુ લખેલુ અથરવેદ છે. અને તેમા પણ ઉપલુ ઉપનેસદ છે તો ફરી તે વખતમાં અકબર બાદસાહ તો સું પણ તે મુરીયોનુ પણ નામનીસાન હીનદમાં નહી હતુ કેમકે અકબરને થયાને આસરે ૩૦૦ વરસ થયા છે બીજું જો અકબરે એ બાબત વેદમાં દાખલ કરાવી હોઇ તો કેટલા વેદોમાં તે દાખલ કરાવે કેમકે હીનદુસતાનમાં તો તે વખત પણ ઘણા હીનદુરાજ હતા. તો તે સરવે મુલકોના વેદોમાં કેમ દાખેલ થઇ સકે અને જો સરવે મુલકોના વેદોમા એ દાખેલ કરાવીયુ હોઇ તો તેના હજારો ગવા હોવા જોઇએ પણ તેના બદલામાં થોડા ખરા પુરાવા પણ મલી સકતા નથી. તો ફરી હા૦ મોહમમદ સ.૦ ખુદાતઆલા ના ખરા પેગમબર થવામાં કંઇ ભી સક રહયો નથી.

૩૬ જુવો બુધદીસ યાને ચીન અને સરાવગ જેનોનાં મહાન સીધ સુતરમાંથી એક ગોરજીએ હા૦ મોહમમદ સા૦ ની પેસીનગોઇ મને લખી આપેલી છે અને તે આ પ્રમાણે છે અલાકુરવંતી ચેવ એલલા તચેવચ મોહમમદ રસુલ સચ કોરવંતુ તવ મંગલમ—એનો તરજુમો અલ્લાહ કરનારો છે અને એલલાહ પણ તેમજ છે મોહમ મદ રસુલ છે અને કરનારો તેજ સારૂ કામ છે અને એની ટીકા તેણે

ઘણીજ લાંબી લખી આપેલી છે. પણ લંબાણના સબબથી તે લખી નથી તેમજ તા૦ ૧૭ મેહ સને ૧૮૯૯ના જામેજમસેદ છાપામાં એક રસપાન પેરાઈસર ચીનમા મોહમમદી ધરમ દાખલ થવા બાબત લખે છે કે એમ કેહવાઈ છે કે ચીનાઈ સેહેનસાહે એક દીવસ સ્વપનામાં એક ખુબસુરત લડાઈયાને એક સેતાનની પુઠે લાગેલોદીઠો કે જે લડવઈયાએ સેતાનને પકડીને તેને મારી નાંખ્યો હતો. ચીનાઇ સેહેનસાહે આ સપાનાની તાસીર વીશે જેયોતીશીઓનુ મતલેતા જયોતીસીએ જણાવ્યું કે થોડા વખતમાં પસચીમ તરફના મુલકમાં એક પવીતર માણસનો જનમ થસે જેથી ચીનાઈ સેહેનસાહે અરબીયાના રાજા સાથે મીત્રાચારી ભરયો સંબંધ રાખવો વગરે આ ઉપરથી ચીનાઈ સેહેનસાહે અરબીયાના રાજા સાથે મીતરાચારી પાડી અને તે પછી ચીનમાં મોહમમદી ધરમ દાખલ થયું અને ચીનાઈ સેહનસાહએ કંતાનમાં એક મસજીદ પણ બનાવાની પરવાનગી આપી હતી અને ચીનાઈ તવારીખમાં મોહમેદનોને મુરતી પુંજા નહી કરનારા તથા એક ખુદાને માનનારા અને સરાબથી પેરેજ કરનારા લોકો તરીકે જણાવેલામાં આવીયા છે—હવે આ પેહલી પેસીન ગોઇમાં ખુલ્લે ખુલ્લી હા૦ મોહમમદ સા૦ની પેગમબરીની ખબર આપેલી છે અને બુધદીસ ધરમપણ એમાંથીજ નીકલેલું છે અને ચીનાઈ સેહેનસાહનો સપનો પણ ખરો અને પુરો થયો છે તો એ બેવના મજહબથી પણ હા૦ મોહમમદ સા૦ની નબુવતમાં કંઈજ સક રહયો નથી.

૩૭ જુવો સીખોના નાનકે પોતાના ગ્રંથમાં કહેલું છે કે બાજ મોહમમદ ભગત આંજાઈ પેહેલા નામ ખુદાએદાં દુજા નામ રસુલ તીજા કલમા પડલે નાનક જો દરઘ પવે કબુલ—એનો તરજુમો બગર મોહમમદને ઇબાદત બાતેલ છે અને પેહેલુ નામ ખુદાનુ અને બીજુ નામ રસુલ તીજો કલમો પહડી લે નાનક જેથી દરઘામાં થાય કબુલ હવે આ કહેવાથી નાનકે પણ હા૦ મોહમમદ સા૦ની પેગમબરીનો ખુલ્લો એકરાર કરેલો છે અને પોતાને પણ પેગમબરીમાં દાખલ કરે છે તો એ બાબતમાં પેહલા તો હા૦ મોહમમદ સા૦ ને બાદ બીજો પેગમબર થવાનોજ નહી છે. અને બીજુ નાનકની પેગમબરીનો કોઈ આગલા ખરા પેગમબરે ખબર આપેલી પણ નથી તેમજ તેના ગરથનો ખુદાના તરફથી હોવાનો દાવો પણ નથી તો ફરી એ ખરો પેગમબર કદી થઈ શકેજ નહી જેની નીસાનીયો હું આગલ લખી ચુકયો છું.

૩૮ હવે આગલ બતાવેલા દુનયાના સરવે ચાલુ મજહબોમાંથી કોઈ મજહબના આગેવાન માનીતા પર સેવાએ હા૦ મોહમમદસા૦ ને સરવે જુદા જુદા મજહબવાલાઓની ગવાહી આપેલી નહી છે. અને તેઓ સરવેએ હા૦ મોહમમદ સા૦ ખુદાતઆલાના ખરા પેગમબર હોવાની આગલથી ગવાહી આપેલી છે તો એથી સરવે મજહબવાલાઓને દીન ઈસલામ માનવું વગર સકે ફરજ થયુ છે અને એ સરવે ગવા આપનારા ખુદાનાં તરફના ખરા પેગમબર હતા કે નહી

કેમકે ઉપર તો તે સરવેના મજહબ બાતેલ ઠરયા છે. તો એ બાબત જાણવું જોઇએ કે એ ગવા ત્રણ તરેથી આપી સકાઇ છે તેમાં પેહેલું તો એ કે યહુદીયોના પેગમબર હા૦ મુસા આ૦ અને ઇસાઇયોના પેગમબર મા૦ ઇસા આ૦ ખુદાના ખરાજ પેગમબર હતા. પણ પાછળથી લોકોએ તેવણની કીતાબોમાં ફેરફાર કરી નાખવાથી અને તેવાણને બાદ બીજા પેગમબર આવવાથી તે બાતેલ અને મનસુખ થઇ ગયા છે દાખલા તરીકે યહુદીયોની તોરાતમાં કીતાબ વસઅથા બા૦ ૪ આ૦ ૧૮ અને ૨૫ અને ૨૮માં છે કે તમો ખુદાને કોને જેહવો કેહસો અને કોને જેહવો કેહવસો અને નતે થાકે છે. ન માંદો થાય છે. અને એનેથી ઉલટું ખુદાનું માણસના માફક ખાવું પીવું છોકરાવાલો ફરવું ગુણ થાકવું વગેરે હું આગલ તેઓના અકીદામાં લખી ચુકયો છું અને તેઓ હા૦ મસીહ અને હા૦ મોહમમદ સા૦ પર ઇમાન નહી લાવીયા જેથી તેઓની મજહબ અને કીતાબો પણ બાતેલ થઇ ગઇ છે તેમજ ઇસાઇયોની ઇનજીલમાં યુહના બા૦ ૧૭ આ૦ ૩ અને મતી બા૦ ૧૯ આ૦ ૧૬ થી ૧૮માં છે કે હમેસાનું જીવનુ એ છે કે ખુદાને એખલો સાચો ખુદા અને યસુ મસીહને તેનો મોકલેલો (યાને રસુલ) જાણવું અને ખુદાની મરજી પ્રમાણે અમલ કરવાથી નજાત પામવુ છે. અને એનેથી ઉલટું ત્રણ મલીને એક ખુદાનું હોવું અને ખુદાનુ જીસમમાં જાહેર થવું અને મસીહ ખુદાનો છોકરો હોવું અને મસીહના સુલી ચહડવામાં લોકોના ગુનાહો માફ થવું હું આગલ તેઓના અકીદામાં લખી ચુકયો છું અને તેઓ હા૦ મોહમમદ સા૦ પર ઇમાન નહી લાવીયા જેથી એ મજહબ અને તેની કીતાબો પણ બાતેલ થઇ ગઇ છે તો એમજ બીજા મજહબોના આગેવાનો પણ હોઇ અને પાછલથી તેઓની કીતાબોમા લોકોએ સીરક અને કુફર અને બુત પરસતી મેલવી આપી હોય તો તે ઉપર પરમાણે બનવા જોગ છે કેમકે કુરઆન સરીફમાં ફરમાવેલું છે કે દરેક કોમમાં હીદાયત કરનાર છે તો એથી તેઓએ હા૦ મોહમમદ સા૦ની પેસીનગોઇ કરી હોય બીજુ એ કે અસલ ઘણા ખરા પેગમબરો સામના મુલખમાં થએલા છે. અને તેના પડોસમાં ઇરાન અને મધ્ય એસયા જે કે પારસી અને વેદી હીનદુઓનુ વતન છે તેઓના આગેવાનોએ પોતાના પડોસીયોથી સાંભળીને અથવા તેઓની કીતાબોમાં જોઇને પોતાની કીતાબોમાં દપલી પેસીનગોઇ લખી હોઇ તો તે બનવા જોગ છે કેમકે તવારીખ અબુલ ફીદામાં છે કે પારસીયોનો જરથોસ્ત હા૦ દાનયલ પેગમબરનો સાગરીદ હતો અને દલાલીરથી માલુમ પડે છે કે હીનદુઓના વેદના ભાગો કરનાર વેદવીયાસ જરથોસ્તનો સાગરીદ હતો. ત્રીજુ એ કે તે વખતમાં નજુમના ઇલમનો ઘણો ચલણ હતો અને અકસર તેઓની નજુમ ખરી થતી હતી જે સે ઉપર દાખલો આપેલો છે તો તેમ નજુમના જોરથી પોતાની કીતાબોમાં પેસીનગોઇ લખી હોઇ તો તે બનવા જોગ છે હાસલ તેઓ સરવે કેહવા હતા તે કંઇ હું કહી શકતો નથી પણ

અસલ વાત એ છે કે જો તેઓ સરવે ખરાજ હોઈ અને તેઓની કીતાબો પણ સરવે ખરીજ હોય તો પણ જે સરવેથી છેલો પેગમબર હોઇ અને જેના ખરા થવા પર સરવેએ ગવા આપી હોય તેનેજ માનવો જોઇએ અને તેનેજ માનવાથી સરવેનો છુટકારો થવો જોઇએ. અને તેને નહીં માનેથી તેઓ પોતાના માનીતાઓને અને તેવાણની કીતાબોને જુઠલાવનારા થઇ કદી તેઓનો છુટકારો થઈ સકતા નથી.

૩૯. હવે આ ઉપરથી ઇસલામી મજહબ કોઇ મીસં કે ખરચ વગર કેટલા વાંસતારમાં અને કેટલી ઝડપથી વધતું જાય છે અને ખરા મજહબને ઓલખનારા કેટલા અને કબુલતા જાય છે તેનો થોડોક હાલ આ જગ્યા હું લખી જણાવું છું. જુવો પેહેલા તો એ મજહબ ઉપલા સરવે મજહબો કરતા પછી જારી થએલુ છે અને યહુદી અને ઇસાઈ અને હીનદુ અને પારસી મજહબો તેથી ઘણાજ વરસો આગલથી જારી થએલા છે તે છતા એ મજહબો જેયાં જેયાં અને જે જે કોમમાં જારી થયા તેયાં તેયાંજ હજુ સુધી રહેલા છે અને તેઓ જે જે બીજા મુલખોમાં જઈ રહયા તયા તયાજ તે જારી છે જેમકે યુરોપના ઇસાઈ અને સીરયાના યહુદી અમરીકાન અને આસ્ત્રેલીયામાં જઈ રહેલા છે અને તેમજ ઇરાનના પારસી અને તેના પડોસના હીનદુ હીનદુસતાનમાં આવી રહયા છે અને એ સેવાએ ઇસાઈઓના કરોડો રૂ૦ ના ખરચે મીસનરીની મેહનતથી બીજા ભાગોમાં થોડા નામના ઇસાઈ થએલા છે. પણ ઇસલામી મજહબ થોડા વખતમાં અરબસ્તાન અને સામનો મોહોટો ભાગ અને તુરકી અને ઇરાન અને બલોચીસ્તાન અને હીંદુસ્તાનો મો ભાગ અને અફગાનીસ્તાન અને તુરકસ્તાન અને તાહતાર અને બરમા તથા સીયામનો કેટલોક ભાગ અને મલાઈ કસતા અને જાવા સુમાતરાનાં બેટો અને ચીનનો કેટલોક ભાગ અને કેપ ઇલાકાનો થોડો ભાગ અને નીગોસાનો કેટલોક ભાગ અને મોરોકો અને તમબકટુ અને અલજેરયા અને ટુનીસ અને ત્રીપોલી અને એજીપ્ત અને ફીરાટ અને આઇપરસ અને શીદાન અને યુગંડા અને સોમાલી અને જંજીબાર અને મજંગાવગેરે મુલખોના લોકોમાં જારી છે કે એ સરવે મુલખોમાં મુસલમાનોએ લડાઇયો કરેલી નથી અને એનો એકરાર એક ગેર મજહબનો એટલે ઇસાઇયોનો મોહોટો પાદરી કેનેન આઈજક ટેલર સાહેબે પણ લંડમાં પાદરીયોની સભામાં કરેલો છે અને તેનો હાલ તા૦ ૨૫ નવમબર સને ૧૮૮૭ના મુંબાઈસમાચાર છાપામાં છપાએલો છે કે ઇસલામી ધરમ મોરોકોથી જાવા અને જંજબારથી ચીન સુધી ફેલાએલું છે. અને કેટલાકો કહે છે કે ઇસલામી મજહબ તલવારના જોરથી ફેલેલું છે તો તેઓની જાણ માટે થોડાક દાખલાઓ હાલનાજ તાજા હું લખી જણાવું છું કે જેથી તેઓને ખાતરી થસે કે હાલ તેઓ પર કોણ તલવાર ચલાવે છે જુવો તા૦ ૧લી જાનેવારી સને ૧૮૮૮ના રાસતગોફતાર અને બીજા ઘણા છાપાઓમાં લંડનમાં પાદરયોની સભામાં પાદરી કેનેન આઇજક ટેલર સાહેબે હીનદુસતાનની સને ૧૮૭૧

થી ૧૮૮૧ની દસવરસમી વસતી પત્રકથી હીનદુ અને મુસલમાનનો સરખો વધારો બાદ કરતા ૬૦ લાખ નવા મુસલમાન એ અર સામાં થયલા જાહેર કરેલા છે અને ટેમસઑફ ઈનડાયાના એ અરસા માં ૩૦ લાખ નવા મુસલમાન થવાનો અભીપ્રાય આપેલો છે અને એજ બાબતમાં તા૦ ૨૪ નવમબર સને ૧૮૮૭ના અખબારે સોદાગર વાલાએ પણ ૬૦ લાખ નવા મુસલમાન થવાનુ લખેલુ છે. અને એણે તે વખતના મુસલમાનોનો વધારો સેંકડે ૨૫) ટકા જેહલો બતાવેયો છે અને તેમાથી જનમ અને મરણનુ ધાયાન રાખી ૬૦ લાખ નવા મુસલમાન થવાનુ કહેલુ છે તેમજ તા૦ ૨૫ નવમબર સને ૧૮૮૬ના મુંબઇસમાચારમાં ઉપલાજ પાદરી સાહેબનુ આફરીકામાં અણધાથી વ ધારે માણસો મુસલમાન થવાનુ અને તે એટલા સુધા કે દરયાના મોજાની માફક તાયા ઈસલામ વધવાનુ કહેલું છે. અને તેમાં યુગંદા નુ રાજ હાલજ મુસલમાન થવાનુ કહેલું છે ફરી સને ૧૮૮૧થી ૧૮૯૨ની હીનદુસતાનની વસતી પત્રકમાં મુસલમાનોનો વધારો સેંક ડે ૧૪ ટકાનો અને હીનદુઓનો સેંકડે ૧૦ટકાનો વધારો થયો હતો એટલે સને ૧૮૮૧માં મુસલમાનો કુલ ૫૦૧૨૧૫૮૫ હતા અને તે વધાને સને ૧૮૯૨માં ૫૭૩૭૫૨૧૪ થયા હતા અને સને ૧૮૮૧માં હીનદુઓ કુલ ૧૮૭૯૩૭૪૫૦ હતા અને તે વધાને સને ૧૮૯૨માં ૨૦૭૬૫૪૫૩૭ થયા હતા તો એ હીસાબથી હીનદુ મુસલમાનો કરતા ચાર ગણા વધારે થયા તો એ પ્રમાણે જોતા હીનદુ અને મુસલમાનો માં સરાસરી સેંકડે ૧૦॥ ટકાનો વધારો થયો તો હીનદુ ચાર ગણા માથી પોણો પોણો ટકાનો વધારો બાદ કરીએ તો તે ચારે પોણે ત્રણ ટકા અને એ ત્રણ ટકાનો મુસલમાનોના ૧૦॥ ટકામાં મેલવીએ તો ૧૩॥ ટકા બલકે તેથી વધારે ઉપર પ્રમાણે ૧૪ ટકાનો વધારો થયો તો એ હીસાબથી સને ૧૮૮૧થી ૧૮૯૨ સુધી વરસ દસમાં ૧૫ લાખ નવા મુસલમાન થયા છે. અને એમાં કોઇને એવો સક હોય કે કેટલીક હીન્દુ જાતોની વીધવાઓ ફરી નહી પણવાથી તેઓની અવલાદમાં ઘટાડો થતો જાય છે તો તેમ મુસલમાન વીધવાઓ પણ ઘણી ફરી પુણતીયો નથી તેમ એક બે બચ્યાવાલીને કોઇ ઘણુ ફરી પણતુ નથી અને તેમ છતા પણ અવલાદ મરદથીજ થાઇ છે જેમકે ખેતી કેટલી ભી વધારે હોઇપણ તેમાં જેટલાં બીયા રોપે તેટલીજ તે ઉગે છે તો તેમજ હીનદુ મરદ સરવે બરાબર પરણે છે તો ફરી હીનદુ ઓની અવલાદ કેમ ઓછી થાઈ બલકે મુસલમાનો કરતા હીનદુઓ ની અવલાદ વધારે થવી જોઇએ કેમકે મુસલમાનો ઘણુ કરીને ઓરત, બચ્ચા ઘેર મુકી પરદેસો જાય છે જેથી તેઓની અવલાદ થતી તે મુદતમાં બંધ પડે છે. અને હીનદુઓ ઘણું કરી હમેસા ઘેર ઓરત બચ્ચા સાથે રહે છે જેથી તેઓની અવલાદ પણ વધારે થવી જોઇએ ફરી તા. ૨૨ઑકટોબર સને ૧૮૯૦ના કાસેદ મુંબાઇ છાપામાં તુર્કી ઇલાકો અલબાનીયામો ચાર હજાર કુટુંબ યાને ૧૬૦૦૦ ક્રીસ્તીયોનું મુસલમાન થવાનું લખેલું છે ફરી તા૦ ૧ આગસ્ટ સને ૧૮૯૦ના કાસેદ મુંબાઇ-

મો ઐરૂત ઇલાકામાં ૬૦ હજાર નસારીયા સેતાન પુજકોનું મુસલમાન થવાનું લખેલું છે ફરી તા૦ ૧૫ જમાદીલ અવલ સને ૧૩૧૦ના મં-સુરે મોહમમદીમો અલીગઢ ગેઝેટ ઉપરથી આફ્રીકામો વદાયાનું રાજ જેમા ૩૦ લાખ માણસોનું મુસલમાન થવાનું લખેલું છે ફરી માસ રજબ સને ૧૩૧૦ના તોહફએ મોહમમદીમો ચીન ઇલાકામાં તરણ કરોડ મુસલમાન થવાનું લખેલું છે અને એ બાબત [illegible] સમાચારમા પણ લંડના [illegible] પતરથી લખાઇલું છે. અને તા૦ ૧૩ મેહ. સને ૧૮૯૮ના જામેજમસેદ છાપામો એક રસીયાના [illegible] પાસોલીન અને એક ફરેન્ચ ગરંથ કરતા મુ૦ ડી૦ થીએરસટ [illegible] છે કે ચીનમાં બે કરોડ મોહમેદનોની વસ્તી છે અને [illegible] મોહટા પરમાણમાં વધે છે અને ચીન દેશ મોહમેદન વરસમા ફેરવાઇ જવા એ બનવા જોગ છે ફરી તા૦ ૩૦ સપટેમબર સને ૧૮૯૨ના કાસેદ મુંબાઇ છાપામા ઇસલતમબોલ ઇલાકામો ઘણા ક્રીસતીઓનું મુસલમાન થવાનું લખેલું છે અને એ સીવાએ બીજા મોહટા મોહટા યારૂપયાનો જેમકે તા૦ ૧૨ જુન સને ૧૮૯૨ના રાસત ગુફતાર છાપામો લીવરપુલ અને માનચીસટર અને ડબલીના અંગરેજોનું એક ટોલું તીયાંના એક મોહટા વિદ્વાન સોલીસીટર મી૦ કુવીલીયમ સાહેબના હાથપર મુસલમાન થવાનું અને તીયાં એક મસજીદ અને અંજુમન કાયમ થવાનું લખેલું છે તેમજ હાલ લંડન અને ગ્લાસગોમો એક એક મસજીદ બની તીયાં ઇસલામ જારી થયું છે. ફરી ફરેનચની પારલામેંટનો એક મોહટો મેમબર દાકટર અને એક પાદરી મી૦ ગલાસટને દીસનું મુસલમાન થવાનું અને પારીસમો એક મસજીદ બનાવાનું તેમજ રૂસયાના સેનપીટસબુરગમોં એક મસજીદ બનવાંનું તેમજ અસટરેલીયામો એક અંગરેજનું મી૦ કુવલયમ પર કાગળના મારેફત પોતાનું ઇસલામ જાહેર કરવું અને તીયાં એક મસજીદ બની ઇસલામ જારી થવાનું તેમજ અમેરીકાનનો એક મોહટો એલચી મી૦ અલેકઝંડર રસલ વેબ સાહેબનું મુસલમાન થઈ તેવણના હાતથી બીજા કેટલાક આમેરીકાનોનું મુસલમાન થવાનું મંસુરે મોહમદી અને તોહફએ મોહમદી વગેરેમો છપાએલું છે તેમજ ગયા તુરકી અને અરમનયાના જગડા પછી ઘણા અરમનયોનું મુસલમાન થવાનું તે વખતના રાસત ગુફતારમો છપાએલું છે. તેમજ એસયા માઇનરનો એક મોહટા ધીરીક ચરચનો બીસપ પાદરી અને તેની માંનું મુસલમાન થવાનું તેમજ જેપાનનો એક વીદવાનનું ઇસતમબોલમો મુસલમાન થઇ જેપાનમો ઇસલામ ફેલાવવાનું છપલા છાપાઓમા મોજુદ છે અને એ સેવાએ મોરીસ બીરએો મલગાસ નાટાળ ડામરેલા ફીયુબા જમાઇકા તરીનીડાડ ફીજી માલદીવ વગેરે જજીરાઓમા પણ જગયા જગયા મસજીદો બની તીયા ઇસલામ જારી થયું છે અને એ સેવાએ હીનદુસતાનમો પણ મોહટા મોહટા અંગરેજ અમલદારો જેમકે સેલાન ઇલાકાનો એક કલેટર મી૦ લેમીસુરર અને તેને સાથે મુંબાઇના આગલા ગવરનર સર રીચર્ડ ટેમપલની ચાણીજનું અને

સીકારપોરનો પોલીસ સુપરીટન મી૦ પેનટન અને કલકતામો એક મોહટા તેલી ગરાફ અફીસરનુ અને પંજાબમો એક મેહોટા ઈજનેરનુ અને બીજા ઘણા. અંગરેજોનુ તેમજ સીકંદરાબાદમો એક ટોલુ યુરેસીયાનોનું તેમજ મદરાસમો એક ટોલુ યુરેસીયાનોનુ મુસલમાન થવાનુ ઉપલા છાપાઓમાં જોઈ લીઓ અને હમેસા એ માફક થતા જાઇ છે તો હાલ એ લોકોપર તલવાર કોણ ચલાવે છે તેનો વીચાર કરસો તો ફરી તલવારના જોરથીજ ઇસલામનું ફેલવું કેહવું. ખોટુ સમજસો અને આખા દુનયામાં એક ફરેચ પોરોફેસર એમ બેરની તપાસ પરમાણે ૨૫૦૮૮૬૮૭૭ મુસલમાન હોવાનુ તા૦ ૨૨ જીલહેજ સને ૧૩૧૫ના પેસા અખબારમા સીરર ઇસલામ ઉપરથી લખે છે અને માસ અપરેલ સને ૧૮૯૨ ના પાદરીયોના સતયોદે અને જોગરાફીમા ૪૫૦૦૦૦૦૦૦ ક્રીસતી અને ૨૦૭૬૫૪૪૩૭ હીનદુ વેદયો અને ૧૪૧૬૦૭૯ જેન સરાગ અને ૧૯૦૭૮૩૭ સીખ અને ૧૨૫૦૦૦ પારસી અને ૮૦૦૦૦૦૦ યહુદી અને ૨૮૦૦૦૦૦૦૦ બુધીસ અને ૧૨૦૦૦૦૦૦૦ કોનફુતસી અને લાવતસી અને ૧૬૦૦૦૦૦૦૦ પરસ્તાણ આફરીકા અને દરીયાના જંગલીઓ વગેરેની જાતો છે જે સરવે મળી ૧૪૭૯૯૯૦૨૫૨ માણસની આસરે વસ્તી ગણાઇ છે.

૪૦ હવે આ મહારા સરવે લખાણથી ઇસલામી મજહબ ખરૂ થવાની ખાતરી તો સરવેને થઇજ જસે પણ જો કોઇને ખાતરી નહી થાઇ અને તેને ખરે રસતે ચાલવું મંજુરજ હોઇ તો એ બાબતમો હું તેઓને એક કાનફરાંસ મજહબોની ભરવાની ભલામણ કરૂં છું અને તે એવી નહી કે જેમ અમેરીકાના ચીકાગોમા અને તે પછી ઇંડીયામો અજમેરમા અને પછી લાહોરમા ભરાઇ હતી કેમકે તેમો કોઇ મજહબ ખરૂં ખોટું સમજાઇ તેમ નહી હતું કારણ કે તે કાનફરાસમો દરેકને પોતાનાજ મજહબની ખુબી બયાન કરવાનું અને બીજાના ધરમની બાબતમો કંઇ નહી બોલવાનું ઠેરયું હતું તો તેથી ફરી એવો કોણ હસે કે જે પોતાનાજ ધરમની બુરાઇ બયાન કરે જેમકે મે આંમો સરવેના ધરમના અકીદા લખયા છે અને તેમ તે લોકો ચાલે પણ છે જેથી સરવે કોઇ વાકેફ છે પણ જો એ સરવેને મોઢરા મોહ પુછસો તો એજ કેહસે કે અમો એક ખુદા નરંજ નરાકાર નેજ માનએ છઇએચ અને તેનીજ બંદગી કરએ છઇએચ અને અમો જુઠ ચોરી જીના ખુન વગેરેને બુરૂ માનએ છઇએ અને ખેરખેરાત વગેરેને સારૂ માનએ છઇએચ તો ફરી એમો કોણ ખોટો ખરો ઠરે પણ એતો જયાં સુધી એક બીજાના ધરમનો પાયો અને તેની ખામીયો અને તેમો મનાતી ચીજો અને તેના ચાલવાનું વખત જયાં સુધી નહી બતાવે તેયા સુધી કદી તેનું ખરૂં ખોટું સમજાઇ નહી દાખલા તરીકે અમારા માથી સરવે કોઇ મહારાણી સાહેબને માનવાનો દાવો કરે છે પણ જે કોઇ તેવણના એક પછી

એક આવતા ગવરનર સાહેબના બતાવેલા કાઇદા પરમાણે નહી
ચાલે અને પોતાની મરજી પરમાણે ચાલે અથવા તેથી આગલાજ
ગવરનરના કાયદાનેજ વળગી રહે તો તેનો મહારાણી સાહેબને માન
વાનો દાવો ખોટો થઇ તે બેસક ગુનેગાર કરી દેશનીકાલ થાઇ છે
તો એમજ ધરમને પણ સમજવું જોઇએ અને જેઓ ધરમની બા
બતમો એક બીજાને કઇ નહી કેહવાનુ ફુરસત સમજે છે તે તે
ઓની ભુલ છે કેમકે માણસને દુનયામો એક ખરા ધરમપર ચાલ
વા કરતા બીજુ કોઇ મોહટુ કામ નહી છે કે જેથી તેને આખેરતમો
હમેસાની નજાત મલવાની છે બલ્કે હાલના જમાનામો યુરોપ અને
આમેરીકાના લોકો દુનયાના મામલામો બંજા મુલખો કરતા ઘણા આ
કેલ દાના ગણાઇ છે તો તેઓએ પણ એજ વાત માને દુનયાના સરવે
ભાગોમાં મીસરાયો મોકલી બીજાઓના ધરમની ભુલો બતાવી પોતાના
ધરમનો બોધ આપવું પસંદ કરેલું છે તોજુ દુનયામો જેટલા ધરમ
છે તે કોઇ એકને માટે કે તેના બાપનું નથી પણ તે સરવે જગતને માટે
છે તો તેમાં સરવેને જે જેમા ભુલ હોઇ તે બોલવાનુ અને બતાવાનુ હક
છે પણ તેમો સંભાળ એટલીજ રાખવાની છે કે કોઇ વાત તે ધરમના
કોઇ લખાણને સેવાએ પોતાના દીલથી જોડીને નહી કેહવુ જેથી મા
ણસને ઘુસો નહી લાગે અને જો એમ માફેક દુનયામો એક બીજાને
ધરમની સમજુતી આપતા નહી આવતે તો લોકો એક મારગને ખોટો
અથવા મનસુખ નહી સમજી બીજા મારગપર આવતા નહી જતે પણ મે
આગળ લખી જણાવીયુ છે કે સરવે મજહબની એક મુદત યાને તેનુ સરૂ થવું
છે તો ફરી તેથી આગળ લોકો જેહવા હતા તેવાજ તે રહેવા જોઇતા હતા
પણ જેયારે સરૂથીજ એમ બદલાતા આવયા છે તો ફરી હમેસાજ એવી
રીતે તપાસ કરી લોકોને તેની સમજ પાડી બદલાવુજ જોઇએ અને એ
તપાસ કરવાને માટે હાલ કંઇ નવા સવાલ જવાબ કાનફરંસમો કરવાની
જરૂર નહી છે કેમકે તેમ કરવામો તે કદી ખલાસ થાય નહી અને
હમેસા નવા નવા સવાલ જવાબ કહાડા કરે પછી તે તેની કીતાબમો લખ્યા
હોઇ કે નહી હોઇ તેમ તેમો સલાહ પણ રહેની મુસકેલ પડે તો
એવી પણ કાનફરંસ નકામી છે અને આ પણ યાદ રાખવું કે જે
લખાણ પોતાના ઘરમો બેસી ધીરજથી વીચારીને પોતાના ધરમની
સચાવટમો અને બીજાના ધરમની રદમો લખાઇ છે તેવું કદી મોઘમ
મોહ વાદ વીવાદ મો થઇ સકે નહી તો એમ બાબતમો મોહટા મોહ
ટા ધરમો જેવું કે ઇસલામી અને ક્રીસ્તી અને હીન્દુ અને બુધદીસ
વગરે મજહબો વાલાઓએ એક બીજાના મુકાબલામો યાને રદમો તે
મણના પાદરીઓએ સારી સારી કીતાબો લખેલીયા છે તો એને માટે
એટલુજ કરવું જોઇએ કે દરેક મજહબ વાળાએ એક બીજાના રદ
મો બનાવેલી સારામો સારી બે બે ચાર ચાર કીતાબો અને ફરી તેના
અપાઇલા જવાબો તેમજ જે ધરમમો કોઇ કીતાબો બનેલી નહી
હોઇ તેઓને પાસે એજ માફેક એક બીજાના રદ અને તેના જવાબ બના
વાનો હુકમ કરી પછી એક મોહટી કાનફરંસ જેમો દરેક ધરમના

મોહટા મોહટા યોડા વીદવાનો અને બીજા યોડા હુસયાર મુસીફો જમે કરી અને બાજા સરવેને પણ તેમો આવી બેસવાની છુટ આ પવી અને તેમો ફકત તેજ કીતાબો જે રજુ કરેલીયો હોઇ તેના સવાલ જવાબ અને તેના જવાબોના જવાબ પણ હોઇ તે એક પછી એક કોઇ સારા મુકરર કરેલા આદમીસે વાંચી સમજાવે અને તેમો આપેલા દાખલાઓ પણ કીતાબોથી ખરા છે કે નહી તેની પણ તપાસ રાખે અને તે પછી કોના સવાલ અને જવાબ ખરા અને ખોટા છે અને કોણ લાજવાબ થએલા છે તે સરવે સાંભળી મુનસેફો અને વીદવાનોએ વીચાર કરી વધુ મતે પસાર કરી લોકોમા જાહેર કરી આપે તો જરૂર એમો કયુ મજહબ ખરૂ અને ખોટુ છે તે સરવેને ખુલ્લી રીતે માલમ થઇ ખરા ધરમપર ચાલવાનો અને ધરમના ઝગડાથી બચવાનો અને તેથી તેઓની નજાત પામવાનો રસતો મલશે અને હુ એ બાબતમો સરવેને ખાતરીથી કહુછુ કે કોઇ મજહબવાળા ઇસલામપર ગાલેબ નહી થશે પણ ઇસલામજ સરવે પર ગાલેબ છે અને થશે એમ હુ ઉપલી સરવે મજહબોની વાદ વીવાદની કીતાબોથી વાકેફ થઇ ચુકયો છું અને તેમ સરવેને પણ છેલા ભલામણ એજ કરૂ છુ કે જો ઉપલો સરવે બંધો બસત નહી થઇ સકે તો તમારા ઘરમો બેસી એક બીજાના ધરમની વાદ વીવાદની બનેલી કીતાબોને દીલમો ઇનસાફ રાખીને જુવો તો જરૂર તમોને એક બાજુ મજહબ જણાઇ જસે અને એમ નહી જોવાથી અને ફકત પોતાનાજ ધરમની કીતાબો જોવાથી કોઇ હકાકે ખરો રસતો સમજી શકવાના નહી જેમકે દરેકના દાવાનું સોનુ કસોટીપર ચડયાથીજ મુકાબલાપર તેનો કસ માલમ પડે છે અને એ વગર ગમે તેવું ચહડતુ કહયા કરવાથી તે કદી થઇ સકેજ નહી પણ ગીલીટ કે પીતલજ તેના હાતમો કોઇ વખત રહેલુ હસે જે સોના વગર તદનજ ખોટુ છે અને નાહક તેને ખરૂ સમજી પોતાની આસ અને ઉમર ખોવુ છે

હવે આખરેથીજ હુ આ કીતાબને પુરી કરી ખુદા તઆલાને પાસે દુઆ માગુ છુ કે એ માલેકી મુલક મારો અને સરવે જહાનનો પેદા કરનાર મે આ કીતાબને તારી આપેલી અકલથી સોચ અને વીચાર કરી કરીને મારી સમજ પરમાણે એક પછી એક નકલ બાતેલ કરી પાંચ વરસે તઇયાર કરી છે માટે અગર કઇ મારી એમો ભુલ ચુક થઇ હોઇ તેમને માફ કર અને એને તારી જનાબમો કબુલ કર અને એને તારા બંદાઓના કબુલ કરાવી એનેથી ગુમરાહ લોકોને હીદાયત આપી તારી તાબેદારીનો ખરો રસતો દખાડ અને તારા છેલા પેગમબર સયદના મોહમમદ સલલલાહો અલેહે વસલલમની ઉંમતમો દાખેલ કરી તારા ખરા રસતાપર કાયમ રાખ અને મારા જે કઇ ગુના હોઇ તે માફ કરી આખરદમ ઇમાનથી લઇ છેલે દહાડે તારા હબીબ હજરત મોહમમદ સલલલાહો અલેહે વસલલમની મારા દીની ભાઇયોને સાથે સફાયત નસીબ કરજો અને એનેથી જે દીની ફાઇદો લોકોને થાઇ તેનો સવાબ કુલ ઉમમતે મોહમમદીને બખસ જો આમીન આમીન આમીન યારબલ આલમીન